# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
ઓસ્કર દ્વારા દીપિકાનાં પાત્ર નૈનાને લગતી પોસ્ટથી ચાહકો ખુશ થયા....





પેજ-09
વૈભવ સૂર્યવંશીનો સપાટો: 7 સિક્સર, 7 ચોગ્ગા સાથે 92 રન....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 26.00 |
| વડોદરા | 33.00 | 26.00 |
| સુરત | 31.00 | 26.00 |


પેજ 5 Whirlpool વર્લપૂલ દ્વારા 360° ટ્રિપલ કૂલિંગ ટેક્નોલોજીથી સજ્જ પ્રીમિયમ....



01 SEPTEMBER-2026 TUESDAY





ટોરોન્ટોમાં આરએસએસ પ્રમુખનું ધારદાર નિવેદન.... પેજ 10


**.....સુવિચાર.....**
ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!


વર્ષ-15 । અંક-288 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ વદ -4 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# નેપાળ દુર્ઘટનામાં 39 દેશોના લગભગ 590 વિદેશી નાગરિકો હજુ પણ ગુમ





**(એજન્સી) નવી દિલ્હી | તા.31**

નેપાળમાં અચાનક આવેલા પૂરના કારણે હજારો ઘરો ધોવાઈ ગયા છે. રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. નેપાળની સાથે ભારત, ચીન અને અન્ય ઘણા દેશોની એજન્સીઓ રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. નેપાળમાં અચાનક આવેલા પૂરના કારણે લોકો બેઘર થઈ ગયા છે. ગુમ થયેલા લોકોને શોધવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. નેપાળના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તાજેતરના વિનાશક પૂરથી પ્રભાવિત વિસ્તારોમાંથી 323 થી વધુ વિદેશી નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે ઉપલબ્ધ ડેટા મુજબ, 39 દેશોના લગભગ 590 વિદેશી નાગરિકો હજુ પણ ગુમ છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે સરકાર પડોશી દેશો અને આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે સતત સંપર્ક અને સંકલન જાળવી રહી છે.

### ઘણા દેશોમાંથી રાહત અને બચાવ સામગ્રી મળી રહી છે


વિદેશ મંત્રાલયે કહ્યું કે નેપાળને ભારત, ચીન, જાપાન, અમેરિકા, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ), દક્ષિણ કોરિયા અને અન્ય દેશો અને ભાગીદારો તરફથી બચાવ અને રાહત માટે મહત્વપૂર્ણ સહાય મળી છે. આ સહાયમાં બ્રિજ યુનિટ, ફ્રીઝર, જનરેટર સેટ, સોલાર લેમ્પ, ડીએનએ ટેસ્ટિંગ કીટ, કટોકટી રાહત સાધનો, તંબુ, ધાબળા, સ્લીપિંગ બેગ, ખાદ્યપદાર્થો અને દવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

**સૈન્યને નિયંત્રણ લેવાની સત્તા | રાષ્ટ્રપતિની મંજૂરી વિના સેના કાર્યવાહી કરી શકે છે**

# ચીનના લશ્કરી નિયમોમાં મોટો ફેરફાર

**(એજન્સી) ચીન | તા.31**

ચીને તેના લશ્કરી નિયમોમાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. સૈન્ય હવે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના બદલો લેવાની કાર્યવાહી કરી શકે છે. વધુમાં, યુદ્ધ દરમિયાન સૈન્યને સમગ્ર દેશનો નિયંત્રણ લેવાની સત્તા આપવામાં આવી છે.ચીને સૈનિકોની તૈનાતી અંગે નવા નિયમો જારી કર્યા છે. આ નિયમો હેઠળ, સૈન્યને હવે કોઈપણ દેશ સામે બદલો લેવાની કાર્યવાહી શરૂ કરવા માટે રાષ્ટ્રપતિની મંજૂરીની જરૂર રહેશે નહીં; લશ્કરી અધિકારીઓ પોતાની વિવેકબુદ્ધિથી હુમલો કરવાનો નિર્ણય લઈ શકે છે. આ મોટો ફેરફાર તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સ સાથે સંભવિત સંઘર્ષની આશંકા વચ્ચે આવ્યો છે. ચીનના રાજ્ય મીડિયા અનુસાર, નવા કાયદા 1 ઓક્ટોબરથી અમલમાં આવશે.



### ચીને 16 વર્ષ પછી સૈનિકોની તૈનાતી પર એક નવો કાયદો ઘડ્યો

ચીને 16 વર્ષ પછી સૈનિકોની તૈનાતી પર એક નવો કાયદો ઘડ્યો છે. 82 કલમો ધરાવતો આ કાયદો રાષ્ટ્રપતિ, લશ્કરી વડા અને ફ્રન્ટ લાઇન પર તૈનાત સૈનિકોની ભૂમિકાઓનું વિગતવાર વર્ણન કરે છે.રાષ્ટ્રપતિની પરવાનગીની જરૂર નથી, નવા તૈનાતી કાયદા હેઠળ, સૈન્યને હવે કોઈપણ રાષ્ટ્ર સામે બદલો લેવાની કાર્યવાહી માટે રાષ્ટ્રપતિની મંજૂરી લેવાની જરૂર નથી. પહેલાં, રાષ્ટ્રપતિને એક યોજના સુપરત કરવી પડતી હતી, અને કોઈપણ બદલો લેવાની કાર્યવાહી કરતા પહેલા મંજૂરી જરૂરી હતી.

**નિયંત્રણ લાગુ કરવાનો અધિકાર |** વધુમાં, લશ્કરને નકલી સમાચારના ફેલાવાને રોકવા માટે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકવાનો સંપૂર્ણ અધિકાર હશે. જો કે, ચીને સૈન્ય માટે ભરતીની ઉંમરમાં કોઈ ફેરફાર કર્યો નથી. જો કે, નવા નિયમોમાં જણાવાયું છે કે યુદ્ધ રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલા વ્યક્તિઓને સૈન્યમાં ભરતી કરી શકાતી નથી; દરમિયાન, બદલો લેવાની કાર્યવાહી દરમિયાન, સૈન્યને સમગ્ર ચીનમાં પરિવહન, દૂરસંચાર, માહિતી નેટવર્ક, ઊર્જા, આરોગ્યસંભાળ, ખાદ્ય પુરવઠો અને વાણિજ્ય પર નિયંત્રણ લાગુ કરવાનો અધિકાર હશે.



### સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાનો અધિકાર

ચીની સરકાર અને સૈન્ય સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી શકે છે. નાગરિકોને વિવાદાસ્પદ પોસ્ટ શેર કરવાનો અધિકાર રહેશે નહીં; સૈન્યને આવી પોસ્ટ્સ નકલી ગણીને કાર્યવાહી કરવાનો અધિકાર હશે.જો કે, ચીને સૈન્ય માટે ભરતીની ઉંમરમાં કોઈ ફેરફાર કર્યો નથી. જો કે, નવા નિયમોમાં જણાવાયું છે કે યુદ્ધ રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલા વ્યક્તિઓને સૈન્યમાં ભરતી કરી શકાતી નથી; દરમિયાન, બદલો લેવાની કાર્યવાહી દરમિયાન, સૈન્યને સમગ્ર ચીનમાં પરિવહન, દૂરસંચાર, માહિતી નેટવર્ક, ઊર્જા, આરોગ્યસંભાળ, ખાદ્ય પુરવઠો અને વાણિજ્ય પર નિયંત્રણ લાગુ કરવાનો અધિકાર હશે.

# એઆઈ પહોંચશે સુપરહ્યુમન ક્ષમતાએ



2027 સુધીમાં AI 'સુપરહ્યુમન' ક્ષમતા સુધી પહોંચશે

**(એજન્સી) નવી દિલ્હી | તા.31**

એલોન મસ્ક માને છે કે AI ઝડપથી માનવ ક્ષમતાઓને વટાવી રહ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે આવતા વર્ષના અંત સુધીમાં, AI ડિજિટલ કાર્યોમાં સુપરહ્યુમન પ્રદર્શનના સ્તર સુધી પહોંચી શકે છે.એલોન મસ્કએ કૃત્રિમ બુદ્ધિમત્તા અંગે એક મહત્વપૂર્ણ દાવો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે આવતા વર્ષના અંત સુધીમાં, AI ડિજિટલ ક્ષેત્રમાં માનવો કરતાં ઘણી સારી રીતે કાર્યો કરી શકશે. મસ્કે આને 'સુપરહ્યુમન' ક્ષમતા તરીકે વર્ણવ્યું હતું. જો કે, તેમના મતે, આ ક્ષમતા મુખ્યત્વે ડિજિટલ કાર્યો સુધી યાદિત રહેશે. તેમનું નિવેદન AI એજન્ટોની વધતી જતી ક્ષમતાઓ અને સાયબર સુરક્ષા સંબંધિત તાજેતરની ઘટનાઓ વચ્ચે આવ્યું છે.

# ભારતનો GDP દર 7.8 ટકા નોંધાયો

**(એજન્સી) નવી દિલ્હી | તા.31**

અમેરિકા-ઈરાનનું યુદ્ધ પણ ભારતીય અર્થતંત્રની ઝડપને રોકી શક્યું નથી અને તેનું ઉદાહરણ છે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં GDP ગ્રોથ રેટના આંકડા. આજે સોમવારે જાહેર કરવામાં આવેલા India GDP Growth Data પર નજર કરીએ, તો ઈકોનોમીમાં 7.8 ટકાની ઝડપથી આગળ વધી છે. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના જણાવ્યા મુજબ, FY2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની રિયલ GDP ગ્રોથ 7.8% નોંધાયો છે. તો બીજી તરફ, નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નોમિનલ GDPમાં 10.3 ટકા રહ્યું છે.

# ઈરાન સંઘર્ષ પછી પહેલી વાર PM અને મસૂદ પેઝેશ્કિયાન મળ્યા

**(એજન્સી) બિશ્કેક | તા.31**

સંઘર્ષ શરૂ થયા પછી પીએમ મોદી અને મસૂદ પેઝેશ્કિયાન વચ્ચે આ પહેલી મુલાકાત છે; આ મુલાકાત કિર્ગિસ્તાનમાં SCO સમિટ દરમિયાન થઈ હતી. પીએમ મોદીએ વારંવાર કહ્યું છે કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષનો ઉકેલ સંવાદ અને રાજદ્વારી દ્વારા લાવવો જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી SCO સમિટ માટે કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકની મુલાકાત લઈ રહ્યા છે. ત્યાં તેમણે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે મુલાકાત કરી. ફેબ્રુઆરીમાં ઈરાન અને અમેરિકા વચ્ચે સંઘર્ષ શરૂ થયા પછી બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત છે. જોકે, બંને નેતાઓ વચ્ચે કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ તે હજુ સુધી સ્પષ્ટ નથી. આ બેઠક અંગે કોઈ પણ પક્ષે અત્યાર સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કર્યું નથી.




# ખંભાળિયા ખાતે ઈસુદાન ગઢવીના નેતૃત્વમાં ચાલતા 'દુષ્કાળ જાહેર કરો' સત્યાગ્રહમાં ગોપાલ ઈટાલિયા ઉપસ્થિત રહેશે

અમદાવાદ | આમ આદમી પાર્ટીના મુખ્ય પ્રવક્તા અને સંગઠન મંત્રી ડો. કરન બારોટે જણાવ્યુ હતું કે, અમદાવાદના વસ્ત્રાપુર લેક ખાતે બુક રીડિંગ સેશનમાં જે પણ ઘટના ઘટી છે, તે સમગ્ર ગુજરાત માટે શરમજનક ઘટના છે. આજે જ્યારે યુવાનો, જેન-જી (Gen-Z) અને જાગૃત નાગરિકો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરે છે, તે પણ એટલા માટે કે આપણી બંધારણીય લોકશાહી આપણને બોલવાની, પૂછવાની અને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાની શક્તિ, હક અને અધિકાર આપે છે.તમે કોઈ વસ્તુ સાથે અસહમત હોય તો તમે ડિબેટ કરી શકો છો, પૂછી શકો છો. પરંતુ ત્યાં જઈને તમે દંડા અને લાકડીઓ વડે એમને મારો, એ કેટલા પ્રમાણમાં યોગ્ય છે? આજે જ્યારે વિરોધ પક્ષના નેતાઓ કોઈ પણ જગ્યાએ આંદોલન કરતા હોય કે પ્રોટેસ્ટ (વિરોધ) કરતા હોય, તો પોલીસની ચાર-ચાર ગાડીઓ આવે છે અને દસ-પંદર મિનિટમાં તો આખો એરિયા સાફ કરી



દેવામાં આવે છે. પોલીસ સ્ટેશનમાં એમના ઉપર એફ.આઈ.આર. (FIR) થઈ જાય છે. પરંતુ જ્યારે આવી ઘટના ઘટે છે અને આ યુવાનોને મારવામાં આવે છે, છતાં પણ જે મારવાવાળા છે એમને પોલીસ સ્ટેશનમાં લઇ જવામાં નથી આવતા.આજે ગુજરાતમાં સરકાર એક તરફ યુવાસંવાદ કરી રહી છે, જેન-જી સંવાદ કરી રહી છે અને બીજી તરફ આજે યુવાનો પર, જેન-જી પર દંડા મારવામાં આવે છે; પરંતુ કોઈ બોલવા માટે તૈયાર નથી. પરંતુ હવે ગુજરાતના યુવાનો જાગૃત થયા છે. જેવી રીતે જંતર મંતર પર થયું હતું, હવે જો યુવાનો કે જેન-જી પર આવી ફરીથી કોઈ ઘટના ઘટશે તો મને લાગે છે કે સરકારે તૈયાર રહેવું જોઈએ, કારણ કે તમામ યુવાનો રસ્તા પર ઉતરી જશે.ડો.કરન બારોટે વધુમાં જણાવ્યુ હતુ કે આજે જ્યારે વિરોધ પક્ષના નેતા ચૈતરભાઈ વસાવા ઉપર ગ્લાસ મારવાનો આરોપ લગાવવામાં આવે છે ત્યારે એમના ઉપર એફ.આઈ.આર. થાય છે, અને આ લોકોએ જે હિંસા કરવાની હિંમત કરી છે એમના ઉપર જે એફ.આઈ.આર. થાય છે, એ બંને વચ્ચે શું તફાવત છે, તે સરકારે જાતે તપાસવું જોઈએ.આજે અમને ગર્વ છે કે જ્યારે આ યુવાનોને પોલીસ સ્ટેશન લઈ ગયા, ત્યારે આ તમામ યુવાનોને જે લીગલ હેલ્પની જરૂર હતી, તે રાતે બે વાગ્યા સુધી આમ આદમી પાર્ટીની ટીમે પૂરી પાડી છે. ઓમભાઈ કોટવાલ, પ્રણવભાઈ ઠક્કર અને દિવ્યેશભાઈ આ તમામ લોકોએ યુવાનોને લીગલ હેલ્પ આપવાનું કામ કર્યું છે. તમામ યુવાનોને જે હેલ્પની જરૂર હતી, તે રાતે આમ આદમી પાર્ટીએ પૂરી પાડી છે.આજે આ જે તમામ ઘટના ઘટી, તેના વિરોધમાં આમ આદમી પાર્ટી દ્વારા પ્રદેશ કાર્યાલય ખાતે હનુમાન દાદાની સંધ્યા આરતી કરી પ્રાર્થના કરવામાં આવશે કે ભગવાન સૌને સદબુદ્ધિ આપે. એટલા માટે કે આજે વિરોધ કરવો એ દરેક નાગરિકનો હક અને અધિકાર છે, તેના માટે દંડા કે લાકડીઓ ન મારવી જોઈએ. એટલે આજે આમ આદમી પાર્ટી દ્વારા હનુમાન દાદાને પ્રાર્થના કરવામાં આવશે.

## રાજપીપલા થી અમદાવાદ(નહેરુ નગર ) ની વોલ્વો બસ શરુ કરવા લોકમાંગ

સત્યવલંબ બારોટ

રાજપીપલા | નર્મદા જિલ્લા મથક રાજપીપલા થી અમદાવાદ ના નહેરુ નગર સુધી ની વોલ્વો બસ શરુ કરવા લોકમાંગ ઉઠવા પામી છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા એસ. ટી. ડેપો થી વડોદરા, સુરત , અમદાવાદ , જૂનાગઢ જેવા શહેરો ની એસ. ટી. બસ સુવિધાઓ હાલ માં મળી રહે છે પરંતુ જિલ્લાની સ્થાપના પહેલા અને સ્થાપના ના 25 વર્ષ બાદ પણ મુસાફર જનતા ની સુવિધા માટે લક્ઝરી બસ કે હવે વોલ્વો બસ ની સુવિધા હજુ મળી નથી . રાજપીપલા થી અમદાવાદ ખરીદી કરવા વેપારીઓ ને અમદાવાદ જવું પડે છે તેમજ સરકારી કર્મચારીઓઅને અધિકારીઓ તેમજ સામાન્ય પ્રજા ને ગાંધીનગર જવાનું હોય કે લગ્નપ્રસંગે જવાનું હોય ત્યારે. ખાનગી વાહનો ને બદલે જો વોલ્વો બસ સુવિધા હોય તો સાનુકૂળ રહે . આ માટે વેપારી મંડળે પણ આવેદનપત્ર આપ્યું હતું અને ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે પણ સરકાર માં રજુઆત કરી હતી . પણ વાહનવ્યવહાર મંત્રી તેમજ GSRTC ના અધિકારીઓ ને રાજપીપલા પ્રત્યે ઓરમાયું વર્તન હોય તેમ વોલ્વો ની માંગણી સંતોષાતી નથી . ત્યારે લોકલાગણી છે કે રાજપીપલા ના ધારાસભ્ય તેમજ જિલ્લા કલેકટર સહિયારો પ્રયાસ કરી રાજપીપલા ને વોલ્વો બસ સેવા ની ભેટ અપાવે .

## વસ્ત્રાપુર લેક ખાતે બુક રીડિંગ સેશનમાં થયેલા વિવાદ અને અત્યાચાર વિરુદ્ધ આપ દ્વારા સંધ્યા આરતી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આવતીકાલે ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ હું ખંભાળિયા ખાતે ઈસુદાનભાઈ ગઢવીના નેતૃત્વમાં ચાલતા 'દુષ્કાળ જાહેર કરો' સત્યાગ્રહમાં હાજરી આપવાનો છું. વિસાવદરના ખેડૂતો અને આગેવાનો સાથે મળીને અમે સૌ આ સત્યાગ્રહને પૂર્ણ સમર્થન આપવા અને ખેડૂતોની લડાઈમાં આપણું યોગદાન આપવા માટે સવારે ૧૧ વાગ્યા આસપાસ ત્યાં પહોંચીશું. ઈસુદાન ગઢવીએ વર્ષોથી ખેડૂતો માટે અવાજ ઉઠાવ્યો છે. તેઓ જ્યારે મીડિયામાં હતા ત્યારે પણ પત્રકારત્વના માધ્યમથી લડતા હતા અને રાજનીતિમાં આવ્યા બાદ પણ સતત ખેડૂતો માટે લડી રહ્યા છે.'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું



કે, આ વખતે સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વરસાદ નહિવત થયો હોવાથી આવનારા દિવસોમાં ખેડૂતો, પશુપાલકો અને ખેતમજૂરોને ભારે તકલીફનો સામનો કરવો પડશે. ખેડૂતોએ બિયારણ, ખાતર, પાણી અને મજૂરી પાછળ કરેલો મૂળ ખર્ચ પણ નીકળે તેમ નથી, જ્યારે બીજી તરફ વરસાદના અભાવે ખેતમજૂરોની રોજગારી છીનવાઈ છે અને પશુઓ માટે ઘાસચારાની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. ખેતી સાથે સંકળાયેલા આ ત્રણેય વર્ગોની તકલીફનું એક જ નિવારણ છે કે સરકાર ત્વરિત દુષ્કાળ જાહેર કરે અને તેના આધારે રાહત સહાય પૂરી પાડે. આ ન્યાયિક માંગણી સાથે બેઠેલા ઈસુદાન ગઢવીને સમર્થન આપવા વિસાવદર, ભેસાણ અને જૂનાગઢની ટીમ સાથે અમે ખંભાળિયા પહોંચી રહ્યા છીએ અને સમગ્ર ગુજરાત પણ તેમની સાથે જોડાય તેવી લાગણી વ્યક્ત કરીએ છીએ.

## દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર ઉપરાંત મહિસાગર, નર્મદા, પંચમહાલ અને રાજકોટથી ખેડૂતોનો જનસહયોગ મળ્યો : ઈસુદાન

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા ઈસુદાન ગઢવીના અચોક્કસ મુદતના ધરણાનો દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા ખાતે આજે ત્રીજો દિવસ છે, જેમાં વિશાળ સંખ્યામાં ખેડૂતો સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચ્યા છે. દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર જિલ્લાઓ ઉપરાંત મહિસાગર, નર્મદા, પંચમહાલ, ભરૂચ, અમરેલી અને રાજકોટ તરફથી પણ મોટી સંખ્યામાં ખેડૂતો સમર્થન આપવા છાવણી સ્થળે પહોંચ્યા છે. તમામ ખેડૂતોની એક જ માગ છે કે સરકાર ત્વરિત દુષ્કાળની જાહેરાત કરે. આ અંગે ઈસુદાન ગઢવીએ સરકારને અપીલ કરતા



જણાવ્યું હતું કે, બુધવારે યોજાનારી કેબિનેટ મીટિંગમાં સરકાર સારો નિર્ણય કરી તુરંત સમગ્ર વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે અને ખેડૂતોના ખાતામાં સહાયની રકમ જમા કરે. અત્યાર સુધી જો યોગ્ય વરસાદ થયો હોત તો ખેડૂતો શિયાળુ અને ઉનાળુ પાક પણ લઈ શકતા, પરંતુ આ વખતે ચોમાસું પાક પણ નિષ્ફળ ગયો છે. પાણી ન હોવાને કારણે શિયાળુ કે ઉનાળુ પાક લેવાની તો વાત જ નથી, જેના કારણે આવનારા દિવસોમાં ખેડૂતોની હાલત ખૂબ દયનીય બની જશે. સરકારે જ્યાં પણ પાણી છોડવાની જાહેરાત કરી છે, ત્યાં હજુ સુધી પાણી નથી છોડાયું, માટે તુરંત પાણી છોડવામાં આવે અને દુષ્કાળની ઘોષણા કરવામાં આવે તેવી માગ છે. સૌરાષ્ટ્રમાં વરસાદની તંગીથી પરેશાન ખેડૂતો માટે ખંભાળિયા તાલુકાના જુવાનગઢ ગામે વરુણદેવને રીઝવવા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આપ નેતા ઈસુદાન ગઢવી અને પ્રવીણ રામે હાજરી આપી હતી. વરસાદ માટે ગ્રામજનો દ્વારા કરવામાં આવેલી આ પ્રાર્થના અને હવનમાં ઈસુદાન ગઢવી સહભાગી બન્યા હતા અને ભગવાન ખેડૂતો સામે જુએ તથા સારો વરસાદ આપે તેવી પ્રાર્થના કરી હતી.

## કચરો સાફ કરવામાં નિષ્ફળ SMC હવે સુરતની લાખો મહિલાઓની રોજગારી છીનવી રહી છે: મનોજ સોરઠિયા



હોટફિક્સના નાના યુનિટો અને વેપારીઓનો માલ-સામાન સીઝ કરી જપ્ત કરવાની પાલિકાની કામગીરી પર 'આપ' પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાના ઉગ્ર પ્રહાર

સુરત | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, ભાજપના શાસકોની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે અથવા તેઓ સત્તાના નશામાં અંધ બની ગયા છે. સુરતની અંદર હોટફિક્સના કચરાની સફાઈ કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલા ભાજપ શાસકો હવે સુરતની અસંખ્ય મહિલાઓ કે જેઓ હોટફિક્સના નાના-નાના યુનિટો ચલાવે છે અને તેમાં કામ કરે છે, તેમની રોજગારી છીનવી લેવાનું કામ કરવા જઈ રહ્યા છે. સુરતમાં જ્યારે મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટી મુખ્ય વિપક્ષ તરીકે હતી, ત્યારે મનપામાં રજૂઆતો કરીને કચરાનો રોજેરોજ નિકાલ કરાવતી હતી. પરંતુ આજે ભાજપ તંત્ર કચરો સાફ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું છે અને હવે હોટફિક્સના નાના યુનિટો તથા સામાન સપ્લાય કરતા વેપારીઓના ગોડાઉનો અને કારખાનાઓમાંથી સામાન જપ્ત અને સીઝ કરવાનું કામ કરી રહ્યું છે.'આપ' નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે સુરતની અંદર સફાઈ કરવાની પ્રાથમિક જવાબદારી મહાનગરપાલિકાની છે. અહીં ચાલતા ગૃહ ઉદ્યોગો મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનું કામ કરે છે, ત્યારે ભાજપ સરકાર લોકોની રોજીરોટી છીનવી રહી છે. સરકારની મંજૂરી આપ્યા પછી જ જો આ હોટફિક્સનો સામાન બહારથી ઈમ્પોર્ટ થઈને ભારતમાં આવે છે, તો તંત્ર તેને રોકી શકતું નથી અને અહીં નાના વેપારીઓ પર અત્યાચાર કરે છે. સુરતના લોકોની તમામ પીડાઓ અને સમસ્યાઓનું મૂળ કારણ માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટી જ છે. ભાજપ શાસકો આ તમામ નાટકો બંધ કરે અને સુરત શહેરમાં કચરો ઉપાડવાની તાત્કાલિક શરૂઆત કરે. જો આ રીતે સામાન્ય અને ગરીબ લોકોના રોજગાર છીનવવાનું કામ કરવામાં આવશે, તો સુરતની જનતા ભાજપના શાસકોને ક્યારેય માફ નહીં કરે.

## સુરતમાં નાના વેપારીઓનો ધંધો બંધ કરાવવા પહોંચેલા SMC અધિકારીઓ સામે AAP નેતાઓનો વિરોધ

સુરત | સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ નાના ઉદ્યોગો અને વેપારીઓના ધંધા બંધ કરાવવા પહોંચ્યા હતા, ત્યારે વેપારીઓના બચાવમાં આમ આદમી પાર્ટીના નેતાઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આમ આદમી પાર્ટીના નેતાઓએ અધિકારીઓને ધંધા બંધ કરાવવાને બદલે શહેરમાંથી કચરાના નિકાલ અને સફાઈ પર ધ્યાન આપવાની રજૂઆત કરી હતી. મામલો વકરતા SMC દ્વારા પોલીસને બોલાવવામાં આવી હતી, ત્યારબાદ પૂણા પોલીસે AAP નેતાઓની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. AAP પ્રદેશ ઉપાધ્યક્ષ રામભાઈ ધડુક, પ્રદેશ સંગઠન મંત્રી અને કોર્પોરેટર ધર્મેશ ભંડેરી, વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણી, પૂર્વ કોર્પોરેટરો મહેશ અણઘણ, વિપુલ સુહાગીયા, કોર્પોરેટર રચના હિરપરા, અસ્મિતા



ધોરાજીયા સહિત અનેક આગેવાની પોલીસે અટકાયત કરી હતી. આ મામલે AAP સુરતના કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરીએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારથી શહેરનો કચરો સાફ થતો નથી અને હવે ભાજપ સરકારના ઈશારે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ કાયદેસર વેપાર કરતા નાના વેપારીઓનો માલ જપ્ત કરવા પહોંચી ગયા છે. જે વેપારીઓએ કસ્ટમ ડ્યુટી ભરીને અને તમામ કાયદેસરના બિલ રાખીને માલ મંગાવ્યો છે, તેમનો માલ ક્યા કારણે જપ્ત કરવામાં આવી રહ્યો છે તેનો જવાબ અધિકારીઓ આપી શકતા નથી. જો કસ્ટમ ઓફિસરે ડ્યુટી અને ટેક્સ લઈ લીધો હોય તો SMC ના અધિકારીઓએ વેપારીઓને હેરાન કરવાના બદલે કસ્ટમ વિભાગને પૂછવું જોઈએ. અત્યારે લાખો રૂપિયાના પગાર લેતા SMC ના અધિકારીઓ, કર્મચારીઓ અને પોલીસ તંત્ર મહિનાના માંડ ૩૦ હજાર રૂપિયા કમાઈને ગુજરાન ચલાવતા સામાન્ય માણસનો ધંધો બંધ કરાવવા નીકળ્યા છે. શહેરમાં વધતી બેરોજગારી અને ગુનાખોરી ડામવાની પોતાની મૂળ ફરજ નિભાવવાના બદલે પોલીસ મિત્રો ભાજપ સરકારની ગુલામી કરી રહ્યા છે. અધિકારીઓ અને પોલીસે આ ગુલામીમાંથી બહાર આવવાની જરૂર છે. વર્ષો પહેલા જેમ લોકો અંગ્રેજોની ગુલામી કરતા હતા, તેવી જ રીતે અત્યારે તંત્ર વર્તી રહ્યું છે અને સામાન્ય જનતા પર અત્યાચાર કરનારા આવા અધિકારીઓને આવનારી પેઢી તેમજ ઈતિહાસ ક્યારેય માફ નહીં કરે.આમ આદમી પાર્ટી વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણીએ મનપા અને પોલીસ અધિકારીઓ સામે વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે, મારી સાથે આમ આદમી પાર્ટીના નેતાઓ રામભાઈ ધડુક, કોર્પોરેટર ધર્મેશભાઈ ભંડેરી, રચનાબેન હીરપરા, પૂર્વ કોર્પોરેટરો મહેશભાઈ અણઘણ, વિપુલભાઈ સુહાગીયા તેમજ તુલસીભાઈ અને ભાનુભાઈ સહિતના આગેવાનો સ્થળ પર હાજર છે.

## News Brief

### સ્વાઈન ફ્લૂના કેસમાં સતત ઉછાળો

ગાંધીનગર | ગાંધીનગર શહેરમાં રોગચાળાની વણસેલી પરિસ્થિતિ વચ્ચે સ્વાઈન ફ્લૂના કેસોમાં સતત થઈ રહેલા વધારાને પગલે આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. અગાઉ 30 અઠવાડિયાનો ગર્ભ ધરાવતી 27 વર્ષીય સગર્ભા મહિલા અને અજમેરથી પ્રવાસ કરીને પરત ફરેલા 33 વર્ષીય યુવકનો સ્વાઈન ફ્લૂ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ હવે વધુ 1 દર્દી આ ઝેરી વાયરસની ઝપેટમાં આવી ગયો છે. ગાંધીનગર નજીક આવેલા લવારપુર ગામના 77 વર્ષીય વૃદ્ધમાં સ્વાઈન ફ્લૂના લક્ષણો જણાતાં તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ચિંતા અને ભયનો માહોલ સર્જાયો છે.

આરોગ્ય વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, લવારપુર ગામના 77 વર્ષીય વૃદ્ધ છેલ્લા પાંચેક દિવસથી સતત શરદી, ઉધરસ અને તીવ્ર તાવ જેવી ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા હતા. સ્થાનિક સ્તરે પ્રાથમિક તબીબી સારવાર આપવા છતાં તેમની તબિયતમાં કોઈ નોંધપાત્ર સુધારો જોવા ન મળતાં પરિજનોની ચિંતામાં વધારો થયો હતો. જેથી 29 ઓગસ્ટના રોજ તેમને વધુ તબીબી તપાસ માટે ખસેડવામાં આવ્યા હતા અને સેક્ટર 16 સ્થિત સરકારી લેબોરેટરીમાં તેમના સેમ્પલ મોકલી સ્વાઈન ફ્લૂની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી હતી.

લેબોરેટરીમાંથી આવેલા સત્તાવાર રિપોર્ટમાં વૃદ્ધ દર્દી સ્વાઈન ફ્લૂથી સંક્રમિત હોવાનું નિદાન થતાં જ આરોગ્ય વિભાગ તાત્કાલિક એક્શનમાં આવી ગયું હતું. દર્દીની 77 વર્ષની મોટી ઉંમર અને તેમની નાજુક શારીરિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને તાબડતોબ 'ઘ-1.5' સર્કલ પાસે આવેલી એક અદ્યતન ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા તેમના સ્વાસ્થ્ય પર ચોવીસે કલાક સઘન દેખરેખ રાખવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ 30 અઠવાડિયાનો ગર્ભ ધરાવતી 27 વર્ષીય સગર્ભા મહિલા અને અજમેરથી યાત્રા કરીને આવેલા 33 વર્ષીય યુવાન બંને સ્વાઈન ફ્લૂ પોઝિટિવ જણાતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આઈસોલેશન વોર્ડમાં સારવાર આપવામાં આવી હતી.

### કુડાસણમાં જગદીશ વિશ્વકર્માનો યુવા સંવાદ

ગાંધીનગર | ગાંધીનગરના કુડાસણ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય 'મન કી બાત' કાર્યક્રમના 137મા એપિસોડનું ખાસ પ્રસારણ યોજાયું હતું. આ કાર્યક્રમમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવાનો સાથે બેસીને પ્રસારણ નિહાળ્યું હતું અને ત્યારબાદ તેમની સાથે દેશના વિકાસ તેમજ યુવા શક્તિના યોગદાન અંગે આત્મીય સંવાદ સાધ્યો હતો. આ સંવાદ દરમિયાન પ્રદેશ અધ્યક્ષે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યુવા ફ્રેન્ડલી અભિગમ અને દેશહિતની વિવિધ યોજનાઓના કારણે ભારતમાં એક નવી અને મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ આકાર પામી છે. આજે દેશનો યુવાન માત્ર નોકરી શોધનારો નથી રહ્યો.પરંતુ ઈનોવેશન આધારિત સફળ સ્ટાર્ટઅપ ઊભા કરીને અન્ય લોકોને રોજગારી આપનારો બન્યો છે. ભારતની યુવા શક્તિમાં રહેલું અપાર કૌશલ્ય જ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાનો મુખ્ય પાયો છે.કેન્દ્ર સરકારની નીતિઓની સકારાત્મક અસરોનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, એક સમયે ભારત ડિફેન્સ ક્ષેત્રે આયાત પર નિર્ભર હતું અને દેશમાં મોબાઈલ મેન્યુફેક્ચરિંગ નહિવત હતું. પરંતુ આજે સ્થિતિ બદલાઈ છે; ભારત ડિફેન્સ ક્ષેત્રે કરોડો રૂપિયાના સાધનોની નિકાસ કરી રહ્યું છે અને મોબાઈલ ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રણી સ્થાન ધરાવે છે. વર્તમાન ભારતમાં નાનકડી પિનથી લઈને વિમાન સુધીનું ઉત્પાદન મેક ઈન ઈન્ડિયા' હેઠળ થઈ રહ્યું છે. ગુજરાતના વિકાસ મોડેલને યાદ કરતા તેમણે કહ્યું કે, 2001ના ભયાનક ભૂકંપ બાદ નરેન્દ્ર મોદીના દુરંદેશી નેતૃત્વમાં કચ્છ સહિત સમગ્ર ગુજરાત ફરી બેઠું થયું અને આજે દેશ માટે એક રોલ મોડેલ સ્ટેટ બન્યું છે.

### કલોલમાં ઝાડ નીચે ધમધમતા જુગારના અડ્ડાનો પર્દાફાશ

ગાંધીનગર | કલોલ તાલુકા પોલીસ ટીમે પુર્વ બાતમીના આધારે ધમાસણા ગામની સીમમાં કલોલ-માણસા રોડ પર આવેલી ફટકડીની ફેક્ટરી નજીક દરોડો પાડીને ખુલ્લી જગ્યામાં ધમધમતા જુગારધામનો પર્દાફાશ કરી ગાંધીનગર અને અમદાવાદના આઠ જુગારીઓને 45 હજારની રોકડ સહિત 85 હજારના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કલોલ તાલુકા પોલીસ મથકના પીઆઈ જે.જે. ગઢવીની ટીમ છત્રાલ બીટ વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે ધમાસણા સીમમાં આવેલ ચંદનજી ભાઈલાલજી ઠાકોરના ખેતર પાસેના ઝાડ નીચે કેટલાક ઈસમો પોતાના આર્થિક ફાયદા માટે ગંજીપાનાથી પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમી આધારે પોલીસ કાફલો ખાનગી વાહનોમાં ઘટનાસ્થળે પહોંચતા જ જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસને જોતા જ ઝાડ નીચે ગોળ કુંડાળું વળીને બેઠેલા ઈસમોએ હાથમાંથી પત્તા દાવ પર ફેંકી ભાગવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. બાદમાં પોલીસે 8 જુગારીઓને દબોચી લઈ પૂછતાછ કરતાં તેમણે પોતાના નામ નરસિંહજી જવાનજી ઠાકોર, રમેશકુમાર અમરતજી મકવાણા (બંને રહે. ધોળાકુવા,ગાંધીનગર), ગણપતજી બેચરજી ઠાકોર, કનુજી ઉર્ફે ભોલો કાળાજી ઠાકોર,કલ્પેશજી વેચાતજી ઠાકોર (તમામ રહે.ગોલથરા કલોલ),કાળાજી ભલાજી ઠાકોર, અર્જુનજી મંગાજી ઠાકોર,લાલાજી ચમનજી ઠાકોર(તમામ રહે.ખોરજ ખોડીયાર, ઘાટલોડિયા) હોવાનું જણાવ્યું હતું. બાદમાં પોલીસે જુગારીઓની અંગજડતીમાંથી 45 હજારની રોકડ તેમજ આઈફોન સહિત ચાર મોબાઈલ મળીને 85 હજારનો મુદ્દામાલ જપ્ત કરી તમામને જેલની હવા ખવડાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ખંભાળિયા ખાતે આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ' માં ત્રીજા દિવસે ખેડૂતોનો જામ્યો જમાવડો

જૂનાગઢ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા ઈસુદાન ગઢવી જામખંભાળિયા ખાતે અનિશ્ચિતકાળના ધરણા પર બેઠા છે જેનો આજે ત્રીજો દિવસ હતો. મુખ્ય ચાર માંગો સાથે ઈસુદાન ગઢવી ધરણા પર બેઠા હતા અને એમની સાથે સાથે હજારોથી વધુ ખેડૂતો આ કાર્યક્રમમાં જોડાયા હતા અને તેમને સમર્થન આપ્યું હતું. હાલ સરકારે બે જિલ્લામાં પાણી છોડવાનો નિર્ણય લીધો છે, જેને આ સત્યાગ્રહની એક આંશિક જીત કહી શકાય એમ છે. જેના કારણે આશા રાખવામાં આવે છે કે આવનારા સમયમાં સરકાર તમામ માંગો પુરી કરશે. આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની સાથે સાથે પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ધારાસભ્ય હેમંત ખવા, કિસાન સેલના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ બ્રિજરાજ સોલંકી, પ્રદેશ સંગઠન મંત્રી રાજુ બોરખતરીયા અને મહિલા નેતા જીગીશા પટેલ સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતો અને આમ આદમી પાર્ટીના તમામ નેતાઓ તથા કાર્યકર્તાઓએ એકસૂરે સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરી હતી અને અછતગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ કરી હતી. "દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ"માં ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાંથી ખેડૂતો ધરણાના કાર્યક્રમો આવી રહ્યા છે. અહીંયાના ખેડૂતોનો અવાજ મજબૂતાઈથી સરકાર સુધી પહોંચે અને દરેક ખેડૂતના ખાતામાં 50000 કે લાખ રૂપિયા પહોંચે અને એ લોકોના છ મહિના નીકળી જાય એટલા માટે આ તમામ લોકો અહીંયા ભેગા થયા છે. આ વિસ્તારમાં લગભગ 25 વર્ષથી કોઈ આંદોલન થયું નથી. આજે વરૂણદેવને રિઝવવા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું એમાં હું અને પ્રવીણભાઈ ગયા હતા. આ સત્યાગ્રહમાં તમામ જાતિ જ્ઞાતિના લોકો જોડાઈ રહ્યા છે. મુખ્યમંત્રી ખેડૂતનો દીકરો હોત તો ખેડૂતોની મદદ કરત. ઘણા ભાજપના નેતાઓ ટિકિટના કારણે કંઈ બોલતા નથી પણ હું તો કહું છું કે ખેડૂતો માટે જીવ આપવો પડે તો એની પણ પરવાહ ન કરે એને નેતા કહેવાય. અમે કોઈ રાજનીતિ કરવા નથી આવ્યા. હું દ્વારકા જિલ્લાનો વતની છું અને પોરબંદર તથા જામનગરનો રૂણી છું પરંતુ જો બીજા કોઈ જિલ્લામાં પણ ખેડૂતોને તકલીફ હોત તો એમના જિલ્લામાં પણ હું ધરણા પર બેસી ગયો હતો. ખેડૂતોને પૂછવા માંગુ છું કે આ તો ચોમાસું છે તમે શિયાળામાં શું કરશો. હું ઘણા ખેડૂતોને કહેવા માંગીશ કે તમે આજે નહીં આવો તો કાલે આવવું પડશે કાલ નહીં આવો તો પરમ દિવસ આવવું પડશે. હું આજે એક ગામમાં ગયો હતો તે ગામના ચોકમાં 25 લોકો બેઠા હતા અને મને આંદોલન કરવા બદલ અભિનંદન આપી રહ્યા હતા પરંતુ મારો એમને સવાલ છે કે તમે શું ત્યાં જ બેસી રહેશો? બુધવારે જ્યારે કેબિનેટ ની મીટીંગ થશે ત્યારે એ લોકો ચર્ચા કરશે કે આંદોલનમાં કેટલા લોકો હતા અને જો એ લોકોને લાગશે કે ભીડ ઓછી છે તો કોઈ સહાય નહીં આપે પરંતુ જો અહીંયા 50000 લોકો હોત ખેડૂતોની માંગો માનવા માટે એ લોકો રાજી થઈ જાત.વધુમાં ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ખેડૂતોએ આખું વર્ષ કાઢવાનું છે અને જો ભૂલથી પણ એક ન થયા તો 54 લાખ ખેડૂતોના બાળકોની આંતરડી કકડશે એના પાપના ભાગીદાર તમે બનશો. હવે તો પેટ્રોલના પણ રૂપિયા નહીં રહે, હવે લોકોની ચા પીવડાવવાની હશે તો 80 રૂપિયાની ખાંડ થઈ ગઈ છે તો ક્યાં જશો. હું આ વખતે એટલું કહેવા માગું છું કે ખેડૂતો તમે જાગો અને બીજા 10 લોકોને જગાડો. આ લોકોને એ જ જોઈએ છે કે આપણે એક ન થઈએ. જો વધારે ખેડૂતો કાર્યક્રમ આવે તો ધારાસભ્યોને તાલુકા પંચાયત જિલ્લા પંચાયતના સભ્યો પણ મુખ્યમંત્રી સામે જઈને રજૂઆત કરી કે જો ખેડૂતોની વાત નહીં સાંભળો તો અમને ક્યાંય નીકળવા પણ નહીં દે. અને મુખ્યમંત્રીનું પણ કાંઈ ચાલતું નથી એમને કંઈ કહો એટલે એ દિલ્હી જાય. ઘણા લોકો નથી આવી રહ્યા એમને હું એટલું જ કહેવા માગું છું કે તમે શા માટે ડરી રહ્યા છો આપણે ગુલામી કરવા માટે જન્મ નથી લીધો. નમાલા સરપંચ ન થવાય, નમાલા તાલુકા પંચાયત જિલ્લાના સભ્ય ન થવાય, નમાલા ધારાસભ્ય ન થવાય અને જો રાજનીતિ કરવી હોય તો ડંકાની ચોટ પર કરાય. વધુમાં ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, જે લોકો જેલમાં નાખવાની ધમકી આપે છે એ લોકોને એટલું જ કહેવા માંગુ છું કે કૃષ્ણ ભગવાનનો જન્મ પણ જેલમાં થયો હતો અને જો જેલમાં જવાનો વારો આવશે તો ઈસુદાન ગઢવી પહેલા જેલમાં જશે. મને ખબર છે કે જો ભાજપ સરકાર કોઈને જેલમાં નાખશે તો સામૂહિક રીતે હાથમાં પાણી રાખીને સોગંદ ખાઈ શકે આજીવન ભાજપને મત આપીશું નહીં. તમે લોકો એમ સમજી રહ્યા છો કે તમે ખેડૂતોને ડરાવી દેશો, હું તો ઘરે ઘરે જઈશ. ભાજપના લોકો પોલીસની ધમકી આપી શકે છે. પાસા તડીપારની પણ ધમકી આપે છે પણ હું ખાતરી આપું છું કે આ બધા કાર્યક્રમોના કારણે કોઈના પર પાસા કે તડીપાર થાય નહીં. અને અહીંયા પોલીસ આવે અને કંઈ થાય તો સુપ્રીમ કોર્ટ સુધી ઈસુદાન ગઢવી તમારા માટે વકીલ રાખશે, માટે કોઈએ ડરવાની જરૂર નથી. હું તો નબળો નથી કારણ કે મારો દ્વારકાધીશનો જન્મ તો જેલમાં જ થયો હતો તો હું કઈ રીતે નબળું થઉ. જો તમે તમારા ઘરના માતા બહેન દીકરીઓને લઈને આવો અને એ લોકો જન્માષ્ટમી દિવસે અહીંયા રામધૂન અને ભજન કરે તો એનો પડઘો મુખ્યમંત્રી સુધી પડે એમ છે. તો ખેડૂતો વધુમાં વધુ સંખ્યામાં આવે અને પોતાના પરિવાર સાથે આવે એવી મારી અપીલ છે.

## સોમનાથમાં શ્રાવણના ત્રીજા સોમવાર નિમિત્તે શિવભક્તોનું ઘોડાપૂર: સાંજે 7 વાગ્યા સુધીમાં 71,000 ભક્તોએ કર્યા દાદાના દર્શન



નરેન્દ્ર દવે જૂનાગઢ

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની અત્યંત ભક્તિભાવ અને હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી ત્યારે સ્વાભિમાન પર્વ દરમિયાન શ્રાવણ માસના ત્રીજા સોમવારે સોમનાથ મંદિર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતું. દેશભરમાંથી પધારેલા હજારો ભાવિક ભક્તોએ મહાદેવના દર્શન અને વિશેષ પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.દર્શન અને ભક્તોની ભીડ: આજના આ વિશેષ અવસરે વહેલી સવારથી જ મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. પ્રાપ્ત આંકડાઓ અનુસાર, સાંજે ૭:૦૦ વાગ્યા સુધીમાં જ ૭૧,૦૦૦ થી વધુ શિવભક્તોએ સોમનાથ મહાદેવના દર્શનનો લાભ લીધો હતો.પૂજા અને ધાર્મિક અનુષ્ઠાનોની વિગત:સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે ભક્તો દ્વારા અનેકવિધ ધાર્મિક પૂજાઓ નોંધાવવામાં



આવી હતી, જેના આંકડા નીચે મુજબ છે: ધ્વજાપૂજા: ૭૫, સોમેશ્વર મહાપૂજા: ૬૫, રૂદ્રાભિષેક: ૫૭૨, પાઠાત્મક લઘુરુદ્ર: ૧૪, મહામૃત્યુંજય યજ્ઞ: મંદિરમાં આયોજિત મહામૃત્યુંજય યજ્ઞમાં ભક્તો દ્વારા ૪૪,૦૦૦ થી વધુ આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી. વિશેષ શૃંગાર અને દિવ્ય નજારો:સોમનાથ સ્વાભિમાન પર્વને અનુલક્ષીને શ્રી સોમનાથ મહાદેવને 'વિશેષ સોમનાથ સુવર્ણ અને અમૃત વર્ષા શૃંગાર' કરવામાં આવ્યો હતો, જે દર્શનાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. સંધ્યાકાળે આરતી સમયે એક અદભુત અને અલૌકિક નજારો જોવા મળ્યો હતો. ગર્ભગૃહની તમામ ઈલેક્ટ્રિક લાઈટો બંધ કરી દેવામાં આવી હતી અને સોમનાથ મહાદેવને માત્ર દીવાના પવિત્ર પ્રકાશથી શોભાયમાન કરવામાં આવ્યા હતા.દીવડા ઓના ઝળહળતા પ્રકાશમાં મહાદેવનું સ્વરૂપ અત્યંત દિવ્ય લાગી રહ્યું હતું, જેના દર્શન કરી ભક્તો ભાવવિભોર બન્યા હતા.

## ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર રાત્રીના સમયે સિંહ લટાર મારતાં વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ પંથકમાં (ખાસ કરીને નાગેશ્રી અને કાગવદર ગામ નજીક) એશિયાટિક સિંહ (વનરાજ) ની શાહી લટાર મારવાના અને રોડ ક્રોસ કરવાના વીડિયો સોશિયલ મીડિયા પર અવારનવાર વાયરલ થતા રહે છે. ઓગસ્ટ ૨૦૨૬ ના અંતમાં પણ રાત્રિના સમયે હાઈવે પર સિંહ આવી જતાં વાહનોના પૈડાં થંભી ગયા હતા અને વનવિભાગે વાહનો રોકી વનરાજાને VIP રોડ ક્રોસિંગ કરાવ્યું હતું.આ વિસ્તારમાં સિંહોની અવરજવરને કારણે ઉદ્ભવતી મુખ્ય કારણ એ છે કે વાહનોની બ્રેક અને ટ્રાફિક જામ મધરાતે કે વહેલી સવારે જ્યારે ડાલામથ્થા હાઈવે પર



આવી જાય છે, ત્યારે સુરક્ષાના ભાગરૂપે વાહનચાલકો વાહનો થોભાવી દે છે.વનવિભાગનું પેટ્રોલિંગ: નેશનલ હાઈવે સિંહો માટે 'ડેથ ટ્રેપ' ન બને અને અકસ્માત નિવારી શકાય તે માટે વનવિભાગ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ અને સુરક્ષા વધારવાની કવાયત હાથ ધરવામાં આવી છે.વન્યજીવોની સુરક્ષા: આ કોસ્ટલ બેલ્ટ હાઈવે પર અગાઉ સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓના અકસ્માતે મોતના કિસ્સા પણ સામે આવ્યા છે, જેથી સિંહપ્રેમી ઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે. આ હાઈવે પર સિંહોના વાયરલ થયેલા વીડિયો આ વિસ્તારમાં સિંહોની સુરક્ષા માટે અનેક સવાલો ઉભા થયા છે?ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાત્રિના સમયે સિંહો ખુલ્લેઆમ લટાર મારતા અને રસ્તા વચ્ચે બેસી જતા હોવાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.હાઈવે પર સિંહની અવરજવર વાહનો અટક્યા હાઈવે પર વનરાજા આવી જવાથી વાહનચાલકોએ સલામતી ખાતર પોતાના વાહનો થોડીવાર માટે અટકાવી દીધા હતા. જોખમી દ્રશ્યો વાહનચાલકો અને સિંહો બંને માટે આ સ્થિતિ જોખમી સાબિત થઈ રહી છે.લોકોમાં ચિંતા: હાઈવે પર વધતી સિંહોની આવરજવર ને કારણે રાત્રે મુસાફરી કરતા લોકોમાં ડર અને સાવચેતીનો માહોલ જોવા મળે છે.ગીર સોમનાથના ઉના-ભાવનગર હાઈવે પર સિંહની લટાર નો વિડિઓ વાઇરલ થયો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ભાયલી દુષ્કર્મ કેસમાં કડક સજા, કોર્ટે ફટકાર્યો પચાસ હજાર દંડ

# વડોદરામાં દુષ્કર્મ કેસમાં પાંચેય દોષિતોને આજીવન કેદ

(એજન્સી) વડોદરા । તા. 31

રાજ્યભરમાં ભારે ચકચાર જગાવનાર અને માનવતાને શરમમાં નાખનાર વડોદરાના ભાયલી વિસ્તારમાં બનેલી અત્યંત ગંભીર ઘટનામાં સ્થાનિક અદાલતે મોટો અને ઐતિહાસિક ચુકાદો આપતા તમામ પાંચેય દોષિતોને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે, જે નવરાત્રિના પવિત્ર તહેવાર દરમિયાન સોળ વર્ષીય સગીરા સાથે આચરવામાં આવેલા જઘન્ય સામૂહિક દુષ્કર્મ અને અત્યાચારના કાળા પ્રકરણનો કડક ન્યાયિક અંત લાવ્યો છે.



અદાલતના આ કડક આદેશ અનુસાર, પીડિતાને દસ લાખ રૂપિયાનું માતબર વળતર ચૂકવવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે, જ્યારે દરેક દોષિતને પચાસ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ન્યાયાધીશે આ નીચલી કક્ષાના અને અમાનુષી કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢતા જણાવ્યું હતું કે સમાજમાં સ્ત્રીનું સ્થાન મહત્વનું છે અને આવી ઘટનાઓને જરાય હળવાશથી લઈ શકાય નહીં. અગાઉ આ કેસમાં બંને પક્ષોની આખરી દલીલો સાંભળ્યા બાદ આજે આખરે સજાનું એલાન કરવામાં આવ્યું છે, જેણે સમગ્ર વિસ્તારમાં ન્યાયની દીવા દાંડી પ્રગટાવી છે. ગત ચોથી ઓક્ટોબરના રોજ નવરાત્રિના બીજા જ નોરતે રાત્રિના સમયે સોળ વર્ષીય સગીરા પોતાના મિત્ર સાથે ભાયલી-બીલ ટીપી રોડ પર આવેલી એકાંત જગ્યાએ બેઠી હતી, તે દરમિયાન બે મોટરસાઈકલ પર સવાર થઈને આવેલા પાંચેય નરાધમો ત્યાં ધસી આવ્યા હતા. દોષિતોએ સગીરાના મિત્રને બળજબરીથી બંધક બનાવીને નિર્દયતાપૂર્વક મારપીટ કરી હતી અને તેની હાજરીમાં જ ત્રણ નરાધમોએ સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ પાપ આચર્યા બાદ દોષિતો પીડિતોનો મોબાઈલ ફોન પણ લૂંટીને ફરાર થઈ ગયા હતા જેથી તેઓ તાત્કાલિક કોઈની પણ મદદ મેળવી ન શકે અને આ ભયાનક વાતાવરણમાં મદદ માટે વલખાં મારતા રહે.

આ ગંભીર અપરાધ સામે પોલીસ તંત્રએ તરત જ સક્રિય થઈને ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજની આધુનિક પદ્ધતિઓ દ્વારા અપરાધીઓની ભાળ મેળવવાનું શરૂ કર્યું હતું અને સઘન તપાસના અંતે મુખ્ય દોષિતો મુમતાઝ ઉર્ફે આફતાબ સુબેદાર બનજારા, મુન્ના અબ્બાસ બનજારા, શાહરૂખ કિસ્મતઅલી બનજારા તેમજ મદદગારી કરનાર સૈફઅલી બનજારા અને અજમલ બનજારાને ઝડપી પાડ્યા હતા. અદાલતમાં આ કેસ ચલાવવા માટે સરકારે વિશેષ કાળજી લઈને ત્રણ કુશળ સરકારી વકીલોની નિમણૂક કરી હતી અને કુલ પિસ્તાલીસ સાક્ષીઓની મજબૂત જુબાનીઓ તેમજ ફોરેન્સિક પુરાવાઓના આધારે ગુનો સાબિત કરવામાં સફળતા મેળવી હતી.

આ સમગ્ર ચુકાદા દરમિયાન અદાલતે સ્પષ્ટ શબ્દોમાં ટાંક્યું હતું કે સરકાર દ્વારા દીકરીઓની રક્ષા માટે અનેક અભિયાનો ચલાવવામાં આવે છે ત્યારે આવા ગુનેગારોને કડકમાં કડક સજા મળવી જ જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ આવું દુઃસાહસ ન કરે. વડોદરાના ન્યાય ઈતિહાસમાં એક સાથે પાંચ આરોપીઓને આજીવન કેદની સજા થવાનો આ પહેલો કિસ્સો છે, જેણે કાયદાના શાસનની તાકાત ફરી એકવાર સાબિત કરી દીધી છે.

## સુરતમાં જાહેરમાં કચરો ફેંકવાની અટકતી કુટેવ નથી, ગંદકીથી સ્થાનિકોમાં ભય



સુરત | ગુજરાતના વાણિજ્યિક પાટનગર સમાન સુરત શહેરના પાલ ગામ વિસ્તારમાં આવેલા લુહાર ફળિયામાં કબ્રસ્તાન પાસેના જાહેર રસ્તા પર તંત્ર દ્વારા કચરો ન ફેંકવાની ચેતવણી આપતા બેનરો લગાવવામાં આવ્યા હોવા છતાં કેટલાક અસંવેદનશીલ લોકો દ્વારા જાહેરમાં બેફામ કચરો ફેંકવાની માનસિકતા આજે પણ યથાવત રહેવા પામી છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગંદકી અને એંઠવાડના મોટા ઢગલા ખડકાઈ જતા સ્થાનિક રહેવાસીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. પાલિકા તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાનના દાવા કરવામાં આવતા હોવા છતાં જમીની સ્તરે વાસ્તવિક સ્થિતિ ચિંતાજનક બની છે કારણ કે કબ્રસ્તાન જેવા પવિત્ર અને સંવેદનશીલ સ્થળની બિલકુલ બાજુમાં જ કચરાના ડુંગરો જામી ગયા છે. આ અસહ્ય ગંદકી અને દુર્ગંધના કારણે સ્થાનિક નાગરિકોનું જીવવું મુશ્કેલ બન્યું છે અને આગામી દિવસોમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે, છતાં વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કડક અને કાયમી દંડાત્મક પગલાં ભરવામાં આવ્યા નથી જેના કારણે લોકોમાં રોષ વ્યાપી ગયો છે.

## વડોદરામાં લગ્નની લાલચ આપી લાખો રૂપિયા પડાવ્યા, આરોપી નૂર હસન પઠાણ સામે કડક કાનૂની કાર્યવાહી

(એજન્સી) વડોદરા । તા. 31

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતા અને બ્યુટિ પાર્લરના વ્યવસાય સાથે જોડાયેલી એક નિર્દોષ યુવતી સાથે લગ્નની ખોટી લાલચ આપીને લાખો રૂપિયા પડાવી લેવાનો તેમજ શારીરિક શોષણ કરવાનો અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેના પગલે જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપી નૂર હસન પઠાણને ઝડપી પાડીને આગળની કાયદેસરની તપાસના ચક્રો સઘન રૂપે ગતિમાન કરી દીધા છે.

પીડિત મહિલા દ્વારા જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ગંભીર ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે ગોરવા વિસ્તારમાં રહેતા નૂર હસનભાઈ પઠાણ સાથે તેનો અગાઉ ગાઢ પરિચય અને પ્રેમસંબંધ બંધાયો હતો, જેનો લાભ લઈને આરોપીએ પીડિતાને ગેરમાર્ગે દોરી હતી. આરોપીએ અગાઉ લગ્ન કરવાનું ભ્રામક વચન આપીને મહિલાની મરજી વિરુદ્ધ અનેકવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા અને ત્યારબાદ અચાનક જ તેને તરછોડીને અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા, જેના કારણે પીડિતા માનસિક રીતે ભાંગી પડી હતી પરંતુ આરોપીની ચાલાકીનો સિલસિલો અહીં જ અટક્યો ન હતો અને તેણે સમય જતાં ફરીથી પીડિતાનો સંપર્ક સાધ્યો હતો. પ્રથમવાર દગો આપ્યાના પૂરા બે વર્ષના લાંબા સમય બાદ નૂર હસન પઠાણે ફરીથી તે જ યુવતીનો સંપર્ક કર્યો હતો અને અત્યંત ચતુરાઈ પૂર્વક એવું મિથ્યા વચન આપ્યું હતું કે તે તેને પોતાની બીજી પત્ની તરીકે સ્વીકારશે અને માનભેર રાખશે. આ લાલચમાં ફસાઈને પીડિતાએ ફરીથી વિશ્વાસ મૂક્યો, જેનો ગેરફાયદો ઉઠાવીને આરોપીએ તેની પાસેથી જુદા જુદા પ્રસંગો અને કારણોસર કુલ છ લાખ રૂપિયા રોકડા પડાવી લીધા હતા અને ફરીથી શારીરિક સંબંધો બાંધ્યા હતા. જ્યારે પીડિતાએ વાસ્તવિક પત્નીની જેમ સ્વીકારવા અથવા આપેલા રૂપિયા પરત આપવા માટે દબાણ કર્યું ત્યારે આરોપીએ સ્પષ્ટ શબ્દોમાં લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

## વડોદરામાં બાળકી પર અત્યાચારનો બનાવ, પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ

(એજન્સી) વડોદરા । તા. 31

ગઈકાલે રાત્રે વડોદરા શહેરના ગીચ અને સંવેદનશીલ ગણાતા નવાયાર્ડ વિસ્તારમાં ઘર નજીક જ રોજિંદી ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે નીકળેલી માત્ર દશ વર્ષીય માસૂમ બાળકીને એક અજાણ્યા અને ક્રૂર શખ્સે પોતાની હવસનો શિકાર બનાવીને ટેમ્પા પાછળના ભાગમાં ખેંચી જઈને અત્યંત અસભ્ય અને શરમજનક શારીરિક અડપલાં આચર્યા હતા, એટલું જ નહીં પરંતુ માસૂમ બાળકીને જો આ અંગે કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી જીવલેણ ધમકીઓ પણ આપી હતી, જેના કારણે સમગ્ર શહેરમાં વાલીઓ અને નાગરિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ છે અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુનો નોંધાતા ચક્રો ગતિમાન થયા છે.

આ અત્યંત ગંભીર અને સંવેદનશીલ ઘટનાની સત્તાવાર માહિતી મળતાની સાથે જ ફતેગંજ પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ અને તપાસકર્તા કર્મચારીઓ તરત જ હરકતમાં આવી ગયા હતા અને પીડિત પરિવારની મુલાકાત લઈને બાળકીની તબીબી તપાસ તેમજ સુરક્ષા સુનિશ્ચિત કરવાની પ્રાથમિક કાર્યવાહી પૂર્ણ કરી છે, જ્યારે બીજી તરફ આરોપીની સત્વરે ભાળ મેળવવા માટે આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરા ફૂટેજ અને સ્થાનિક લોકોના નિવેદનો મેળવવાની સઘન કવાયત શરૂ કરી દેવામાં આવી છે જેથી નરાધમને જલદીથી જેલના સળિયા પાછળ ધકેલી શકાય. રાત્રિના સાડા નવ વાગ્યાના અરસામાં દશ વર્ષીય માસૂમ બાળકી પોતાના ઘરની બિલકુલ નજીક આવેલી દુકાને સામાન્ય ખરીદી કરવા માટે ગઈ હતી, પરંતુ સામાન્ય સમય કરતાં વધારે વાર થવાથી ચિંતાતુર બનેલી માતાએ જ્યારે દીકરી પરત આવતા પૂછપરછ કરી ત્યારે બાળકી ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી અને ડરના માર્યે સમગ્ર આપવીતી પોતાની માતા સમક્ષ વર્ણવી હતી. બાળકીએ જણાવ્યું હતું કે એક અજાણ્યા શખ્સે તેને લાલચ આપીને અથવા બળજબરીથી ટેમ્પા પાછળના નિર્જન ખૂણામાં ખેંચી લીધી હતી અને ત્યાં તેની સાથે દુષ્કૃત્યનો પ્રયાસ કરીને શારીરિક અડપલાં કર્યા હતા.

## રાજકોટમાં સાઈકો કિલરની પૂછપરછ માટે સાયકિયાટ્રિસ્ટની મદદ લેવાશે

(એજન્સી) રાજકોટ । તા. 31

શહેરના કુવાડવા રોડ પરના સાત હનુમાન મંદિરની બહાર બેસીને ભિક્ષાવૃત્તિ કરતા છ્યોત્તેર વર્ષના લીલાબેન સોલંકીનું દુષ્કર્મ ગુજારવાના ઈરાદે અપહરણ કરી, રિક્ષામાં મારકૂટ કરીને મોતને ઘાટ ઉતારી દેવાના અને ત્યારબાદ લાશને આજી ડેમમાં ફેંકી દેવાના અત્યંત ગંભીર પ્રકરણમાં સંડોવાયેલા સાઈકો કિલર રમેશ વૈધુકિયાને પોલીસ હવે તેની માનસિક સ્થિતિ જાણવા માટે સાયકિયાટ્રિસ્ટ પાસે લઈ જવાની મહત્વપૂર્ણ કવાયત હાથ ધરી રહી છે. આ અગાઉ આ જ કુખ્યાત અપરાધી સામે ત્રણ વર્ષની માસૂમ બાળકીનું અપહરણ કરીને તેની ઉપર અત્યાચાર ગુજારીને ઘાતકી રીતે હત્યા કરવા અંગેનો ગંભીર ગુનો નોંધાયેલો હતો અને તે અગાઉ પણ તેના પર બે હત્યાના કેસો નોંધાઈ ચૂક્યા હતા. અગાઉની અદાલતી કાર્યવાહીમાં તેને ફાંસીની સજા પણ ફટકારવામાં આવી હતી, પરંતુ કાયદાકીય પ્રક્રિયાના અંતે ઉચ્ચ અદાલતમાંથી તે છએક માસ પહેલા જ છૂટકારો મેળવીને બહાર આવ્યો હતો અને હવે તેણે વધુ એક જઘન્ય હત્યા આચરીને સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચાવી દીધી છે.

પોલીસ સમક્ષ એવા ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે કે આ આરોપી દેશી દારૂ પીવાની કુટેવ ધરાવે છે અને ગુનાહિત માનસિકતા સાથે આ પ્રકારના કૃતો આચરે છે. વૃદ્ધાની લાશ મળી આવ્યા બાદ તબીબોના અભિપ્રાયને આધારે પોલીસે સીસીટીવી ફૂટેજની આધુનિક પદ્ધતિથી તપાસ શરૂ કરી હતી અને ટેકનિકલ માધ્યમોની મદદથી આસાનીથી આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી, કારણ કે રિક્ષામાં ફિટ કરવામાં આવેલા જીપીએસ લોકેશનની મદદથી પોલીસ સીધી જ તેના સુધી પહોંચી શકી હતી અને તેને ઝડપી લીધો હતો. રાજકોટના પોલીસ ઈતિહાસમાં આ પહેલો એવો કિસ્સો બનવા જઈ રહ્યો છે જેમાં કોઈ અપરાધીની માનસિક સ્થિતિ અને તેની ગુનાહિત પ્રવૃત્તિ પાછળના મનોવૈજ્ઞાનિક કારણો જાણવા માટે વિદેશોની જેમ વિશેષજ્ઞ સાયકિયાટ્રિસ્ટની મદદ લેવામાં આવી રહી છે, જેથી તે કયા સંજોગોમાં અને કેવી માનસિક સ્થિતિમાં આ પ્રકારના પાશવી ગુનાઓ આચરે છે તેની સ્પષ્ટ માહિતી મળી શકે અને ન્યાયિક પ્રક્રિયાને વધુ મજબૂત બનાવી શકાય.

## વડોદરામાં દીકરી સમાન ભત્રીજીએ જ દાગીના ચોર્યા, પાંચ લાખના દાગીના ગાયબ




વડોદરા | વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા શિવમ ફ્લેટ ખાતે રહેતા એક પરિવારમાં વિશ્વાસઘાતની અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં મીરાબેન સિંગના ઘરે આશરો મેળવીને દીકરીની જેમ રહેતી ભત્રીજીએ જ કબાટની તિજોરીમાં રાખેલા અંદાજે પાંચ લાખ પંદર હજાર રૂપિયાની કિંમતના સોના અને ચાંદીના કિંમતી દાગીનાની ચોરી કરી લીધી હોવાનું બહાર આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે અને પોલીસે આ મામલે ગુનો નોંધીને કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પીડિત પરિવાર પર અગાઉ ભારે આફતો આવી ચૂકી છે કારણ કે ગત વર્ષોમાં શિરડીના દર્શન કરીને પરત ફરતી વખતે થયેલા એક ભયાનક માર્ગ અકસ્માતમાં પરિવારના ચાર સભ્યોના કરુણ મોત નીપજ્યાં હતા, ત્યારબાદ મૃતક દીકરીની યાદગીરીરૂપ અને તેના સાસરીયા દ્વારા પરત આપવામાં આવેલા આશરે એક સો એક ગ્રામ વજનના સોના તથા ચાંદીના દાગીના પરિવાર દ્વારા અત્યંત સાચવીને તિજોરીમાં રાખવામાં આવ્યા હતા.

## દાહોદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ દ્વારા લીમખેડાના દાભડા સબ સેન્ટરની મુલાકાત: ગ્રામીણ આરોગ્ય સેવાઓની સમીક્ષા કરાઈ



દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા સ્થિત દાભડા સબ સેન્ટરની જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારના નાગરિકોને મળી રહેલી આરોગ્ય સેવાઓની ગુણવત્તા ચકાસવાનો તેમજ આરોગ્ય વિષયક સુવિધાઓને વધુ સુદ્દઢ કરવાનો હતો. મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સબ સેન્ટર ખાતે ઉપલબ્ધ જરૂરી દવાઓનો જથ્થો, આરોગ્યલક્ષી સાધન-સુવિધાઓ તેમજ દૈનિક ધોરણે દર્દીઓને આપવામાં આવતી સારવાર અંગેની કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. તેમણે સબ સેન્ટરના કમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) અને ફિમેલ હેલ્થ વર્કર (FHW) સાથે આરોગ્ય વિભાગના વિવિધ કાર્યક્રમોના અમલીકરણ અંગે વિગતવાર ચર્ચા કરી કામગીરીની સમીક્ષા કરી હતી.આ મુલાકાત વેળાએ 'ટીબી મુક્ત ભારત અભિયાન' અને 'સિકલ સેલ એનિમીયા' જેવા વિવિધ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમો અંતર્ગત ગ્રામીણ ક્ષેત્રે થતી કામગીરી, લાભાર્થીઓને અપાતી સેવાઓ તથા સમયસર નિદાન અને સારવાર સુનિશ્ચિત કરવા બાબતે ખાસ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટે આરોગ્ય કર્મચારીઓને રાજ્ય સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અને સુવિધાઓનો લાભ ગ્રામ્ય વિસ્તારના દરેક નાગરિક સુધી સમયસર, અસરકારક અને ગુણવત્તાસભર રીતે પહોંચે તે માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરવા જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સંસ્કૃત સપ્તાહની ઉજવણીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ વડોદરા જિલ્લા શિક્ષણાધિકારીનું સન્માન

વડોદરા | ગાંધીનગર ખાતે રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે રસ તથા જાગૃતિ કેળવવાના હેતુથી રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.સંસ્કૃત સપ્તાહની ઉજવણી દરમિયાન વડોદરા જિલ્લામાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર તથા વિવિધ પ્રવૃત્તિઓના સફળ આયોજન અને શ્રેષ્ઠ કામગીરી બદલ વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મહેશ પાંડેનું રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.ગાંધીનગર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મહેશ પાંડેને સન્માનપત્ર અર્પણ કરી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે જિલ્લા કક્ષાએ કરવામાં આવેલી કામગીરીની નોંધ લઈ આ સન્માન કરવામાં આવ્યું હતું.આ સન્માન બદલ જિલ્લા શિક્ષણ વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓએ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મહેશ પાંડેને અભિનંદન પાઠવ્યા હતા. સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને તેના સમૃદ્ધ વારસા સાથે નવી પેઢીને જોડવા માટે જિલ્લામાં ભવિષ્યમાં પણ વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વધુ વેગ આપવામાં આવશે.

### કચેરીએ મહિલાઓએ રામધૂન બોલાવી નોંધાવ્યો વિરોધ, કોમર્શિયલ પ્રવૃત્તિ સામે મહિલાઓની વિશાળ રેલી

# સુરતના સરથાણામાં રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે ગોડાઉન સામે વિરોધ

(એજન્સી) સુરત । તા. 31

શહેરના છેવાડે આવેલા સરથાણા ઝોન અંતર્ગત આવતા સંત દેવીદાસ સોસાયટી અને તેની આસપાસના શાંત રહેણાંક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી અસહ્ય રીતે વધી રહેલી ગેરકાયદે કોમર્શિયલ પ્રવૃત્તિઓ, ઔદ્યોગિક એકમો અને ઓનલાઈન શોપિંગના ગોડાઉનો સામે સ્થાનિક રહેવાસીઓનો લાંબા સમયથી દબાયેલો રોષ આજે ભીષણ સ્વરૂપે બહાર આવ્યો છે, જેના પગલે મોટી સંખ્યામાં એકત્ર થયેલા મહિલાઓ અને પુરુષોએ તંત્રની ઘોર બેદરકારી સામે અવાજ ઉઠાવતા સરથાણા ઝોન કચેરી સુધી એક વિશાળ વિરોધ રેલી યોજી હતી અને કચેરીના પ્રાંગણમાં જ બેસીને રામધૂન બોલાવવાની સાથે અનોખી તેમજ ઉગ્ર પદ્ધતિથી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.



આ ગંભીર અને વિવાદાસ્પદ પરિસ્થિતિ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, સ્થાનિક રહેવાસીઓ દ્વારા અગાઉ અનેક વખત મ્યુનિસિપલ કોર્પોરેશનના સંબંધિત અધિકારીઓ તેમજ મેયર અને મ્યુનિસિપલ કમિશનર સમક્ષ લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા માત્ર કાગળ પરની નોટિસ આપવામાં આવી છે અને જમીની સ્તરે કોઈ પણ પ્રકારની નક્કર કે કાયમી કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે નાગરિકોમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે અને આજે આખરે રોષે ભરાયેલા લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

ઘટનાની વિગતવાર વાત કરીએ તો, સંત દેવીદાસ સોસાયટી અને આસપાસના રહેણાંક મકાનોની વચ્ચે ધમધમતા કોમર્શિયલ એકમો તથા ગોડાઉનોના કારણે સમગ્ર વિસ્તારનું શાંતિપૂર્ણ વાતાવરણ જોખમાયું છે, કારણ કે રોજબરોજ બહારના અજાણ્યા લોકો અને ભારે વાહનોની સતત અવરજવર રહેવાને કારણે નાના બાળકો અને ખાસ કરીને મહિલાઓની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિન્હ ઊભો થયો છે. સ્થાનિક રહેવાસીઓએ તંત્ર સમક્ષ એવા પણ ગંભીર આક્ષેપો કર્યા છે કે કેટલાક એકમોના કારીગરો સોસાયટીના મુખ્ય દરવાજાની આસપાસ ઊભા રહીને અશ્લીલ અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરે છે, જેના કારણે રહેવાસીઓમાં ભારે ભય અને અસંતોષ ફેલાઈ ગયો છે. આ તમામ સમસ્યાઓથી ત્રસ્ત થઈને આજે સવારે સોસાયટીના મુખ્ય ગેટ પાસે મોટી સંખ્યામાં મહિલાઓ એકત્ર થઈ હતી અને સરકાર તથા સ્થાનિક તંત્ર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરીને એક વિશાળ રેલીના સ્વરૂપમાં સરથાણા ઝોન કચેરી ખાતે પહોંચી હતી.

### કોન્ટ્રાક્ટરનું અપહરણ કરી પચાસ ટકા નફાની માંગ

## ઝઘડિયા GIDCમાં કોન્ટ્રાક્ટરનું અપહરણ કરી ખંડણી માંગી

(એજન્સી) ભરૂચ । તા. 31

ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર ગણાતા ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલી સ્ટીમ હાઉસ ઈન્ડિયા કંપનીના કોન્ટ્રાક્ટરનું અપહરણ કરીને પચાસ લાખ રૂપિયાના પ્રોજેક્ટમાં પચાસ ટકા નફાની ખંડણી માંગવાની અત્યંત ગંભીર અને સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે, જેના પગલે સ્થાનિક વહીવટી અને પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે અને પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ભાજપ અગ્રણીના પુત્ર સહિત ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે જ્યારે મુખ્ય આરોપીની શોધખોળ હાથ ધરી છે.



આ ગંભીર અપરાધ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ વાપી ખાતે નિવાસ કરતા વિનય ઈન્દ્રજીત યાદવે ઝઘડિયા જીઆઈડીસીની કંપનીમાં બોઈલર અને સ્ટીમ પાઈપના વિકાસ માટેનો આશરે પચાસ લાખ રૂપિયાનો મહત્વપૂર્ણ કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો, પરંતુ અસામાજિક તત્વો અને માથાભારે શખ્સો દ્વારા આર્થિક લાભ મેળવવાના હેતુસર આ પ્રકારે અપહરણ અને ધમકીઓ આપવાનો સિલસિલો શરૂ કરવામાં આવ્યો છે, જેનાથી વેપારી વર્ગમાં ભયનો માહોલ ફેલાયો છે.

ગત પંદરમી ઓગસ્ટના રોજ બપોરના સુમારે જ્યારે કોન્ટ્રાક્ટર વિનય યાદવ પોતાની કંપનીમાં હાજર હતા ત્યારે એક થાર ગાડીમાં ધસી આવેલા શખ્સોએ તેમને બળજબરીથી ગાડીમાં બેસાડીને અપહરણ કરી લીધું હતું અને પચાસ લાખના પ્રોજેક્ટના નફામાંથી અડધી રકમ ખંડણી પેટે આપવાની ધમકી આપીને અપશબ્દો ઉચ્ચાર્યા હતા.

### તરસાલી માર્કેટમાં તંગદિલી વ્યાપી

## વડોદરામાં શાકભાજીની ખરીદી ટાણે મહિલા પર હુમલો

(એજન્સી) વડોદરા । તા. 31

ગઈકાલે રાત્રે વડોદરા શહેરના તરસાલી બસ સ્ટેન્ડ પાસે આવેલા શાક માર્કેટમાં શાકભાજીની ખરીદી કરવા માટે આવેલી એક મહિલા સાથે ભાવતાલ કરવાના સામાન્ય મુદ્દે લારીવાળાએ ઉશ્કેરાઈને અભદ્ર વ્યવહાર કર્યો હતો અને ગાળો બોલીને મહિલાને જાહેરમાં તમાચો મારી દેતા સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને તંગદિલી ફેલાઈ ગઈ હતી. આ અણધારી ઘટનાના પગલે આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને આરોપી લારીવાળો ત્યાંથી નાસી છૂટ્યો હતો, જેના કારણે સ્થાનિક નાગરિકોમાં ગુસ્સો વધ્યો હતો અને મામલો ઉગ્ર બનતા તરત જ પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક લોકો અને સંગઠનના કાર્યકરોએ સંયમ જાળવીને પોલીસ સમક્ષ કડક કાર્યવાહીની માંગણી કરી હતી. વિરોધ દર્શાવવા માટે લોકોએ રાત્રે આરોપીના ઘરની આસપાસના વિસ્તારમાં ભેગા થઈને રામધૂન બોલાવી હતી અને સૂર્યોદય પહેલાં કાયદેસરની ફરિયાદ નોંધવાની જીદ પકડી હતી, જેને અંતે વહેલી સવારે ચાર વાગ્યાના સુમારે પોલીસ દ્વારા સત્તાવાર ફરિયાદની નકલ મળતા લોકો શાંત પડીને વિખેરાયા હતા. સામાન્ય રીતે રોજિંદી ખરીદી માટે ધમધમતી તરસાલી શાક માર્કેટમાં રાત્રિના સુમારે એક મહિલા શાકભાજી લેવા પહોંચી હતી જ્યાં એક લારીવાળા સાથે ભાવ નક્કી કરવા બાબતે બોલાચાલી થઈ હતી. વાતચીત દરમિયાન લારીવાળાએ પોતાની મર્યાદા ઓળંગીને મહિલા પ્રત્યે અત્યંત અસભ્ય વર્તન આચર્યું હતું અને ઉશ્કેરાટમાં આવીને તેના પર હાથ ઉપાડી દીધો હતો. આ બાબત વાયુવેગે પ્રસરતા જ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને ભીડ જામતી જોઈને આરોપી લારીવાળો ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**વૃષભ : બ. વ. ઉ.**

એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રેશરના દરદીઓ. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પારિવારિક પ્રસંગો તથા મહત્વની વિધિઓ માટે મંગળકારી દિવસ.

**કર્ક : ડ. હ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**સિંહ : મ. ટ.**

વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો.

**તુલા : ર. ત.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો.

**મકર : ખ. જ.**

તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.


**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો.

### સમુદ્રદેવ દિવસભર કરે છે જળાભિષેક

# દીવના દરિયાકિનારે આવેલું પાંડવકાલિન શિવાલય, દરિયાદેવ રાત-દિવસ કરે છે જળાભિષેક

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.31.



ગાથાએવી માન્યતા છે કે, વનવાસ દરમિયાન પાંચેય પાંડવો દીવના દરિયાકિનારે આવ્યા હતા. ત્યારબાદ દરેક પાંડવે અહીં મહાદેવજીની આરાધના કરી હતી. તેમની આરાધનાથી પ્રસન્ન થઈ શિવજી અહીં પ્રગટ્યા અને શિવલિંગ રૂપે સ્વયંભૂ પ્રગટ થયા હતા. પાંડવોએ અમાસની રાતના દિવસે અહીં સ્વયંભૂ શિવલિંગની પૂજા-અર્ચના કરી હતી. આ મંદિરમાં પાંચ શિવલિંગ આવેલા છે. એવું કહેવાય છે કે, આ દરેક શિવલિંગ સામે નંદીની પ્રતિમા પણ હતી. પરંતુ કાળક્રમે પ્રતિમા નાશ પામી છે.આ મંદિર સમુદ્રકિનારે આવેલું છે. ત્યારે દિવસભર સમુદ્રદેવ મહાદેવનો જળાભિષેક કરતા હોય છે. આ નજારો ખૂબ જ મનોરમ્ય હોય છે. ગંગેશ્વર મહાદેવ મંદિરમાં ભગવાન ગણેશ, ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીની મૂર્તિઓ પણ છે. આ મંદિરની આસપાસનું વાતાવરણ એટલું શાંતિપૂર્ણ છે કે, જ્યારે પણ કોઈ આ મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરે છે, ત્યારે તેને સમુદ્રનાં મોજાઓનો અવાજ સ્પષ્ટપણે સંભળાય છે.

જૂનાગઢ સ્થિત ડો. સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ ખાતે વિદ્યાર્થીનીઓમાં રહેલી આંતરિક શક્તિઓ અને સર્જનાત્મકતાને બહાર લાવવાના શુભ હેતુથી ત્રિદિવસીય 'પ્રતિભા શોધ ૨૦૨૬' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. બલરામ ચાવડાના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૮/૨૦૨૬ થી ૨૨/૮/૨૦૨૬ દરમિયાન કોલેજ કેમ્પસમાં યોજાયેલા આ પ્રોગ્રામમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનો શુભારંભ સમૂહ પ્રાર્થના અને વિદ્યાર્થીનીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની રૂપરેખા આપતા ડો. પ્રદ્યુમ્ન ખાચરે વિદ્યાર્થીઓને મનમાંથી ભય દૂર કરી પોતાની અંદર રહેલી કળા અને કૌશલ્યને નિખારવા પ્રેરણા આપી હતી. અધ્યક્ષ સ્થાનેથી આચાર્ય ડો. બલરામ ચાવડાએ જણાવ્યું હતું કે, "કોલેજ કાળ એ પ્રતિભાને ખીલવવાની ઉત્તમ તક છે, માટે દરેક વિદ્યાર્થીનીઓએ તમામ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવો જોઈએ." ત્રણ દિવસ દરમિયાન વિવિધ કૌશલ્યવર્ધક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના વિજેતાઓ નીચે મુજબ છે: દીવના દરિયાકિનારેગુજરાતના દરિયાકિનારાઓએ અનેક શિવમંદિરો આવેલા છે. તેમાંથી ઘણાં જાણીતા છે, તો ઘણાં ઓછા જાણીતા છે. આવું જ એક શિવાલય આવેલું છે કેન્દ્રશાસિત પ્રદેશ દીવના દરિયાકિનારે. જેની સ્થાપના પાંડવોએ કરી હોવાનું માનવામાં આવે છે. આ શિવાલય એટલે 'ગંગેશ્વર મહાદેવ'. દરિયાદેવ આ શિવાલયનો અવિરત જળાભિષેક કરતા રહે છે. આવો જાણીએ રોચક

## રસ્તા પર ભટકતી પીડિત મહિલાને સુરક્ષિત આશ્રય અપાયો 181 અભયમ ટીમ

| દિપક રાવલ | દાહોદ લીમખેડા

લીમખેડા તાલુકામાં પાલ્લી ગામ નજીક એક અજાણી મહિલા એક દિવસથી ભટક સીવીતી જોવા મળેલ છે તેથી જાગૃત નાગરિકે દ્વારા 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ કરીને જણાવેલ છે માહિતી મળતાની સાથે જ અભયમ 181 રેસ્ક્યુટીમ તાત્કાલિક



ઘટના સ્થળે પહોંચી પીડિત મહિલા સાથે સર્વદનશીલ અને વિશ્વાસ પૂર્ણ રીતે સંપર્ક સાંધ્યો ત્યારબાદ ટીમ દ્વારા મહિલાનું ધીરજપૂર્વક કાઉન્સિલિંગ કરવામાં આવ્યું પીડિત મહિલા એ કોઈ સ્પષ્ટ માહિતી આપતા નહોતા વારંવાર પોતાનું અલગ અલગ નામ જણાવતા હતા તેમજ સરનામું અથવા પરિવાર વિશે પણ અલગ અલગ માહિતી આપતા હોય તેથી પીડીત મહિલાની વર્તમાન પરિસ્થિતિ સુરક્ષિત અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી અભયમ 181 ટીમ પીડિત મહિલાને આશ્રયની જરૂર જણાય અને લાંબા ગાળાનું કાઉન્સિલિંગ માટે દાહોદ સખીવન સ્ટોપમાં આશ્રય અપાવેલ છે.

### સંસ્કૃત સપ્તાહ

## સંખેડાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૨૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સંસ્કૃત સપ્તાહનું આયોજન

| કમલેશ પટેલ | સંખેડા

સંખેડાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૨૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સંસ્કૃત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ કાર્યક્રમો પૈકી ડી.બી. પારેખ હાઈસ્કૂલના સહયોગથી સંસ્કૃત ગૌરવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં કોલેજના વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. વિદ્યાર્થીઓએ સ્વપરિચય અને કૃતિ પરિચય આપીને સંસ્કૃત દિવસની ઉજવણી કરી હતી. સંસ્કૃત વિભાગ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.પ્રાધ્યાપક વર્ષાબેન





પટેલે વિદ્યાર્થીઓને સંસ્કૃત સાહિત્યનો પરિચય કરાવ્યો હતો. કોલેજના આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્‌બોધન આપ્યું હતું. સમગ્ર સ્ટાફગણે સંસ્કૃત સ્તોત્ર ગાન કરીને કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડો. કનુ પરમારે કર્યું હતું.

### મહિલાએ 181 ની મદદ

## સતત હેરાનગતિથી કંટાળી મહિલાએ 181 ની મદદ માગી હતી

| દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના એક ગામમાંથી એક મહિલા 181 અભયમ મહિલા હેલ્પલાઈન માં કોલ કરી મદદ માગી હતી મહિલાએ જણાવ્યાં મુજબ તેમના ભાઈ દ્વારા નાની નાની બાબતે ઝઘડો કરવામાં આવતો હતો અપશબ્દ બોલી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો સતત હેરાનગતિથી કંટાળી મહિલાએ 181 ની મદદ માગી હતી.

માહિતી મળતા જ 181 અભયમ લીમખેડા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષનું કામ કાઉન્સિલિંગ કરી કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળ્યું કે મહિલા છેલ્લા પિયરમાં 10 વરસથી રહે છે તેમના પતિ અને દીકરી અને પપ્પા જોડે કારણ કે મહિલાના ભાઈ નસો કરે છે અને ઘરની કોઈ જવાબદારી નહીં લેતા તેમજ મહિલાના પપ્પા પણ ઉંમરલાયક છે તેથી તેમની દેખભાલ કરે છે.

જેથી મહિલાનો ભાઈ નસો કરી ઝઘડો કરે છે અને ઘરેથી નીકળી જવાની ધમકી આપે છે 181 ની ટીમ દ્વારા મહિલાના ભાઈનું કાઉન્સિલિંગ કરી સલાહ સૂચન માર્ગદર્શન આપેલ તેમજ કાયદાકીય માહિતી આપી મહિલાના ભાઈ એ પોતાની ભૂલ સ્વીકારી અને બીજી વાર ભૂલ નહીં થાય તેની લેખિત બાહીદરી આપી 181 અભયમ ટીમની મદદ કરેલ અને સમાધાન કરેલ અને મહિલાએ તો 181 ટીમની આભાર વ્યક્ત કરેલ છે.

### વિજેતા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરાઈ

## જૂનાગઢની ડો.સુભાષ મહિલા કોલેજમાં 'પ્રતિભા શોધ ૨૦૨૬' યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.31.

જૂનાગઢ સ્થિત ડો. સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ ખાતે વિદ્યાર્થીનીઓમાં રહેલી આંતરિક શક્તિઓ અને સર્જનાત્મકતાને બહાર લાવવાના શુભ હેતુથી ત્રિદિવસીય 'પ્રતિભા શોધ ૨૦૨૬' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. બલરામ ચાવડાના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૮/૨૦૨૬ થી ૨૨/૮/૨૦૨૬ દરમિયાન કોલેજ કેમ્પસમાં યોજાયેલા આ પ્રોગ્રામમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનો શુભારંભ સમૂહ પ્રાર્થના અને વિદ્યાર્થીનીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની રૂપરેખા આપતા



ડો. પ્રદ્યુમ્ન ખાચરે વિદ્યાર્થીઓને મનમાંથી ભય દૂર કરી પોતાની અંદર રહેલી કળા અને કૌશલ્યને નિખારવા પ્રેરણા આપી હતી. અધ્યક્ષ સ્થાનેથી આચાર્ય ડો. બલરામ ચાવડાએ જણાવ્યું હતું કે, "કોલેજ કાળ એ પ્રતિભાને ખીલવવાની ઉત્તમ તક છે, માટે દરેક વિદ્યાર્થીનીઓએ તમામ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવો જોઈએ." ત્રણ દિવસ દરમિયાન વિવિધ કૌશલ્યવર્ધક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના વિજેતાઓ નીચે મુજબ છે:

### સાંસ્કૃતિક અને જ્ઞાનાત્મક સ્પર્ધાઓ:

લોકગીત: પ્રથમ - ડાભી શીતલ, દ્વિતીય - મેર હિરલ જે., તૃતીય - ઝાપડિયા ભૂમિ આર.
ભજન: પ્રથમ - માંકડિયા મિતલ, દ્વિતીય - ચુમકિયા માનસી, તૃતીય - પરમાર કોમલ સી.
રંગોળી: પ્રથમ - સોલંકી પાયલ ડી., દ્વિતીય - રાબડીયા મનાલી બી., તૃતીય - સોલંકી કપિલા ડી.
નિબંધ સ્પર્ધા ("મારી નજરે આજનો યુવાન"): પ્રથમ - કોટક એકતા વાય., દ્વિતીય - વાજા ભૂમિકા જે., તૃતીય - ભૂતિયા મિરલ આર.
વક્તૃત્વ સ્પર્ધા ("સોશિયલ મીડિયા: અભિવ્યક્તિની સ્વતંત્રતા કે સામાજિક જોખમ?"): પ્રથમ - તરખાલા સ્નેહા વી., દ્વિતીય - કોટક એકતા વાય., તૃતીય - બાલાસરા ખુશ્બુ એ.
કળા અને રસોઈ હરીફાઈ:
પોસ્ટર મેકિંગ: પ્રથમ - રાબડીયા મનાલી બી., દ્વિતીય - સોલંકી કપિલા ડી., તૃતીય - સોલંકી પાયલ ડી.

### ગામનું નામ રોશન કરનાર પ્રતિભાનું સન્માન

## ગામના ગૌરવનું સન્માન : પાટીદાર સમાજે સલીમભાઈ જીયેજાને આપ્યું પ્રોત્સાહન

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગં) ગામે શ્રી દેશલપર (ગુંતલી) પાટીદાર સમાજની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં તાલુકા પંચાયતના સદસ્ય તરીકે ચૂંટાયેલા શ્રી સલીમભાઈ જીયેજાનું પાટીદાર સમાજ દ્વારા ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું.

દેશલપર (ગુંતલી) ગામનું ગૌરવ વધારનાર સલીમભાઈ જીયેજાની લોકપ્રતિનિધિ તરીકે થયેલી પસંદગી બદલ પાટીદાર સમાજ દ્વારા તેમને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમાજ દ્વારા કરવામાં આવેલ આ



દેશલપર (ગુંતલી) ખાતે પાટીદાર સમાજની સામાન્ય સભામાં નવનિયુક્ત તાલુકા પંચાયત સદસ્યનું સન્માન

સન્માન પરસ્પર માન-સન્માન, ભાઈચારો અને સારા કાર્યને પ્રોત્સાહન આપવાના સંસ્કારોનું પ્રેરણારૂપ ઉદાહરણ બની રહ્યું છે.

સન્માન સ્વીકાર્યા બાદ સલીમભાઈ જીયેજાએ પાટીદાર સમાજનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "સમાજ દ્વારા મળેલું આ સન્માન મારા માટે ગૌરવની સાથે મોટી જવાબદારી પણ છે. સમાજના વડીલો, આગેવાનો અને સૌ ભાઈ-બહેનોના આશીર્વાદ તથા સહકારથી લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા અને વિસ્તારના વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરીશ."સામાન્ય સભામાં સમાજના આગેવાનો, વડીલો તથા મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સલીમભાઈ જીયેજાને શુભેચ્છાઓ પાઠવી તેમના ઉજ્જવળ જાહેરજીવન અને સેવાકીય કારકિર્દી માટે શુભકામનાઓ આપવામાં આવી હતી.સમાજ દ્વારા પ્રતિભાશાળી અને ગામનું ગૌરવ વધારનાર વ્યક્તિનું સન્માન કરવાની પરંપરા નવી પેઢી માટે પ્રેરણાદાયી બની રહે તેવો સુંદર સંદેશ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો.

### જામનગરના હાપામાં રહેણાક મકાનમાંથી વિદેશી દારૂની 15 બોટલ સાથે યુવાન ઝડપાયો : રૂ.7,500 નો ઇંગ્લિશ દારૂ કબજે

જામનગર : જામનગર તાલુકાના હાપા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે શિવશક્તિ સોસાયટી શેરી નં.2માં રહેતા જીજ્ઞેશભાઈ દીપકભાઈ રણોલીયા (ઉંમર 29)ના રહેણાક મકાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસે મકાનના ફળિયામાં તપાસ કરતાં થેલામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કાચની સીલબંધ 15 બોટલ મળી આવી હતી.પોલીસે દારૂ અંગે પાસ-પરમીટ માંગતાં જીજ્ઞેશભાઈએ પોતાની પાસે કોઈ પાસ-પરમીટ ન હોવાનું જણાવ્યું હતું. પોલીસે મળી આવેલી 180 મિલીલીટરની 15 બોટલ, જેની કુલ કિંમત રૂ.7,500 થાય છે, તેમાંથી એક બોટલ એફ.એસ.એલ. તપાસ માટે અને બાકીની 14 બોટલ તપાસના હેતુસર કબજે કરી હતી. પોલીસે જીજ્ઞેશભાઈ રણોલીયાની પ્રોહિબિશન એક્ટની કલમ 65(એ) (એ), 116(બી) મુજબ ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા સમયમ ર્યાદામાં વ્યવસાયવેરો જમા કરાવવા સુચના

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.31.

મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા પગારદારો, વેતનદારો બંને વ્યવસાયીઓ/વેપારીઓ પાસેથી વ્યવસાયવેરો ઉઘરાવાની કામગીરી મહાનગરપાલિકાને સોંપાયેલ છે. તમામ વ્યવસાયી કરદાતાઓને વ્યવસાયવેરાની વર્ષ ૨૦૨૬-૨૭ની તથા પાછલી બાકી રહેતી રકમ તા.૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં ભરપાઈ કરવા અનુરોધ છે.વ્યવસાયવેરો મુદત હરોળમાં ભરપાઈ કરવામાં નહી આવે તો આસામીઓ સામે વ્યવસાયવેરા કાયદાની જોગવાઈ હેઠળ કડક પગલાં ભરવામાં આવશે. તેમ જુનાગઢ મહાનગરપાલિકા સેવા સદનની યાદીમાં જણાવ્યું છે.આ યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર દુકાનદારો/વેપારીઓ,તબીબો,ટેકનીલ અને પ્રોફેશનલ કન્સલ્ટન્ટો,વીમાએજન્ટો,કોન્ટ્રાક્ટરો,ટુર ઓપરેટરો,કેબલ ટીવી ઓપરેટરો,એડવર્ટાઈઝિંગ એજન્ટો, સિનેમા ઘરો,આંગડીયા સર્વિસો પ્રાઈવેટ લીમીટેડ કંપનીઓ,બેંકો એસ્ટેટ એજન્ટો,કારખાના માલિકો વગેરે સર્વિસ પ્રોવાઇડરોએ વ્યવસાય વેરા ની રકમ મહાનગરપાલિકા,જુનાગઢની કચેરીમાં સમય પ્રમાણે સવારે ૧૦:૩૦ કલાક થી બપોરે ૦૨:૦૦ સુધી તેમજ બપોરે ૦૨:૩૦ થી સાંજે ૦૪:૦૦ કલાક દરમ્યાન જુનાગઢ મહાનગરપાલિકા સેવા સદન ખાતે જનસેવા કેન્દ્ર,ગ્રાઉન્ડ ફ્લોર ખાતે જમા કરાવી શકાય છે,તેમજ jumcerp.gipl.in/account/citizenlogin પર લોગીન કરી નેટ બેન્કિંગ અને યુ.પી.આઈ. ક્યું આર કોડના માધ્યમથી ઘર બેઠા વ્યવસાય વેરો ભરી શકાય છે. જે કરદાતાઓએ વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય અને વ્યવસાયવેરો ભરેલ ન હોય તેવા કરદાતાઓ પાસેથી દંડ અને વ્યાજ સાથે વ્યવસાયવેરો વસુલ કરવામાં આવશે. વ્યવસાયવેરા અંગે રજીટ્રેશન કરાવનું બાકી હોય,તેવા વ્યવસાયીઓએ તાત્કાલીક રજીસ્ટ્રેશન કરાવી આપવા મહાનગર સેવા સદન જુનાગઢ દ્વારા કરદાતાઓને અપીલ કરવામાં આવે છે.

### ધર્મ સાર

## પ્રાર્થનાથી કાર્યક્રમ સુધી... શાળાઓમાં હવે ગુંજશે વિદ્યાર્થીઓનો અવાજ!





નાની બાલાચોડ, મોટી બાલાચોડ, હમલા મજલ અને રામપર રોહા ગામની શાળાઓને KCRC અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશનની સેવાભાવી ભેટ

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

તાલુકાના નાની બાલાચોડ, મોટી બાલાચોડ, હમલા મજલ અને રામપર રોહા ગામની શાળાઓમાં વિદ્યાર્થીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને KCRC અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશન દ્વારા સ્કૂલ કીટ સાથે જરૂરી સાઉન્ડ સિસ્ટમ અર્પણ કરવામાં આવી હતી.શાળાઓમાં રોજિંદી પ્રાર્થના, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી સહિત વિવિધ કાર્યક્રમો યોજાતા હોય છે. આવા પ્રસંગોએ સાઉન્ડ સિસ્ટમની જરૂરિયાત રહેતી હોવાથી સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી આ પહેલ શાળાઓ માટે ઉપયોગી સાબિત થશે. આ કામગીરી અંતર્ગત KCRCના કો-ઓર્ડિનેટર ગઢવી પચાણભાઈ દ્વારા શાળાઓની રૂબરૂ મુલાકાત લઈને સાઉન્ડ સિસ્ટમ અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારની શાળાઓની જરૂરિયાતને સમજી કરવામાં આવેલી આ સેવાકીય કામગીરીને ગ્રામજનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ હર્ષભેર આવકારી હતી. શાળાની નાની જરૂરિયાતને સમજી કરવામાં આવેલી મોટી મદદનું આ કાર્ય સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે. આવી સેવાભાવી પહેલોથી ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં સુવિધાઓ વધવાની સાથે વિદ્યાર્થીઓને વધુ સારું અને સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ મળી રહે છે.

### શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા

## જુનાગઢમાં સાતમ આઠમ (જન્માષ્ટમી) નાં પાવન તહેવાર નિમિતે જરૂરીયાતમંદ ચાલીસ કુટુંબોને વિનામુલ્યે અનાજ અને મીઠાઈ તેમજ ફરસાણ અને સાડી , ડ્રેસ વિતરણ

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.31.

શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે વિનામુલ્યે જરૂરીયાતમંદ કુટુંબોને અનાજ વિતરણ કરવામાં આવે છે તેના અનુસંધાને આ વખતેઓગસ્ટ મહિનામાં તા. ૩૦|૦૮|૨૦૨૬ ને રવિવારનાં રોજ આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક, જુનાગઢ ખાતે

જરૂરીયાતમંદ ૪૦ (ચાલીસ) કુટુંબોને તેલ, ખાંડ, સુકી ખીચડી, ચાની ભુકી, ચોખાનાં પૌવા, મકાઈનાં પૌવા, નિમક(મીઠું), હળદર, ચટણી , ઘાણાજીરૂ, ચણાનો લોટ, મેંદાનો લોટ, ચણા, ચણાની દાળ, સફેદ વટાણા, સીંગદાણા, ન્હાવાનો સાબુ, કપડાં ધોવાનો સાબુ, કપડા ધોવાનો




પાવડર, મીક્સ મીઠાઈ, મમરાની થેલી, મિક્સ ચવાણું, ફરાળી ચેવડો, ભાવનગરી ગાંઠીયા વગેરે એમ કુલ ૨૪ (ચોવીસ) આઈટમ આપવામાં આવી હતી. આ અનાજ વિતરણમાં સંસ્થા નાં ટ્રસ્ટીશ્રી હર્ષભાઈ ઠાકર તરફથી દરેક લાભાર્થીઓને સાડી અને ડ્રેસ આપવામાં આવેલ હતા. આ અનાજ અને મીઠાઈ તેમજ ફરસાણ વિતરણનાં પ્રસંગે શ્રી બટુક બાપુ, શ્રી કિશોરભાઈ ચોટલીયા, શ્રી સલીમભાઈ ગુજરાતી, શ્રી ભવાનભાઈ જાદવ, ડૉ.રાજેશભાઈ ભાખર, શ્રી દિપકભાઈ આર્ય (મંડોરા), મહિલા અગ્રણીઓમાં શ્રી જયશ્રીબેન ગાલોરીયા, કુમુદબેન ઠાકર, રમીલાબેન ઘુચલા, દેવીબેન દવે, ઈન્દુબેન ખાણદર, રોશનીબેન ઘુચલા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ અનાજ, મીઠાઈ અને ફરસાણ વિતરણનાં પ્રસંગે તમામ ઉપસ્થિત મહેમાનોએ આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. આ સેવાકીય કાર્ય ને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલા, ઉપપ્રમુખ પ્રતિક મિશ્રાણી, ખજાનચી અરવિંદ મારડીયા, ટ્રસ્ટી મિતલ રાડા, તથા ભાવના કે. વૈષ્ણવ, વિજય વાળાએ જહેમત ઉઠાવી હતી.

## શ્રાવણ માસ અંતર્ગત શ્રીકષ્ટભંજનદેવ મંદિરના ગર્ભગૃહમાં શિવલિંગ થીમ આધારિત શિવસ્વરૂપ શણગાર કરાયો

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.31.

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ. શાસ્ત્રીસ્વામી શ્રીહરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસનાતા.31-08-26 ને સોમવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ મંદિર ના ગર્ભગૃહમાં 'શિવલિંગ થીમ' આધારિત અલૌકિક શિવસ્વરૂપ શણગાર કરવામાં આવ્યો હતો.દાદાને શિવજીના રૂપમાં રુદ્રાક્ષની માળાઓ, વાઘામ્બર અને શીશ પર અર્ધચંદ્ર સાથે વિશેષ શણગારવામાં આવ્યા હતા. દાદાને રુદ્રાક્ષની માળાઓ, વાઘામ્બર અને મસ્તક (શીશ) પર અર્ધચંદ્ર ધારણ કરાવીને ત્રિશૂળ અને ડીમડુ તેમજ "નમઃ શિવાય" લખેલા વિશેષ વાઘા સાથે શિવજીના રૂપમાં અદ્‌ભુત



અને દિવ્ય શણગારવામાં આવ્યા હતા. મંદિરના ગર્ભગૃહને શિવલિંગ અને ત્રિપુંડના દ્રશ્યમાન આકાર તેમજ ત્રિશૂળોની આકૃતિઓથી ભવ્ય રીતે સજાવવામાં આવ્યું હતું.આજે સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામીદ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનો લાભ અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ.શ્રાવણ માસ દરમિયાન શ્રી નિલકંઠ મહાદેવ મંદિર ખાતે દરરોજ પવિત્ર બ્રાહ્મણો દ્વારા સંપૂર્ણ શ્રાવણ માસ દરમિયાન શિવપૂજન કરવામાં આવશે.

### તમારું વર્તન, ટીમવર્ક, લીડરશિપ ક્વોલિટી અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં નિર્ણય લેવાની તમારી ક્ષમતા ચકાસવામાં આવે છે

# ગૂગલમાં આ રીતે મળે નોકરી, ફ્રેશર્સનો પગાર જાણી આંખો પહોળી થઈ જશે!


(એજન્સી) નવી દિલ્હી | તા.01

ગૂગલમાં નોકરી મેળવવા લાખો યુવાનો અરજી કરે છે, પરંતુ યોગ્ય માર્ગદર્શન વિના ઘણા રિજેક્ટ થાય છે. Google Careers વેબસાઈટ પર રેઝ્યૂમ અપલોડ કરી અરજી કરી શકાય છે. શોર્ટલિસ્ટ થયા બાદ HR સંપર્ક કરે છે, ઓનલાઈન ટેસ્ટ અને મલ્ટિપલ ઈન્ટરવ્યૂ રાઉન્ડ હોય છે. રેફરલથી તકો વધે છે. ફ્રેશર્સને વાર્ષિક 15 લાખથી 40 લાખનું પેકેજ મળે છે.વિશ્વની સૌથી મોટી ટેક કંપની ગૂગલ ન માત્ર તેની ઉત્કૃષ્ટ વર્ક કલ્ચર માટે જાણીતી છે, પરંતુ અહીં મળતો જંગી પગાર અને સુવિધાઓ પણ યુવાનોને આકર્ષિત કરે છે. દર વર્ષે લાખો યુવાનો ગૂગલમાં નોકરી માટે અરજી કરે છે, પરંતુ માત્ર થોડા જ પસંદગી પામે છે. ઘણા ઉમેદવારો યોગ્ય માર્ગદર્શનના અભાવે રિજેક્ટ થઈ જાય છે. જો તમે પણ ગૂગલમાં કરિયર બનાવવાનું સપનું જોઈ રહ્યા છો, તો અરજી કરવાથી લઈને સિલેક્શન સુધીની આખી પ્રક્રિયા સરળ રીતે સમજી લો.




ગૂગલમાં અરજી કરતા પહેલા એક મજબૂત અને ગુણવત્તાસભર રેઝ્યૂમ બનાવવો અત્યંત જરૂરી છે. અહીં કામની ક્વોલિટી વધુ મહત્ત્વ ધરાવે છે. આમ તો ગૂગલમાં ડિગ્રી કરતાં સ્કિલ્સ (કૌશલ્ય) પર વધુ ભાર મૂકવામાં આવે છે, પરંતુ ટેકનિકલ રોલ્સ માટે ચોક્કસ ડિગ્રી હોવી જરૂરી છે. જેમ કે B.E/B.Tech (કોમ્પ્યુટર સાયન્સ), MCA અને કેટલીક જગ્યાએ B.Sc/M.Sc (કોમ્પ્યુટર સાયન્સ) ધરાવતા ઉમેદવારો પણ પાત્ર બને છે.ગૂગલમાં નોકરી મેળવવા માટે ઉમેદવારે સૌથી પહેલા અધિકૃત વેબસાઈટ Google Careers પર જવું પડશે.જે પોસ્ટ માટે યોગ્યતા ધરાવતા હોવ તેના પર ક્લિક કરીને રેઝ્યૂમ અપલોડ કરવાનો રહે છે.જો રેઝ્યૂમ શોર્ટલિસ્ટ થાય, તો ગૂગલના HR તમારો સંપર્ક કરે છે.ત્યારબાદ જે-તે રોલ અનુસાર ઓનલાઈન ટેસ્ટ લેવામાં આવે છે.ટેસ્ટ પાસ કર્યા બાદ ઉમેદવારને ઈન્ટરવ્યૂના મલ્ટિપલ રાઉન્ડ્સ માટે બોલાવવામાં આવે છે.ઘણી વખત મહેનત કર્યા પછી પણ રેઝ્યૂમ શોર્ટલિસ્ટ થતો નથી. આવી સ્થિતિમાં રેફરલ ખૂબ મદદરૂપ સાબિત થઈ શકે છે. જો ગૂગલમાં કામ કરતા કોઈ પરિચિત કર્મચારી હોય, તો તેમની પાસેથી રેફરલની માંગણી કરો. ગૂગલના કર્મચારી દ્વારા મળેલા રેફરલથી તમારો રેઝ્યૂમે શોર્ટલિસ્ટ થવાની શક્યતાઓ ઘણી વધી જાય છે. રેઝ્યૂમે શોર્ટલિસ્ટ થવો એ અંતિમ સિલેક્શન નથી, પરંતુ ખરી પરીક્ષા અહીંથી જ શરૂ થાય છે. ગૂગલ માત્ર હોંશિયાર કે સ્માર્ટ લોકોને જ નહીં, પરંતુ પોતાની ટીમ માટે યોગ્ય ઉમેદવારની પસંદગી કરે છે. ઈન્ટરવ્યૂ દરમિયાન માત્ર ટેકનિકલ જ્ઞાન જ નહીં, પરંતુ તમારું વર્તન, ટીમવર્ક, લીડરશિપ ક્વોલિટી અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં નિર્ણય લેવાની તમારી ક્ષમતા ચકાસવામાં આવે છે.ગૂગલમાં પસંદગી પામેલા ફ્રેશર્સને વાર્ષિક આશરે 15 લાખથી 40 લાખ સુધીનું ઉત્તમ પેકેજ મળે છે.

## સેમસંગ ગેલેક્સી S26 FE: સૌથી મહત્ત્વપૂર્ણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે નવીનતમ ફ્લેગશિપ અનુભવ પ્રદાન કરે છે




સિઉલ: સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ગેલેક્સી એસ ૨૬ પરિવારના નવા સભ્ય તરીકે ગેલેક્સી એસ ૨૬ એફઈની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જે વન યુઆઈ ૭ સાથે લોન્ચ થનારી લાઈનઅપમાં પ્રથમ છે અને વપરાશકર્તાઓ માટે પ્રીમિયમ ગેલેક્સી અનુભવ પ્રદાન કરે છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મીડિયા અહેવાલ અનુસાર, આ નવો સ્માર્ટફોન ઉન્નત કેમેરા ક્ષમતાઓ અને વધુ સંદર્ભ-જાગૃત ગેલેક્સી એઆઈ સાથે આવે છે, જે વપરાશકર્તાઓને દરરોજ ફોટો કેપ્ચર કરવા અને કનેક્ટ થવામાં નવી ઊંચાઈઓ પ્રદાન કરે છે. મોબાઈલ એક્સપીરિયન્સ બિઝનેસના અધિકારી જય કિમે જણાવ્યું હતું કે આ ફોન વપરાશકર્તાઓના રોજિંદા જીવનમાં અર્થપૂર્ણ તફાવત લાવવા માટે રચાયેલ છે.કેમેરા અને એઆઈ ફીચર્સ ગેલેક્સી એસ ૨૬ એફઈ કેપ્ચરથી એડિટ સુધી વધુ સક્ષમ કેમેરા અનુભવ પ્રદાન કરે છે, જેમાં ઉન્નત ટ્રિપલ રિયર કેમેરા અને અદ્યતન ઈમેજ પ્રોસેસિંગ સામેલ છે. માય ફ્રેનકેમ સુવિધા પસંદ કરેલી વ્યક્તિને આપમેળે ટ્રેક કરે છે અને દ્રશ્ય ફરે ત્યારે તેમને કેન્દ્રિત રાખે છે. આ ઉપરાંત, ફોટો આસિસ્ટ અને જેમિની ઓમ્ની સાથે વપરાશકર્તાઓ તેમની ગેલેરીમાંથી ફોટો અને વિડિયોઝ સરળતાથી બનાવી અને એડિટ કરી શકે છે.બેટરી અને ડિસ્પ્લે ક્ષમતા આ ડિવાઈસમાં લાંબા સમય સુધી ચાલતી 4,900 mAh બેટરી આપવામાં આવી છે, જે 45 ડબલ્યુ એડપ્ટર સાથે લગભગ 30 મિનિટમાં 69% સુધી ચાર્જ થઈ જાય છે. સાથે જ 120 Hz સુધીના રિફ્રેશ રેટ સાથે 6.7-ઈંચનું એમોલેડ ડિસ્પ્લે સ્ટ્રીમિંગ અને ગેમિંગ માટે તેજસ્વી વિઝ્યુઅલ પ્રદાન કરે છે. કંપની દ્વારા આ ફોન બ્લુબેરી, ગ્રેફાઈટ અને પિસ્તા જેવા ત્રણ આકર્ષક રંગોમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## News Brief

### De Beers ગ્રુપના 'Love, From Bestie' કેમ્પેઈને નેચરલ ડાયમંડ્સ સાથે ફ્રેન્ડશિપ ડે કાયમી યાદગીરી બનાવી દીધી

નવી દિલ્હી : દરેક મહત્વની ઘટના કેલેન્ડર પર એક તારીખ સાથે સંકળાયેલી માત્ર નથી હોતી, કેટલાક તમારી સાથે, તમારા બેસ્ટ ફ્રેન્ડ સાથે આવે છે. જે લોકો સાથે આપણે આગળ વધવા ઈચ્છીએ છીએ, જેમની સાથે આપણે સેલિબ્રેશન કરવા ઈચ્છીએ છીએ અને જીવનના દરેક વળાંક પર જેમની સાથે રહેવા ઈચ્છીએ છીએ, એવા સંબંધો ઝડપથી યાદગાર બની જાય છે. આ જ પરિવર્તનને જોતા ડી બિયર્સે 'લવ, ફ્રોમ બેસ્ટી' નેચરલ ડાયમંડ્સને એક નવા પ્રકારના સેલિબ્રેશન તરીકે રજૂ કર્યું, જે એવી મિત્રતાઓ પર કેન્દ્રિત છે જે ખાસ છે, કાયમી છે અને પોતીકી છે.1-2 ઓગસ્ટ, 2026ના રોજ જ્યારે ફ્રેન્ડશિપ ડે વીકેન્ડ ઉજવાયો ત્યારે 'લવ, ફ્રોમ બેસ્ટી' કેમ્પેઈન ભારતમાં કંપનીના નેચરલ ડાયમંડ રિટેલ પાર્ટનર સ્ટોર્સ પર મિત્રતાના અનુભવોની એક સિરીઝ તરીકે દેખાયું. બેસ્ટીઝે પોતાના બોન્ડને પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ જોડે પોટ્રેટમાં શૂટ કરાવ્યા અને આ ફોટોઝને મસ્ત ફ્રેમમાં મૂકીને ઘરે લઈ જવા માટે પણ આપવામાં આવ્યા. સાથે જ પર્સનલાઈઝ્ડ નેલ આર્ટ, કસ્ટમ બેગ ચાર્મ્સ અને 'BFF કોન્ટ્રેક્ટ્સ'ની ઉજવણીએ આખા સેલિબ્રેશનને ક્રિએટિવ બનાવ્યું. જેને કારણે લોકો પોતાના ફ્રેન્ડ્ઝ સાથે પોતાના સંબંધોને એવી રીતે સેલિબ્રેટ કરી શક્યા જે પર્સનલ અને યાદગાર બની જાય. આખા વીકેન્ડમાં આખા દેશમાંથી 60 નેચરલ ડાયમંડ રિટેલ સ્ટોર પર 2000થી વધુ વિઝિટર્સ નોંધાયા અને કન્વર્ઝન રેટ પણ 15 ટકા જેટલો રહ્યો.

## ધ ક્લાઈમેટ પ્લેજ દ્વારા ' સુપર ઈવી' લોન્ચ: કોમર્શિયલ ઈવી ફ્લીટનો ઉપયોગ વધારવા માટે એમેઝોન સહ-સ્થાપિત સંસ્થા દ્વારા ભારતની પ્રથમ યુનિફાઈડ એપ રજૂ કરાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.01

એમેઝોન દ્વારા સહ-સ્થાપિત ધ ક્લાઈમેટ પ્લેજ(ટીસીપી)એ આજે ભારતમાં કોમર્શિયલ ઈવી અપનાવવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે ડિઝાઈન કરાયેલી મોબાઈલ એપ સુપર ઈવી લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ભારતીય એનર્જી ટેક કંપની પલ્સ એનર્જીના સહયોગથી વિકસાવવામાં આવેલ સુપર ઈવી, કોમર્શિયલ ઈવી ક્ષેત્રના મુખ્ય સ્ટેકહોલ્ડર્સને એક જ પ્લેટફોર્મ પર લાવે છે. આનાથી ચાર્જિંગ, લીઝિંગ અને ફાઈનાન્સિંગ સેવાઓ સરળ બને છે, માંગની ચોક્કસ માહિતી મળે છે અને ભારતમાં ઈવી અપનાવવા માટે યોગ્ય રોકાણ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગમાં મદદ મળે છે.સુપર ઈવી એ ફ્લીટ ઓપરેટરો અને સર્વિસ પ્રોવાઈડર્સ સાથે તેનો પાયલોટ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. આજે તે 85+ ચાર્જ પોઈન્ટ ઓપરેટરો દ્વારા 20,000 થી વધુ ચાર્જર્સ સાથે જોડાયેલ છે - જે ભારતના કુલ નેટવર્કનો 75% થી વધુ હિસ્સો છે. વાહન, ફાઈનાન્સિંગ અને લીઝિંગ ભાગીદારો સાથે બ્લુલાઈન, એસ્ટ્રાનોવા અને અથેના જેવા ફ્લીટ ઓપરેટરો આ પ્લેટફોર્મ સાથે જોડાઈ ચૂક્યા છે. સમગ્ર ભારતમાં વિસ્તાર વધારવાની સાથે તે વધુ ફ્લીટ ઓપરેટરો અને સર્વિસ પ્રોવાઈડર્સને જોડવાનું ચાલુ રાખશે. આમેઝોન ઈન્ડિયાના ઓપરેશન્સ ડાયરેક્ટર કરન છબડા એ જણાવ્યું હતું કે, ' ઈવીના ઉપયોગને ઝડપી બનાવવા માટે સમગ્ર ઉદ્યોગે સાથે મળીને કામ કરવું પડશે. સુપર ઈવી એ ઈલેક્ટ્રિક મોબિલિટીને ટેકો આપવાના આમેઝોન અને ધ ક્લાઈમેટ પ્લેજના વ્યાપક પ્રયાસો પર આધારિત છે, જેમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવો, ઈલેક્ટ્રિક ફ્રેટને પ્રોત્સાહન આપવું અને કોમર્શિયલ ઈવી અપનાવવામાં આવતી અડચણો દૂર કરવાનો સમાવેશ થાય છે. વાહનો, ચાર્જિંગ, ફાઈનાન્સિંગ અને રિન્યૂએબલ એનર્જીને એક જ એપ પર લાવીને, સુપર ઈવી આ સહિયારા અભિગમને વધુ આગળ ધપાવે છે - જે એક એવું મોડલ બનાવે છે જે સમાન પડકારોનો સામનો કરી રહેલા અન્ય ઉભરતા બજારોમાં પણ અપનાવી શકાય છે.'ચાર્જિંગથી લઈને ફાઈનાન્સિંગ સુધી: ઈવી ફ્લીટ ઓપરેશન્સને સરળ બનાવવું સુપર ઈવી વિવિધ નેટવર્ક્સ પર ચાર્જિંગ સુવિધા સરળ બનાવે છે, જે કોમર્શિયલ ઈવી કામગીરીમાં એક મુખ્ય પડકાર છે. આ એપ દ્વારા, ડ્રાઈવરો ચાર્જર્સ શોધી શકે છે, ચાર્જિંગ સેશન શરૂ કરી શકે છે અને યુપીઆઈ (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ) દ્વારા વિવિધ ચાર્જિંગ નેટવર્ક્સ પર ચૂકવણી કરી શકે છે, જેથી અલગ-અલગ એપ્સ અને એકાઉન્ટ્સ મેનેજ કરવાની જરૂર રહેતી નથી.ફ્લીટ ઓપરેટરો ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર શોધીને કરાર કરી શકે છે, નવા ચાર્જિંગ સ્ટેશનો માટે વિનંતી કરી શકે છે, ઈવી ખરીદી અથવા લીઝ પર લઈ શકે છે, ફાઈનાન્સ મેળવી શકે છે અને પોતાના ઓપરેશનને પ્રમાણિત રિન્યૂએબલ એનર્જી સાથે જોડી શકે છે. ચાર્જિંગ અને અન્ય સેવા આપનારાઓ માટે, આ એપ માંગની સ્પષ્ટ માહિતી આપે છે, જેથી તેઓ નવા સ્થળોએ રોકાણ કરવા અને જ્યાં સૌથી વધુ જરૂર હોય ત્યાં ક્ષમતા વધારવા માટે તકો ઓળખી શકે. પલ્સ એનર્જીના સહ-સ્થાપક અને સીઈઓ અખિલ જયપ્રકાશ એ જણાવ્યું હતું કે, 'ભારતે યુપીઆઈ દ્વારા બતાવી દીધું છે કે ઓપન અને એકબીજા સાથે જોડાયેલ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર શું કરી શકે છે. સુપર ઈવી ફ્લીટ ઈલેક્ટ્રિફિકેશનમાં પણ એ જ અભિગમ લાવે છે – એક એવી એપ જ્યાં ડ્રાઈવર 85 નેટવર્ક્સ પર ચાર્જ કરી શકે છે, ફ્લીટ ઓપરેટર વાહનોનું ફાઈનાન્સ અને લીઝ મેળવી શકે છે, અને ખેડૂતની વધારાની સોલાર ઊર્જા ડિલિવરી વાનને પાવર આપી શકે છે. અમે ધ ક્લાઈમેટ પ્લેજના સહયોગથી આનું નિર્માણ કર્યું છે કારણ કે ઈવી અપનાવવા માટે વિવિધ સ્ટેકહોલ્ડર્સ અને સેવાઓ વચ્ચે વધુ સારા તાલમેલની જરૂર છે.'જેઓયુએલઈ: મોટા પાયે ઈલેક્ટ્રિફિકેશનને ટેકો : સુપર ઈવીની સ્થાપના જેઓયુએલઈ (જોઈન્ટ ઓપરેશન યુનીફાઈંગ લાસ્ટ માઈલ ઈલેટ્રિફિકેશન )ને મદદ કરવા માટે કરવામાં આવી હતી. જેઓયુએલઈ એ ધ ક્લાઈમેટ પ્લેજની આગેવાની હેઠળની એક સંયુક્ત પહેલ છે, જેનો ઉદ્દેશ્ય ભારતમાં શૂન્ય-ઉત્સર્જન કોમર્શિયલ મોબિલિટી તરફના ટ્રાન્સફોર્મેશનને ઝડપી બનાવવાનો અને માંગ એકત્રીકરણના પડકારોને અનન્ય રીતે ઉકેલવાનો છે.જેઓયુએલઈ ફ્લીટ ઓપરેટરો, વાહન ઉત્પાદકો, ચાર્જિંગ પ્રોવાઈડર્સ, ફાઈનાન્સર્સ અને અન્ય વ્યવસાયોને એકસાથે લાવે છે જેથી કોમર્શિયલ ફ્લીટ ઈલેક્ટ્રિફિકેશનમાં આવતી અડચણોને દૂર કરી શકાય. આ પડકારોને અલગ-અલગ ઉકેલવાને બદલે, જેઓયુએલઈ ફ્લીટ ઓપરેટરો તરફથી માંગ એકઠી કરે છે અને સેવા પ્રદાતાઓ માટે વધુ સુગમતા ઊભી કરે છે. આનાથી વ્યવસાયોને ઈલેક્ટ્રિક વાહનો, ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય સેવાઓની ક્યાં જરૂર છે તે ઓળખવામાં મદદ મળે છે.સુપર ઈવી દ્વારા, જેઓયુએલઈ કોમર્શિયલ ઈવી ચાર્જિંગ માંગને રિન્યૂએબલ એનર્જી સપ્લાય સાથે કેવી રીતે જોડી શકાય તેનું પણ પરીક્ષણ કરી રહ્યું છે. ઊર્જા મંત્રાલય દ્વારા વિકસાવવામાં આવેલા ઓપન ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર 'ઈન્ડિયા એનર્જી સ્ટેક'નો ઉપયોગ કરીને, સુપર ઈવી રિન્યૂએબલ એનર્જી ઉત્પાદકોને ચાર્જિંગ ઓપરેટરો સાથે જોડી શકે છે. આનાથી વધારાની સોલાર ઊર્જા ધરાવતા ખેડૂતો સહિતના પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદકો ઈવી ચાર્જિંગ માટે વીજળી પૂરી પાડી શકશે.

## ICICI પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સે સલાહકારો અને ડિસ્ટ્રિબ્યુશન પાર્ટનર્સની ડિજિટલ ક્ષમતાઓને પરિવર્તિત કરવા 'ICICI લાઈફ પાર્ટનર સ્ટેક 2.0' રજૂ કર્યું

અમદાવાદ | આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સે વર્ષ 2026માં નવી ક્ષમતાઓ સાથે પોતાના પાર્ટનર સ્ટેકને અપગ્રેડ કર્યું છે, જેને 'આઈસીઆઈસીઆઈ લાઈફ પાર્ટનર સ્ટેક 2.0' તરીકે રજૂ કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ વેચાણ, ઓનબોર્ડિંગ અને ગ્રાહક સેવા ક્ષેત્રે કંપનીના સલાહકારો અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને સમર્થન આપવા માટે એઆઈ-આધારિત ટૂલ્સ, પાર્ટનર-સિસ્ટમનું વ્યાપક ઈન્ટિગ્રેશન અને આધુનિક ડિજિટલ ક્ષમતાઓ પૂરી પાડે છે.આ અપગ્રેડેશન ગ્રાહક પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે, જેનાથી સલાહકારો અને વિતરણ ભાગીદારો સંબંધિત ઉકેલો શોધી શકે, ક્વોટેશન જનરેટ કરી શકે, ગ્રાહકોનો સમાવેશ કરી શકે અને તેમને ડિજિટલ સેવાઓ આપી શકે. 'ઈ-ક્વોટ' એપ ગ્રાહકના વર્ગ અને જીવનના તબક્કાના આધારે યોગ્ય પ્રોડક્ટ્સ સૂચવવા માટે એઆઈ-આધારિત પ્રોડક્ટ રેકમેન્ડરનો ઉપયોગ કરે છે, જ્યારે સલાહકારોને વ્યક્તિગત ક્વોટેશન તૈયાર કરી શેર કરવાની સુવિધા પણ આપે છે. એઆઈ-સક્ષમ ચેટબોટ 'લિવા' (LIVA) વાતચીત આધારિત ઈન્ટરફેસ પૂરું પાડે છે, જે ગ્રાહકો સાથે વાતચીત કરતી વખતે પ્રોડક્ટની વિશેષતાઓ અને ક્વોટેશન્સ મેળવવામાં સલાહકારોને મદદ કરે છે. આઈસીઆઈસીઆઈ લાઈફ પાર્ટનર સ્ટેક 2.0 અંગે માહિતી આપતાં આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર અમિષ બેન્કરે જણાવ્યું કે, "ગ્રાહકોને જીવન વીમાના ઉકેલો સમજાવવા અને તેને તેમના સુધી પહોંચાડવામાં અમારા સલાહકારો અને વિતરણ ભાગીદારો અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આઈસીઆઈસીઆઈ લાઈફ પાર્ટનર સ્ટેક 2.0 નો હેતુ તેમને એવા ડિજિટલ અને એઆઈ-સક્ષમ સાધનો પૂરા પાડવાનો છે જે તેમની દૈનિક કામગીરીને વધુ સરળ અને ગ્રાહક-અનુકૂળ બનાવે - યોગ્ય પ્રોડક્ટની પસંદગી અને ક્વોટેશનથી લઈને સમાવેશ અને ગ્રાહક સેવા સુધી.

## ભારતને ૩૪-૩૫ ટકા રોકાણ જીડીપી ગુણોત્તરની જરૂર

મુંબઈ: વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના પૂર્વ સભ્ય સુરજીત ભલ્લાએ મુંબઈમાં યોજાયેલા એક સંમેલન દરમિયાન જણાવ્યું છે કે ભારતને ઝડપી આર્થિક વિકાસ હાંસલ કરવા માટે પોતાના રોકાણ દરને જીડીપીના આશરે ૩૪ થી ૩૫ ટકા સુધી વધારવાની આવશ્યકતા છે, જેમાં લાંબા ગાળાની ઉત્પાદકતા માટે ખાનગી રોકાણ મુખ્ય ભૂમિકા ભજવશે.મીડિયા અહેવાલ અનુસાર, સુરજીત ભલ્લાએ સ્પષ્ટ કર્યું છે કે ખાનગી રોકાણે હંમેશાં સરકારી રોકાણની સરખામણીમાં વધુ ઉત્પાદકતા લાભો આપ્યા છે કારણ કે સરકારી રોકાણ મુખ્યત્વે માળખાકીય સુવિધાઓ તરફી હોય છે જે તાત્કાલિક આર્થિક વેગ આપે છે પરંતુ સમય જતાં ઓછા વળતર ઉત્પન્ન કરે છે. હાલમાં ભારતનો રોકાણ-જીડીપી ગુણોત્તર આશરે ૨૮ થી ૩૦ ટકા છે જે ૬.૫ ટકાના લાંબા




ગાળાના વિકાસ દરને સમર્થન આપે છે, પરંતુ ૮ ટકાનો વિકાસ દર હાંસલ કરવા માટે આ ગુણોત્તર ૩૪ થી ૩૫ ટકા સુધી લઈ જવો અનિવાર્ય છે.તેમણે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે ૨૦૧૧-૧૨ થી ભારતના ખાનગી રોકાણમાં ૫ થી ૭ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે જે એક મોટું અંતર ઊભું કરે છે. વૈશ્વિક વેપારની વર્તમાન પરિસ્થિતિઓ ખાસ મદદરૂપ ન હોવાને કારણે મજબૂત ઘરેલું રોકાણ જ ભારતનું ૮ ટકા વૃદ્ધિ લક્ષ્ય પ્રાપ્ત કરવાની મુખ્ય ચાવી બનશે. વધુમાં તેમણે ૨૦૧૫ની દ્વિપક્ષીય રોકાણ સંધિની ટીકા કરતા તેને સૌથી વધુ રોકાણ વિરોધી કરાર ગણાવ્યો હતો જે વિદેશી રોકાણમાં મોટો અવરોધ છે. દેશમાં રોકાણનું વાતાવારણ પુનઃજીવિત કરવા માટે નિયમનકારી સુધારાઓ અને વેપાર સુગમતામાં સુધારો કરવો અત્યંત જરૂરી છે. ભલ્લાએ ભારપૂર્વક જણાવ્યું કે સરકારની નીતિઓ સીધી રીતે રોકાણના નિર્ણયોને અસર કરે છે, તેથી વાણિજ્ય વિભાગ અને અન્ય નિયમનકારી સંસ્થાઓએ રોકાણને પ્રોત્સાહન આપવા માટે વધુ સક્રિય અને પારદર્શક નીતિઓ અપનાવવી જોઈએ.

## તારિલને એનપીસીઆઈએલના ટ્રાન્સફોર્મર્સ અને રિએક્ટર્સ માટેનો સીમાચિન્હરૂપ ઓર્ડર મળવાની સાથે ભારતના પરમાણું ઊર્જા ક્ષેત્રમાં વ્યૂહાત્મક પ્રવેશ કરે છે

(એજન્સી) અમદાવાદ | તા.01

ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઈન્ડિયા) લિમિટેડ (તારિલ), એ કર્ણાટકમાં ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનપીસીઆઈએલ) કૈગા યુનિટ 5 અને 6 ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ માટે જનરેટર ટ્રાન્સફોર્મર્સના પૂરવઠા માટેનો મોટો ઓર્ડર મેળવ્યો છે. આ ઓર્ડર પરમાણું ઊર્જા ક્ષેત્રમાં તારિલનો પ્રથમ ઓર્ડર છે, જે મહત્વપૂર્ણ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં કંપનીના વધતા પોર્ટફોલિયોમાં એક નવો અને નીતિગત રીતે મહત્વપૂર્ણ હિસ્સો ઉમેરશે. આ ઓર્ડર મેઘા એન્જિનિયરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમિટેડ (મેઈલ) તરફથી મળ્યો છે. કૈગા યુનિટ 5 અને 6માં બે સ્વદેશી 700 મેગાવોટ (મેગાવોટ ઈલેક્ટ્રિકલ)ના પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર (પીએચડબલ્યુઆર) છે, જે એનપીસીઆઈએલ દ્વારા કૈગા, કર્ણાટક ખાતે વિકસાવવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટ ભારતના સ્વદેશી 700 મેગાવોટ પીએચડબલ્યુઆર કાર્યક્રમનો એક ભાગ છે, તે સ્થાનિક ટેકનોલોજી અને ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત બનાવવાની સાથોસાથ પરમાણુ ઉર્જા ક્ષમતા વધારવાના દેશના પ્રયાસોને સમર્થન આપે છે. સાથે મળીને, બંને યુનિટ કૈગા સાઈટ પર 1,400 મેગાવોટ પરમાણુ ઉત્પાદન ક્ષમતા ઉમેરશે.જનરેટર ટ્રાન્સફોર્મર્સ પ્રોજેક્ટ એ ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો એક મહત્વપૂર્ણ ભાગ બનશે, જે પરમાણુ ઉર્જા એકમો દ્વારા ઉત્પન્ન કરવામાં આવતી ઉર્જાને ટ્રાન્સમિશન નેટવર્ક સાથે તેના સંકલનને ટેકો આપશે. ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર (ઈન્ડિયા) લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ સત્યેન મામતોરાએ જણાવ્યું હતું કે, "એનપીસીઆઈએલના આ ઓર્ડર સાથે અમને પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં પ્રવેશ કરીને અમને ગર્વ છે. પરમાણુ ઉર્જા ભારતની લાંબાગાળાની ઉર્જા સુરક્ષા અને સ્વચ્છ ઉર્જા મહત્વાકાંક્ષાઓને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને અમને આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય માળખામાં અમારા ટ્રાન્સફોર્મર ઉત્પાદન ક્ષમતાઓનું યોગદાન આપવાની અમને ખુશી છે. આ ઓર્ડર એ તારિલની ટેકનોલોજી, એન્જિનિયરિંગ ક્ષમતાઓ અને સાધનો પૂરા પાડવાની ક્ષમતામાં મૂકવામાં આવેલા વિશ્વાસનું મજબૂત સમર્થન છે. જેમ-જેમ ભારત વિકસિત ભારત 2047ના તેના વિઝન તરફ આગળ વધી રહ્યું છે, તેમ-તેમ સ્વદેશી ક્ષમતાઓને મજબૂત બનાવવી અને સ્થિતિસ્થાપક અને આત્મનિર્ભર ઉર્જા ઈકોસિસ્ટમનું નિર્માણ કરવું મહત્વપૂર્ણ રહેશે.

## નેક્સ્ટ ભારત વેન્ચર્સ પોર્ટફોલિયો 2 મિલિયન લોકો સુધી પહોંચ્યો, સામાજિક અસરને નાણાકીય કામગીરી સાથે જોડતો ઈમ્પેક્ટ રિપોર્ટ જાહેર કર્યો

બેંગાલુરુ : જાપાનમાંથી પ્રાપ્ત મૂડીનું પીઠબળ ધરાવતું નેક્સ્ટ ભારત વેન્ચર્સ (NBV) નવા યુગનું ઈમ્પેક્ટ ફર્સ્ટ ફંડ છે. આ ફંડે આજે પોતાનો ઈમ્પેક્ટ રિપોર્ટ 2026 જાહેર કર્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું છે કે, ગ્રામીણ અને અનૌપચારિક અર્થતંત્રમાં ભારતના આગામી અબજ લોકોને સેવા આપતા વ્યવસાયો કેવી રીતે વાણિજ્યિક રીતે વ્યવહારિક અને કામગીરી વધારી શકે એવા ઉદ્યોગસાહસિક બનીને માપી શકાય એવી સામાજિક અસર પેદા કરી શકે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, નેક્સ્ટ ભારતના રોકાણ પછી 21 પોર્ટફોલિયો કંપનીઓ મારફતે 20,00,000 લોકો સુધી પહોંચ ઊભી થઈ છે અને સાથે સાથે ખાસ ક્ષેત્રોમાં સારી વાણિજ્યિક કામગીરી પણ જોવા મળી છે. NBVએ ભારતમાં ઈમ્પેક્ટ-સંચાલિત ઉદ્યોગસાહસિકતા માટે Y કોમ્બિનેટર પ્રેરિત ઈકોસિસ્ટમ સાથે સીડ ફંડિંગમાં રૂ. 20.76 કરોડની કટિબદ્ધતા વ્યક્ત કરી છે. તેમાં બ્લેકફ્રોગ ટેકનોલોજીસ માટે રૂ. 9 કરોડનું રોકાણ સામેલ છે, જેની એમ્વોલિયો ભારતની પ્રથમ પેટન્ટ ધરાવતી, અગાઉથી લાયકાત ધરાવતી WHO-PQS એક્ટિવ-કૂલ્ડ રસી છે, જેને અંતરિયાળ અને માળખાગત સુવિધાઓની ઊણપ ધરાવતા વિસ્તારોમાં લાસ્ટ-માઈલ ડીલિવરી માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ સોલ્યુશન અત્યાર સુધી ભારતમાં 251,512 લાભાર્થીઓ સુધી પહોંચી ગયું છે અને આફ્રિકામાં પણ એની આંતરરાષ્ટ્રીય હાજરી છે. ઉપરાંત, તેમણે પોતાની ત્રીજી બેચમાં 4 વ્યવસાયોમાં રોકાણ કર્યું છે. eBik માટે રૂ. 7.5 કરોડ, જે ગિગ વર્કર્સ, હૉકર્સ અને ડીલિવરી કરતા લોકો માટે ઈલેક્ટ્રિક મોબિલિટી સોલ્યુશન બનાવે છે. એની ઈ-સાયકલ અને ઈ-કાર્ટમાંથી હાલ 6,000થી વધારે લોકો લાભ લે છે.CIBOS માટે રૂ. 2 કરોડ, જે સ્ટ્રીટ વેન્ડર્સ માટે સોલર-સંચાલિત કૂકિંગ સોલ્યુશન આપે છે.

## વર્લપૂલ દ્વારા 360° ટ્રિપલ કૂલિંગ ટેકનોલોજીથી સજ્જ પ્રીમિયમ 4-ડોર રેફ્રિજરેટર્સની 'લક્ઝ્યુરીયમ' રેન્જ લોન્ચ

નવી દિલ્હી | ભારતના અગ્રણી હોમ એપ્લાયન્સ ઉત્પાદકોમાંની એક, વર્લપૂલ ઑફ ઈન્ડિયા લિમિટેડે આજે તેની પ્રીમિયમ 4-ડોર રેફ્રિજરેટર રેન્જ લક્ઝ્યુરીયમ રજૂ કરવાની જાહેરાત કરી. આધુનિક ભારતીય ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી આ રેન્જમાં અત્યાધુનિક ડિઝાઈન, બુદ્ધિશાળી ક્ષમતાઓ અને રોજિંદા ઉપયોગમાં સરળતા વચ્ચે સંપૂર્ણ સંતુલન જાળવવામાં આવ્યું છે. આ ફ્લેગશિપ 654L રેફ્રિજરેટરમાં વર્લપૂલની અત્યાર સુધીની સૌથી અદ્યતન રેફ્રિજરેશન ટેકનોલોજી રજૂ કરવામાં આવી છે.ખાદ્ય પદાર્થોને જાળવી રાખવાની ઉત્કૃષ્ટ ગુણવત્તા, આકર્ષક અને શ્રેષ્ઠ ડિઝાઈન તથા ઉદ્યોગ અને ભારતમાં પ્રથમ વખત રજૂ કરવામાં આવેલી નવીનતાઓ સાથે, લક્ઝ્યુરીયમની 4-ડોર રેફ્રિજરેટર રેન્જને પ્રીમિયમ ભારતીય પરિવારોની બદલાતી જરૂરિયાતોને




ધ્યાનમાં રાખીને ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવી છે. અદ્યતન કૂલિંગ ટેકનોલોજી અને ઈન્ટેલિજન્ટ સ્ટોરેજની સુગમ વ્યવસ્થાથી લઈને વૈભવી ફિનિશ અને આકર્ષક ઈન્ટિરિયર સુધી દરેક ભાગને વધુ શ્રેષ્ઠ ઉપયોગના અનુભવ માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે પ્રીમિયમ રેફ્રિજરેશનના ભવિષ્યને એક નવી દિશા આપે છે. આ લોન્ચ અંગે વાત કરતા, વર્લપૂલ ઓફ ઈન્ડિયાના માર્કેટિંગ વાઈસ પ્રેસિડેન્ટ નકુલ તિવારીએ જણાવ્યું હતું કે: 'જ્યારે અમે મોટા કેપેસિટી ધરાવતા રેફ્રિજરેટર્સના હાલના યુઝર્સ સાથે વાતચીત કરી, ત્યારે બજારમાં ઉપલબ્ધ વર્તમાન પ્રોડક્ટ્સ સંદર્ભે કેટલીક સમસ્યાઓ સામે આવી - જેમ કે ભારતીય રસોઈ માટે જરૂરી એવા મોટા અને પહોળા વાસણો રાખવા માટે પૂરતી જગ્યા ન હોવી, કન્વર્ટિબલ સોલ્યુશન બિનઅસરકારક હોવું અને શાકભાજી/ફળો મૂકવાના ઝોન માટે વારંવાર નીચે નમવું પડે છે.

## પડકારો સામે મજબૂતી હવે વૃદ્ધિની પ્રાથમિકતા બની રહી હોવાથી ભારતીય કંપનીઓ સપ્લાય ચેઈનમાં વૈવિધ્ય લાવી રહી છે અને ઈન્વેન્ટરી વધારી રહી છે

અમદાવાદ | ડીપી વર્લ્ડના ગ્લોબલ ટ્રેડ ઓબ્ઝર્વેટરીના નવા સંશોધન મુજબ, ભારતીય કંપનીઓ સપ્લાય ચેઈનમાં વધુ મજબૂતી લાવવા અને વૃદ્ધિની નવી તકોનો લાભ લેવા માટે સક્રિયપણે પોતાની સપ્લાય ચેઈનને નવેસરથી તૈયાર કરી રહી છે. આ માટે સપ્લાયરોમાં વૈવિધ્ય, વ્યૂહાત્મક રીતે ઈન્વેન્ટરી જાળવવી અને ડિજિટાઈઝેશન મુખ્ય પ્રાથમિકતાઓ તરીકે ઉભરી રહ્યાં છે. 451 સિનિયર સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ : ક્ઝિક્યુટિવ્સના સર્વે પર આધારિત 'ધ ઈન્ડિયા કન્ટ્રી રિપોર્ટ 2026'માં જાણવા મળ્યું છે કે વૈશ્વિક સ્તરે અન્ય કંપનીઓની સરખામણીએ ભારતીય કંપનીઓ સપ્લાય ચેઈનની સ્થિરતા અને પડકારોનો સામનો કરવાની ક્ષમતાને વધુ મહત્વ આપી રહી છે. સપ્લાયરોમાં વૈવિધ્ય લાવવું સૌથી મોટી પ્રાથમિકતા છે. ત્યારબાદ ઈન્વેન્ટરી વધારવી અને ફ્રેન્ડ-શોરિંગનો ક્રમ આવે છે. ટેક્નોલોજીનો સ્વીકાર અને નવા બજારોમાં પ્રવેશ પણ વૃદ્ધિના મહત્વપૂર્ણ પરિબળો બની રહ્યાં છે. અડધાથી વધુ ભારતીય કંપનીઓ ગ્રાહકો સાથે સીધા જોડાયેલી સેવાઓને સંપૂર્ણપણે ડિજિટલ બનાવી ચૂકી છે, જ્યારે વૈશ્વિક સ્તરે આવી કંપનીઓની સંખ્યા દસમાંથી ચાર કરતાં પણ ઓછી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ રૂટને વધુ અસરકારક બનાવવામાં, ડોક્યુમેન્ટેશન અને કસ્ટમ્સ પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવામાં થઈ રહ્યો છે, જેના કારણે સપ્લાય ચેઈન વધુ મજબૂત બની રહી છે. ભારતનું બદલાતું વેપારી ક્ષેત્ર પણ આ પરિવર્તનને વધુ વેગ આપી રહ્યું છે. પીએલઆઈ સ્કીમ દેશના સ્થાનિક ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવી રહી છે, જ્યારે વિસ્તરી રહેલા વેપાર સંબંધો નવા સ્ત્રોતો અને બજારોની તકો ઊભી કરી રહ્યા છે. વર્ષ 2022થી ભારતે યુએઈ, ઓસ્ટ્રેલિયા, યુકે, ઈએફટીએ દેશો, ઓમાન, ન્યૂઝીલેન્ડ અને યુરોપિયન યુનિયન સાથે વેપાર કરારો પૂર્ણ કર્યા છે. જ્યારે જીસીસી અને ઈઝરાયેલ સાથે વાટાઘાટો ચાલી રહી છે. વધુ વેપાર વૃદ્ધિ માટે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ (એફટીએ) સૌથી મોટી નીતિગત પ્રાથમિકતા તરીકે સામે આવ્યા છે. લગભગ અડધા એક્ઝિક્યુટિવ્સે તેને પ્રાથમિકતા આપી છે, જે ડિજિટાઈઝેશન અને વેપાર સુવિધા કરતાં પણ આગળ છે. ભારતમાં વેપાર માટે નાણાંકીય વ્યવસ્થાની ઉપલબ્ધતા પણ વધુ સારી છે.

### 6 મહિનામાં રેકોર્ડ સુધરવા લાગશે | સારા ક્રેડિટ સ્કોરના કારણે બેન્કોને તમારા પર ભરોસો બેસે છે અને ડિફોલ્ટનું જોખમ ઘટી જાય છે

# નબળા CIBILથી પરેશાન હોવ તો ટ્રીક કરો ફોલો...

(એજન્સી) નવી દિલ્હી | તા.01

ઘર ખરીદવા કે પર્સનલ લોન લેવાની તૈયારી કરી રહેલા લોકો માટે સિબિલ (CIBIL) સ્કોર એક અત્યંત મહત્ત્વપૂર્ણ પાસું છે. CIBIL એટલે 'ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો (ઈન્ડિયા) લિમિટેડ'. તે 300થી 900ની વચ્ચેનો 3 અંકનો એક નંબર છે, જે તમારી લોન લેવાની યોગ્યતા અને જૂની લોન ચૂકવવાનો રેકોર્ડ દર્શાવે છે. જો તમારો સિબિલ સ્કોર 900ની નજીક હોય, તો તેનો અર્થ એ થાય છે કે તમે જવાબદારીપૂર્વક તમારી લોનની ચુકવણી કરી રહ્યા છો. સારા ક્રેડિટ સ્કોરના કારણે બેન્કોને તમારા પર ભરોસો બેસે છે અને ડિફોલ્ટનું જોખમ ઘટી જાય છે.જો તમારો ક્રેડિટ સ્કોર નબળો છે, તો નવી લોન મળવામાં મુશ્કેલી પડી શકે છે. જોકે, યોગ્ય નાણાકીય શિસ્ત જાળવવામાં આવે તો 6 મહિનાની અંદર ક્રેડિટ સ્કોરમાં સુધારો જોવા મળી શકે છે. ખાસ કરીને જો તમારો સ્કોર તાજેતરમાં મિસ થયેલા હપ્તા (EMI), ક્રેડિટ કાર્ડના વધુ પડતા વપરાશ કે ક્રેડિટ રિપોર્ટમાં કોઈ ખોટી માહિતીના કારણે ઘટ્યો હોય, તો તેમાં ઝડપથી સુધારો શક્ય છે. ક્રેડિટ સ્કોર સુધારવા માટે માત્ર નવું ક્રેડિટ કાર્ડ લેવું પૂરતો નથી, પરંતુ સ્કોર ઓછો થવાનું સાચું કારણ સમજીને નીચે મુજબના ઉપાયો કરવા જરૂરી છે: સિબિલ સ્કોર સુધારવા માટે સૌથી મહત્ત્વનું પગલું એ છે કે દરેક ક્રેડિટ કાર્ડ બિલ અને લોનની EMI નિયત તારીખે જ ભરી દેવી. લેટ પેમેન્ટ કે ચૂકવવાનું બાકી રહી જવું ક્રેડિટ સ્કોરને મોટું નુકસાન પહોંચાડે છે. જો કોઈ જૂની બાકી રકમ હોય તો તેનો તુરંત નિકાલ કરવો હિતાવહ છે.માત્ર સમયસર બિલ ભરવું પૂરતું નથી, પરંતુ તમારી ક્રેડિટ લિમિટમાંથી તમે કેટલો વપરાશ કરો છો તે પણ મહત્ત્વનું છે. ક્રેડિટ કાર્ડની લિમિટનો મોટો હિસ્સો સતત વાપરવાથી બચવું જોઈએ. કાર્ડનું બેલેન્સ ઓછું રાખવાથી અને બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખવાથી તમારી ક્રેડિટ પ્રોફાઈલ ઝડપથી સુધરશે.ઓછા સમયમાં અનેક લોન કે ક્રેડિટ કાર્ડ માટે અરજી કરવાથી પણ ક્રેડિટ પ્રોફાઈલ પર નકારાત્મક અસર પડે છે. દરેક અરજી વખતે બેન્ક તમારી ક્રેડિટ રિપોર્ટ તપાસે છે, જેનાથી મલ્ટિપલ ક્રેડિટ ઈન્ક્વાયરી નોંધાય છે. જો કોઈ લોન રિજેક્ટ થાય, તો તુરંત બીજી બેન્કમાં જવાના બદલે રિજેક્શનનું કારણ સમજીને તેને સુધારવાનો પ્રયાસ કરો.તમારો ક્રેડિટ રિપોર્ટ સમયાંતરે તપાસતા રહેવું ખૂબ જ જરૂરી છે. ઘણી વખત રિપોર્ટમાં અજાણ્યા એકાઉન્ટ, ખોટી બાકી રકમ, ખોટું લેટ પેમેન્ટ કે પછી બંધ કરી દીધેલી લોન હજુ પણ ચાલુ દેખાવા જેવી ભૂલો થઈ જતી હોય છે. જો તમને તમારા રિપોર્ટમાં આવી કોઈ ભૂલ કે ગરબડ જણાય, તો તમે ક્રેડિટ બ્યુરો સમક્ષ ડિસ્પ્યૂટ (તકરાર/ફરિયાદ) નોંધાવીને તેને સરળતાથી સુધરાવી શકો છો.ઓછો ઉપયોગ કરતા હોવ તો પણ જૂના ક્રેડિટ કાર્ડને બંધ કરી દેવાની ઉતાવળ ન કરવી. ક્રેડિટ હિસ્ટ્રીની ઉંમર (આયુષ્ય) પણ સ્કોર નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જૂનું એકાઉન્ટ બંધ કરવાથી તમારી કુલ ક્રેડિટ લિમિટ ઘટી જાય છે, જેનાથી તમારું ક્રેડિટ યુટિલાઈઝેશન રેશિયો વધી શકે છે.આગામી 6 મહિનામાં તમારો ક્રેડિટ સ્કોર કેટલો વધશે તેનો કોઈ નક્કી આંકડો આપી શકાય નહીં, કારણ કે તે તમારી વર્તમાન પ્રોફાઈલ પર નિર્ભર કરે છે. જે લોકોની રિપોર્ટમાં ભૂતકાળમાં ગંભીર ડિફોલ્ટ નોંધાયેલા છે, તેમને સુધારા માટે વધુ સમય લાગી શકે છે. આ સિવાય, પૈસા લઈને રાતોરાત કે તુરંત ક્રેડિટ સ્કોર વધારી આપવાનો દાવો કરતી કંપનીઓ કે એજન્ટોથી સાવધ રહેવું જોઈએ. ક્રેડિટ સ્કોરમાં સુધારો યોગ્ય ચુકવણી વ્યવહાર અને સમય સાથે જ શક્ય બને છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -04**

# ભારતને હિમાલયની નોટિસ

હિમાલયમાં વારંવાર થતી કુદરતી આફતો હવે ફક્ત સ્થાનિક ઘટનાઓ રહી નથી. નેપાળમાં તાજેતરમાં બનેલી દુર્ઘટનાએ ફરી એકવાર ચેતવણી આપી છે કે આબોહવા પરિવર્તન, વધતું તાપમાન અને બદલાતા ચોમાસાઓ હિમાલયની ઈકોસિસ્ટમ પર અસર કરી રહ્યા છે. તિબેટમાં બરફ પીગળવાથી નેપાળથી ભારત સુધી અસર થઈ શકે છે. પ્રકૃતિની મર્યાદાઓને સમજ્યા વિના વિકાસ હવે ગંભીર ખતરો ઉભો કરી રહ્યો છે. નેપાળ ફરી એકવાર એક મોટી કુદરતી આફતનો સામનો કરી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ધરતીકંપોની શ્રેણીને કારણે જાનમાલનું નોંધપાત્ર નુકસાન થયું છે. હવે, વિનાશક પૂરના સ્વરૂપમાં બીજી એક દુર્ઘટના સર્જાઈ છે, જેનાથી સમગ્ર દેશ ખૂબ જ આઘાત અને ચિંતિત છે. આ ઘટના અંગે અનેક સિદ્ધાંતો સામે આવી રહ્યા છે. એક શક્યતા એ છે કે આશરે ૨,૦૦૦ ચોરસ ફૂટનો બરફનો એક મોટો ટુકડો તિબેટમાં લગભગ ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈથી તૂટીને નીચે પડયો હતો. આ અથડામણ એટલી તીવ્ર હતી કે તે એક શક્તિશાળી વિસ્ફોટ જેવો અનુભવ થયો. આ ઘટના હકીકતમાં તો ભારતને હિમાલયે આપેલી નોટિસ છે, જો વાંચતા આવડે તો !

કડવું સત્ય એ છે કે આ ઘટના હિમાલયમાં બદલાતી ઈકોલોજીકલ ગતિશીલતાનું પરિણામ છે, જે મુખ્યત્વે ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનને કારણે છે. આ આપત્તિએ નેપાળના વિશાળ વિસ્તારને તબાહ કરી દીધો. આ દુર્ઘટનાથી થયેલા વિનાશની સંપૂર્ણ હદ અને તેની પાછળના વાસ્તવિક ટેકનિકલ કારણો સમય જતાં સ્પષ્ટ થશે. જોકે, આ ઘટનાએ હિમાલયની નાજુકતા અને ત્યાં રહેતા લોકોની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. પર્વતોમાં, વસાહતો અને માળખાગત સુવિધાઓ ઘણીવાર નદીઓના કિનારે વિકસે છે. તેથી, જ્યારે નદીઓમાં અચાનક પૂર આવે છે, ત્યારે આ વસાહતો સૌથી પહેલા અને સૌથી વધુ પ્રભાવિત થાય છે. હિમાલયની ભૌગોલિક વાસ્તવિકતા એ છે કે કોઈ એક શિખર કે સ્થાન પર આવતી આપત્તિ ક્યારેય તે પ્રદેશ સુધી મર્યાદિત હોતી નથી. તેની અસર નીચે તરફના માનવ સમુદાયો, તેમની આજીવિકા અને માળખાગત સુવિધાઓ પર પડે છે. કેદારનાથ, ધારચુલા, ધારસુ જેવી ભૂતકાળની ઘટનાઓ અને સિક્કિમમાં તાજેતરના સંકટ આવા વિનાશના ઉદાહરણો છે. હિમાલયમાં થતી ગતિવિધિઓને એકલવાયી કે સ્થાનિક ઘટનાઓ તરીકે ન જોઈ શકાય.

તિબેટમાં બરફ તૂટવાનો મોટો ટુકડો નેપાળ અને ભારત પર સીધી અસર કરી શકે છે. સરહદો દેશો વચ્ચે હોય છે, કુદરત વચ્ચે નહીં. હિમાલયથી બે અબજથી વધુ લોકોને સીધો ફાયદો થાય છે. તેથી, તેઓ હિમાલયમાં થતા કોઈપણ મોટા ફેરફારો માટે એટલા જ સંવેદનશીલ છે. આ કટોકટી વ્યાપક ઈકોસિસ્ટમને પણ જોખમમાં મૂકે છે. તિબેટ તેના લીલા આવરણ અને પર્યાવરણીય નીતિઓને પ્રાથમિકતા આપવા માટે જાણીતું છે. જો કે, આવી ઘટના ત્યાં ઉદભવી તે સાબિત કરે છે કે કોઈ પણ પ્રદેશ ગ્લોબલ વોર્મિંગની પ્રતિકૂળ અસરોથી સંપૂર્ણપણે સુરક્ષિત નથી.

હિમાલયના રાજ્યોમાં માળખાગત આયોજન અને નેતૃત્વ પર ઘણીવાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે - અને તે યોગ્ય છે. પરંતુ આ સમસ્યાના એકમાત્ર કારણો નથી. મૂળ કારણ ગ્લોબલ વોર્મિંગ છે, જેમાં હિમાલય પ્રથમ અને સૌથી વધુ ગંભીર રીતે પ્રભાવિત છે. આજે, પર્વતોમાં રહેતા લોકો ચોમાસાથી ડરવા લાગ્યા છે. તેમને ડર છે કે અચાનક આવતી આફત તેમના ઘરો, ખેતરો અને આજીવિકાનો નાશ કરી શકે છે. તળેટીના ગામડાઓ સતત આનો ભોગ બને છે.

દરિયાઈ તાપમાનમાં વધારો હવે વાતાવરણીય દબાણ અને ચોમાસાની પેટર્નમાં ફેરફાર કરે છે. આના પરિણામે કેટલાક વિસ્તારોમાં ગંભીર દુષ્કાળ પડે છે અને કેટલાક વિસ્તારોમાં વાદળ ફાટવા સહિત અચાનક પૂર આવે છે. નેપાળમાં થયેલી આ દુર્ઘટના ૨૦૧૩ ની કેદારનાથ દુર્ઘટના જેવી સ્પષ્ટ સામ્યતા ધરાવે છે, જ્યારે હિમનદીઓ પીગળી જવાથી અને તળાવો ફાટવાથી ભારે પૂર આવ્યું હતું. આખરે, આ ઘટનાઓનું મૂળ કારણ ઉર્જાનો અવિચારી ઉપયોગ અને અતિશયય કાર્બન ઉત્સર્જન છે. હિમાલયમાં રહેતા લોકો ગ્લોબલ વોર્મિંગ માટે બહુ ઓછી, જો વ્યવહારીક રીતે નહીં, તો પણ જવાબદાર છે. વાસ્તવિક જવાબદારી ઔદ્યોગિક અને વિકસિત રાષ્ટ્રોની છે. તાજેતરના વર્ષોમાં, યુરોપ પણ આબોહવા પરિવર્તનની ગંભીર અસરોનો સામનો કરવા લાગ્યું છે. હિમાલયના દેશોએ આ પડકારનો અત્યંત ગંભીરતા અને તાકીદ સાથે સામનો કરવો જોઈએ.

## ચાણસ્માના ઈટોદા અને ભાટસર ગામે દારૂ પીવાથી બે યુવકોનું દારૂ પીવાથી મોત થયાનો પરીવારજનોનો કથિત આક્ષેપ

### ધારાસભ્ય દિનેશ ઠાકોરે મૃતકના પરિવારની મુલાકાત લઈ પોલિશ અધિકારી અને કર્મચારી પર ગંભીર આક્ષેપો કર્યા



**મૃતક યુવકના પિતા શુ કહે છે**

ઈટોદાનો મૃતક યુવક લાભુજી મદાર જી ઠાકોરના. પિતા મદાર જી ઠાકોરે જણાવ્યું હતું કે .મારા દિકરો બળેવના દિવસે દારૂ પિધેલ જેને ઉલ્ટી થયા બાદ મોત નિપજ્યું હોવાનુ જણાવ્યું હતું.

**નિતીન ઠાકર ચાણસ્મા**

બળેવના દિવસે ઈટોદા ગામના એક ઠાકોર યુવક અને ભાટસરના રાવળ યુવકનું દારૂ પીવાથી મોત થયાના પરીવારજનો દ્વારા કથિત આક્ષેપો કરાતાં ચાણસ્મા પંથક માં ચકચાર મચી જવા પામી હતી જેના પગલે ચાણસ્માના ધારાસભ્ય દિનેશજી ઠાકોરને બંન્ને યુવક ના મોત ની હકીકતની જાણ થતાં મૃતક યુવકો ના પરીવારજનોની મુલાકાત લઈ હકીક્ત જાણ્યા બાદ ચાણસ્મા તાલુકામાં દારૂ જુગાર વરલી-મટકા જેવી અસામાજિક પ્રવૃતિઓ બેરોકટોક ચાલી રહી છે અને જેની સીધી જવાબદારી એલસીબી પોલિસ પાટણ અને પોલિસ કર્મચારી કેતન પટેલ ની સંડોવણીના કથિત ગંભીર આક્ષેપો કરતાં પોલિસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

## નેશનલ હાઈવે ૧૦૩૩ હેલ્પલાઇન અંગે મોકડ્રિલ અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી કરતા વાહનચાલકો અને મુસાફરોને અકસ્માત કે અન્ય કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં ઝડપી અને અસરકારક સહાય મળી રહે તે હેતુથી કાર્યરત NHAI ૧૦૩૩ હેલ્પલાઈન અંગે જનજાગૃતિ લાવવા માટે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. મોકડ્રિલ દરમિયાન હાઈવે પર અકસ્માત જેવી પરિસ્થિતિ ઊભી કરી ૧૦૩૩ હેલ્પલાઈન પર કોલ કરવાથી મળતી સેવાઓ અને સમગ્ર રેસ્ક્યુ પ્રક્રિયાનું પ્રેક્ટિકલ નિદર્શન કરવામાં આવ્યું હતું. ૧૦૩૩પર મળતી માહિતીના આધારે સંબંધિત રેસ્ક્યુ ટીમ, એમ્બ્યુલન્સ, પેટ્રોલિંગ વાહન તથા જરૂરી અન્ય સેવાઓને સ્થળ પર પહોંચાડવાની કામગીરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અકસ્માત અથવા કોઈપણ ઈમરજન્સી સમયે ૧૦૩૩ પર સંપર્ક કરી શકાય છે. અકસ્મતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિઓને જરૂરી તબીબી સહાય માટે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં મદદ મળે છે.હાઈવે પર વાહન ખરાબ થઈ જવાથી અથવા રસ્તા પર વાહન અટકી જવાથી જરૂરી રોડસાઈડ સહાય મેળવવામાં મદદ મળે છે.અકસ્મતની જાણ થતાં સંબંધિત ટીમોને સ્થળ પર મોકલીને ટ્રાફિક મેનેજમેન્ટ તથા રેસ્ક્યુ કામગીરીમાં સહાય કરવામાં આવે છે.રસ્તા પરના અવરોધ, અસુરક્ષિત પરિસ્થિતિ અથવા અન્ય હાઈવે સંબંધિત સમસ્યાઓની જાણ પણ ૧૦૩૩ મારફતે કરી શકાય છે. મોકડ્રિલ દરમિયાન ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો કે અકસ્મત સમયે ગભરાવું નહીં અને શક્ય તેટલી ચોક્કસ માહિતી સાથે ૧૦૩૩ પર કોલ કરવો. કોલ કરતી વખતે અકસ્માતનું સ્થળ, નજીકનું ગામ/લેન્ડમાર્ક, વાહનની દિશા, ઈજાગ્રસ્તોની સંખ્યા તથા અન્ય જરૂરી વિગતો જણાવવાથી રેસ્ક્યુ ટીમને ઝડપથી સ્થળ સુધી પહોંચવામાં મદદ મળે છે.NHAI દ્વારા તમામ રોડ યુઝર્સને અપીલ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કોઈપણ ઈમરજન્સી સમયે ૧૦૩૩ નંબરનો ઉપયોગ કરી પોતાની તથા અન્ય રોડ યુઝર્સની સલામતી સુનિશ્ચિત કરવામાં સહભાગી બને.

## ગાંધીધામમાં સોના ચાંદી મહામંડળની મહત્વપૂર્ણ બેઠક - ભાવ વધારા વચ્ચે જ્વેલર્સ એકતાનો શંખનાદ

### સોના ચાંદીના વધતા ભાવો, સુરક્ષા અને વિશ્વકર્મા યોજના મુદ્દે મંથન; સંગઠનને વધુ મજબૂત બનાવવા સંકલ્પ

**મહેશ એલ. સોની નખત્રાણા**

ગાંધીધામ તાલુકા સોના ચાંદી મહામંડળની મહત્વપૂર્ણ બેઠક ગાંધીધામ ખાતે યોજાઈ હતી . બેઠકની અધ્યક્ષતા મીટીંગના પ્રમુખ દિશાકભાઈ સોનીએ સંભાળી હતી. કચ્છ જિલ્લા પ્રમુખ હીરાલાલભાઈ સોની, મંત્રી યોગેશભાઈ સોની, મહામંડળના લીગલ સેલના એડવાઈઝર એડવોકેટ પારુલબેનની ખાસ ઉપસ્થિતિમાં ભેગા



થયેલા જ્વેલર્સે સોના-ચાંદીના ભાવ વધારાના સમયમાં ઉદ્યોગને પડતી મુશ્કેલીઓ અને તેના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરી.કચ્છના વિવિધ અખબારોમાં સોના-ચાંદીના વધતા ભાવોને લઈને આવતા અહેવાલોથી વેપારીઓમાં ચિંતા ફેલાઈ છે. આ સંદર્ભે નરેશભાઈ સોની, ગીરીશ પાટડિયા અને મનીષ પાટડિયાએ રજૂઆત કરતાં જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયથી સોના-ચાંદીના ભાવમાં સતત વધારો નોંધાયો છે, જેના કારણે ગ્રાહકોની ખરીદીમાં ઘટાડો થયો છે અને નાના વેપારીઓની આર્થિક સ્થિતિ પર અસર થઈ છે. ચિરાગભાઈ આડેસરા, બિપીનભાઈ પાટડિયા તેમજ મોનાર્કભાઈ સોનીએ જણાવ્યું કે ભાવ વધારાને કારણે જ્વેલરી વેપારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે, જેથી જ્વેલર્સ એકતા સાથે આ સ્થિતિનો સામનો કરે તે જરૂર છે. નાના-મોટા રિટેલ જ્વેલર્સને પડતા અન્ય પડકારો અને ગેરસમજણો દૂર કરવા માટે સસ્તું માલનું એડવોકેટ પારુલબેન સોનીએ ઉપાયો બતાવ્યા હતા, સમાચારોને હકીકત આધારિત માહિતી જાહેરમાં મુકવી જોઈએ જેથી ગ્રાહકનો વિશ્વાસ જળવાઈ રહે.બેઠકમાં સુરક્ષા એ મુખ્ય મુદ્દો બન્યો. જતીનભાઈ સોની, જયેન્દ્ર ભાઈ સોની અને મેહુલભાઈ સોનીએ ભાર મૂક્યો કે ચોરીથી મેળવેલો માલ કોઈ પણ સંજોગોમાં ખરીદવો નહીં. માલ વેચવા માટે આવનાર વ્યક્તિ પાસેથી આધારકાર્ડની તપાસ કરી સહી સહિતની રસીદ લેવી અને તાત્કાલિક પેમેન્ટ કાયદાકીય મર્યાદામાં રહીને કરવો જોઈએ. તેમણે કહ્યું કે કાયદાનું પાલન કરવું એ સૌની જવાબદારી છે. હીરાલાલભાઈ સોનીએ સુરક્ષા અંગે વિગતવાર માર્ગદર્શન આપતા જણાવ્યું કે દરેક દુકાનની અંદર અને બહાર CCTV કેમેરા ગોઠવવા જોઈએ, રાત્રે સોના-ચાંદીનો માલ સુરક્ષિત તિજોરીમાં મુકવો, ઓછા નફામાં પણ ગ્રાહક સાથે વિશ્વાસભર્યો વ્યવહાર જાળવી રાખવો, અને અન્ય જ્વેલર સાથે હરીફાઈ રાખવી જોઈએ નહીં. તેમણે કહ્યું કે ગ્રાહકનો વિશ્વાસ એ જ અમારી મૂડી છે, તેને તોડવાનું કામ ન થવું જોઈએ.બેઠકમાં વિશ્વકર્મા યોજના અંગે ચર્ચા થઈ હતી. માર્ચ-એપ્રિલ 2025માં કચ્છ જિલ્લામાંથી લગભગ 1000 જેટલા સુવર્ણકારોની નોંધણી કરાવી હતી, પરંતુ આજે પણ મોટાભાગના કારીગરોને યોજનાનો લાભ મળ્યો નથી. આ માટે સંગઠન દ્વારા સરકારમાં રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતુ. તેમણે જણાવ્યું કે જ્યાં સુધી લાભ ન મળે ત્યાં સુધી આગળ પણ રજૂઆત ચાલુ રાખવામાં આવશે. બેઠકમાં સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ આનંદ ભાઈ કોટડિયા, ભચાઉ પ્રમુખ ધર્મેન્દ્ર ભાઈ પાટડિયા, આદિપુર સભા મંડળના પ્રમુખ જેતીનભાઈ સોની, તેમજ મેહુલભાઈ સોની તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીધામના મેઈન બજાર, કિડાણા, સુર પુરી, ગણેશ નગર સહિતના અનેક વિસ્તારોમાંથી જ્વેલર્સ મોટી સંખ્યામાં હાજર રહીને પોતાના મંતવ્યો રજૂ કર્યા. સભામાં ઉપસ્થિત તમામે સંગઠનની એકતા જાળવી રાખી જ્વેલર્સના હિત માટે સતત કાર્ય કરવાનું સમર્થન કર્યું. કાર્યક્રમનું સુચારૂ સંચાલન દિશાકભાઈ સોનીએ કર્યું હતું, જ્યારે આભારવિધિ મંત્રી શ્રી નરેશભાઈ સોનીએ કરીને તમામ ઉપસ્થિતોનો આભાર માન્યો.અંતમાં હીરાલાલભાઈ સોનીએ જણાવ્યું કે આવનારા સમયમાં જિલ્લાભરમાં જ્વેલર્સ સંમેલનનું આયોજન કરી યોજનાના લાભ તેમજ કાયદાકીય જાગૃતિ માટે સેમિનાર કરવામાં આવશે. સભાના અંતે સર્વ સભ્યોએ સંગઠનને વધુ મજબૂત બનાવી સોના-ચાંદી ઉદ્યોગની એકતા અને વિશ્વાસ જાળવી રાખવાનો સંકલ્પ લીધો.

## કેશોદમાં રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટનું વિતરણ



**નરેન્દ્ર દવે જૂનાગઢ**

રઘુવંશી સોશિયલ ગ્રુપ, કેશોદ દ્વારા સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે જરૂરિયાતમંદ રઘુવંશી પરિવારોને અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટમાં ઘઉં, બાજરો, ચોખા, તેલ અને ખાંડ સહિત ની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જન્માષ્ટમી ના પાવન તહેવારને ધ્યાનમાં રાખીને જરૂરિયાતમંદ પરિવારોને બે પ્રકારના ગાંઠિયા, ખાજલી, સોનપાપડી, મહેસુબ, ચવાણું તથા શક્કરપારા સહિતની ખાદ્ય સામગ્રી પણ નિઃશુલ્ક આપવામાં આવી હતી. રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી દર મહિનાના છેલ્લા રવિવારે જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટનું વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત સમયાંતરે કપડાં, મીઠાઈ, અથાણાં તેમજ સિઝન પ્રમાણે જરૂરી વસ્તુઓનું પણ વિતરણ કરવામાં આવે છે. આ ગ્રુપ દ્વારા માત્ર અનાજ વિતરણ પૂરતું જ નહીં, પરંતુ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પણ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા જલારામ જયંતિની ઉજવણી ઉપરાંત સમૂહ લગ્ન, યજ્ઞ-પવિત્રા સહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. આ સમગ્ર સેવાકીય પ્રવૃત્તિઓમાં રઘુવંશી સમાજના દાતાઓનો મહત્વનો ફાળો રહે છે. વિવિધ દાતાઓ દ્વારા દર મહિને રૂ.100થી રૂ.200 સુધીનું યોગદાન આપવામાં આવે છે. આ રકમમાંથી જરૂરિયાતમંદ પરિવારો માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જ્યારે તહેવારોના પ્રસંગે વિવિધ દાતાઓ તરફથી અનાજ, મીઠાઈ તથા અન્ય વસ્તુઓ પ્રાપ્ત થાય છે, જે જરૂરિયાતમંદ પરિવારોને સંપૂર્ણપણે નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. રઘુવંશી સોશિયલ ગ્રુપની આ સેવાકીય પ્રવૃત્તિઓથી જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરિયાતની વસ્તુઓ સાથે તહેવારોની ખુશીઓ પણ પ્રાપ્ત થઈ રહી છે. સમાજના દાતાઓ અને સેવાભાવી લોકોના સહયોગથી આ સેવા પ્રવૃત્તિ સતત આગળ ધપાવવામાં આવી રહી છે.

## જૂનાગઢમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠોરના અધ્યક્ષ સ્થાને તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ જૂનાગઢ જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટર કચેરી સભાખંડ ખાતે આયોજિત આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન કાવાણી, ધારાસભ્ય સર્વ શ્રી દેવાભાઈ માલમ,શ્રી ભગવાનજીભાઈ કરગઠીયા, શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી અરવિંદભાઈ લાડાણી અને શ્રી ગોપાલભાઈ ઈટાલીયાની ઉપસ્થિતિમાં આ બેઠકમાં પ્રજાકીય પ્રશ્નોના સકારાત્મક ઉકેલ માટે વિગતવાર ચર્ચા અને વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ખાસ રોડ રસ્તાના મંજૂર થયેલા કામો સત્વરે પૂર્ણ કરવા માટે સ્પષ્ટ સૂચના આપી હતી. તેમણે રોડ રસ્તાના કામો ઝડપથી આગળ વધારવા માટે જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે પણ માર્ગદર્શન કર્યું હતું. આ ઉપરાંત કામોની ગુણવત્તા પણ આ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત ધારાસભ્યશ્રીઓએ રજૂ કરેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીશ્રીઓને જરૂરી દિશાનિર્દેશો આપવાની સાથે જરૂરી માર્ગદર્શન કર્યું હતું. આ સાથે જ સમય મર્યાદામાં નિવારણ થાય તે માટે પણ સૂચના આપી હતી. તેમજ લોકોના પડતર પ્રશ્નોનું ઝડપભેર ઉકેલ આવે તે દિશામાં કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા હતા. આ ઉપરાંત બ્લેકલિસ્ટ કરાયેલી એજન્સીની આગળની કામગીરી, પ્રોપર્ટી કાર્ડ વિતરણ, વીજળીના નવા થાંભલા ઊભા કરવા, બિનખેતી, ખાલી મેદાનો અને પડતર જમીનો ઉપર નવી જગ્યાઓ બનાવવી, જૂનાગઢને હેરિટેજ સિટી બનાવવાની દિશામાં આગળની કામગીરી, જિલ્લાના જર્જરિત પૂલનું મરામતકામ, જિલ્લાના વિવિધ તળાવ અને નહેરનું કામકાજ, ઘેડ વિસ્તાર અંગેના પ્રશ્નો, સમગ્ર જિલ્લામાં વનીકરણ વધારવાનો પ્લાન તેમજ ખંડેર બિલ્ડિંગો હટાવવી વગેરે વિવિધ પ્રકારના વિકાસ કાર્યોની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં જનપ્રતિનિધિશ્રીઓએ રોડ રસ્તા, દબાણ, પેશકદમી, ગ્રામ્ય અને વન વિભાગ હેઠળના રસ્તાઓના મરામત, સફાઈ કામગીરી, સરકારી મિલકતનો રખરખાવ, પુરાતત્વ વિભાગ હેઠળના સ્થળોને સુરક્ષિત રાખવા અને દબાણ દૂર કરવા, સિંચાઈ, નેશનલ હાઈવે પર પાણીના નિકાલ સહિત ના પ્રજાકીય પ્રશ્નો રજૂ કર્યા હતા. આ સંદર્ભમાં જે તે સંલગ્ન અધિકારીશ્રીઓએ પણ પ્રશ્નોના નિવારણ અર્થેના પ્રત્યુતર પાઠવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સુબોધ ઓડેદરા, નાયબ વન સંરક્ષકશ્રી પ્રશાંત તોમર, નિવાસી અધિક કલેકટર સુશ્રી બી.એસ.બારડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી પી.એ. જાડેજા સહિતના જિલ્લા સંકલન સમિતિના તમામ સભ્યો અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને ઘઉં સંશોધન ક્ષેત્રે રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઘઉં સંશોધન કેન્દ્ર RARI, SKNAU, દુર્ગાપુરા, જયપુર (રાજસ્થાન) ખાતે યોજાયેલી ૬૫મી અખિલ ભારતીય ઘઉં અને જવ સંશોધન કાર્યકર પરિષદમાં ડૉ. એમ. એલ. જાટ, ડાયરેક્ટર જનરલ ICAR અને Secretary DAREના હસ્તે ઘઉં પાકમાં ઉત્તમ સંશોધન માટે "શ્રેષ્ઠ AICRP કેન્દ્ર પુરસ્કાર-૨૦૨૬" થી સન્માનિત કરવામાં આવ્યું છે. આ સન્માન રાષ્ટ્ર માટે ઘઉંમાં ઉત્તમ સંશોધન, નવીન જાતોના વિકાસ તથા ટેકનોલોજી નિર્માણ ક્ષેત્રે કેન્દ્ર દ્વારા કરવામાં આવેલા સતત અને નોંધપાત્ર યોગદાનને પ્રતિબિંબિત કરે છે. કેન્દ્રને નવીન જાતો જીડબલ્યુ ૫૫૫ (સોરઠ અંબર) અને જીડબલ્યુ ૫૫૬ (સોરઠ ઉષ્મા) ના વિકાસમાં આપેલા મહત્વપૂર્ણ યોગદાન બદલ પણ વિશેષ માન્યતા પ્રાપ્ત થઈ છે. આ પુરસ્કાર ઘઉં સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકો અને કર્મચારીઓના સમર્પિત પ્રયત્નો, વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા અને ટીમવર્કનું પ્રમાણપત્ર છે. આ સિદ્ધિ કેન્દ્રની વધુ ઉત્પાદન આપતી, આબોહવા-સહિષ્ણુ અને ખેડૂતલક્ષી ઘઉંની ટેકનોલોજીના વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. આ એવોર્ડ પ્રાપ્ત થતાં કુલપતિશ્રી ડૉ. વી.પી. ચોવટીયા, સંશોધન નિયામકશ્રી ડૉ. વી. ડી. તારપરા, રજીસ્ટ્રાર તથા નોડલ ઓફીસર (ICAR) ડૉ. વાય. એચ. ઘેલાણી, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એન. બી. જાદવએ ઘઉં સંશોધન ટીમને અભિનંદન પાઠવીને બિરદાવ્યા હતા. અને ભવિષ્યમાં પણ ખેડૂતોને ઘઉંની નવીન જાતો મળી રહે અને ખેડૂતોની ખુશાલીમાં વધારો થાય તેવા અથાગ પ્રયત્નો કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

## ચાર ભક્તોથી શરૂ થયેલી શ્રદ્ધાયાત્રા આજે ૧૨૦ ભક્તોના મહાસંઘમાં પરિણમી-આશાપુરા માતની અતૂટ આસ્થાનો અવિરત પ્રવાહ

### શ્રી આશાપુરા ગ્રુપ મુંબઈની ૨૪મી પદયાત્રા : બાંદ્રાથી ભચાઉ થઈ આધોઈથી માતાના મઢ સુધી ભક્તિનો ભવ્ય સંગમ

**મહેશ એલ. સોની, નખત્રાણા**

કચ્છની ધરતી પર આસ્થા, શ્રદ્ધા અને ભક્તિનો અનેરો સંગમ એટલે શ્રી આશાપુરા ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત પદયાત્રા. વર્ષ ૨૦૦૩માં માત્ર ૪ ભક્તોના દીવડાથી પ્રગટેલી આ શ્રદ્ધાની જ્યોત આજે ૧૨૦થી વધુ ભક્તોના મહાસંઘમાં પરિણમી છે. આ યાત્રા માત્ર પગપાળા સંઘ નથી, પરંતુ અતૂટ આસ્થા, સમર્પણ અને એકતાનું જીવંત પ્રતિક બની ગઈ છે.શરૂઆતના વર્ષોમાં ગણ્યા ગાંઠ્યા ભક્તો સાથે આધોઈથી માતાના મઢ સુધી શરૂ થયેલી આ પદયાત્રાએ આજે વિશાળ વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કર્યું છે. દર વર્ષે વધતી ભક્તોની સંખ્યા માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું પ્રતિબિંબ છે. માતાજીના આશીર્વાદ અને ભક્તોના હૃદયમાં પ્રગટેલા શ્રદ્ધાના દીવડાએ આ યાત્રાને કચ્છના ખૂણે ખૂણે ગુંજતી કરી દીધી છે.દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ૨૪મી



ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન યાત્રામાં જોડાનાર ભક્તો તા. ૦૫/૧૦/૨૦૨૬ના રોજ બાંદ્રા (મુંબઈ) થી ભચાઉ પહોંચશે અને ત્યારબાદ તા. ૦૭/૧૦/૨૦૨૬ના રોજ સવારે આધોઈથી માતાના મઢ તરફ ભક્તિના જયઘોષ સાથે પ્રસ્થાન કરશે.આ પદયાત્રા દરમિયાન ભજન-કીર્તન, ધાર્મિક પ્રવચન અને સત્સંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેથી ભક્તો આધ્યાત્મિક ઉર્જાથી તરબોળ થાય. વર્ષોથી ચાલી આવતી આ ભક્તિ અને શ્રદ્ધાની યાત્રા આજે એક વિશાળ સંઘનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. સ્થાનિક લોકો તેમજ મુંબઈથી જોડાયેલા ભક્તો માટે આ માત્ર પદયાત્રા નહીં, પરંતુ આસ્થા, સમર્પણ અને એકતાનું પ્રતિક બની ગઈ છે. શ્રી આશાપુરા ગ્રુપ મુંબઈના સેવકોએ જણાવ્યું કે માતાજીની કૃપાથી દર વર્ષે ભક્તોની સંખ્યા વધતી જાય છે. આ વર્ષે પણ ભક્તો માટે ભોજન, આરોગ્ય સેવા અને રહેવાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## આગામી ૨ સપ્ટેમ્બર ના યોજાનારી નખત્રાણા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા કોંગ્રેસ દ્વારા સર્વાનુમતે માંગ કરાશે

**મહેશ એલ. સોની નખત્રાણા**

નખત્રાણા તાલુકા પંચાયત દ્વારા આગામી તા. 2-11 બુધવાર બપોરે 12:30 કલાકે તા.પં.ની 16 માં નાણાપંચના આયોજન માટે યોજાનારી બેઠક માં તાલુકા કક્ષાના 26/27 વિકાસ પ્લાન તૈયાર કરવા ખાસ સામાન્ય સભાનું તા.પં. પ્રમુખશ્રી ના અધ્યક્ષસ્થાને આયોજન કરાયું છે ત્યારે વરસાદ ખેંચાતા અપૂરતા વરસાદ થી નખત્રાણા તાલુકાનાખેડૂતો-માલધારીઓ-પશુપાલકોની સ્થિતિ અતિ દયનીય અને ગંભીર હોઈ કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો દ્વારા તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા સર્વાનુમતે ઠરાવ કરવા પ્રદર્શન કરાશે. જેમાં કોંગ્રેસના સભ્યો અશ્વિનભાઈ રૂપારેલ, શારદાબેન રમેશભાઈ આહીર,

**16માં નાણાપંચના આયોજન માટેની બેઠકમાં ઘાસચારો, પાણી, ખેડૂતોને વળતર અને તાલુકાને અછત જાહેર કરવા કોંગ્રેસ માંગ કરશે**

ઓસામણ હાજી સુમરા, સિદ્ધિબેન શાંતિલાલ નાયાણી, ગીતાબેન નારણ ભાઈ આહિર, કાજલબેન કૃષ્ણદાન ગઢવી, સલીમ મુસાભા જીયેજા સહિત કોંગ્રેસના સભ્યો જોડાશે.આ અંગે શ્રી અશ્વિનભાઈ રૂપારેલના જણાવ્યા અનુસાર એક આવેદનપત્ર પ્રાંતકચેરીને અપાશે જેમાં તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા અને તાલુકાના કોંગ્રેસના સભ્યોને પૂરતો ન્યાય આપવા અને અપેક્ષિત સભ્યોના નિયમો અનુસાર વિકાસ ની ગ્રાન્ટ માં ફાળવણી કરવા સહિતના મુદ્દાઓની રજૂઆત કરવામાં આવશે.આ પ્રશ્ને વહેલી તકે કાર્યવાહી કરવામાં નહીં આવે તો લોકો ને સાથે રાખી ને ગાંધી ચીંધ્યા માર્ગ અપનાવવાની ફરજ પડશે તેવું રવાપર સીટ ના તાલુકા પંચાયત સદસ્ય શ્રી અશ્વિન રૂપારેલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈ. મહાસંઘ દાહોદ દ્વારા રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી



**દિપક રાવલ દાહોદ | લીમખેડા**

રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈ. મહાસંઘ - દાહોદ જિલ્લાની માતૃશક્તિ દ્વારા ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ, વિશ્વાસ અને રક્ષણના સંકલ્પનું પ્રતિક એવા રક્ષાબંધન પર્વની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે માતૃશક્તિ દ્વારા દાહોદ જિલ્લાના વહીવટી તંત્ર તથા શિક્ષણ વિભાગના માનનીય કલેકટર સાહેબ શ્રી, માનનીય જિલ્લા પ્રમુખ શ્રી, માનનીય જિલ્લા વિકાસ અધિકારી શ્રી, માનનીય DEO સાહેબ શ્રી, માનનીય કારોબારી અધ્યક્ષ શ્રી, માનનીય DPEO સાહેબ શ્રી, માનનીય TT સાહેબ શ્રી સહિતના મહાનુભાવોને રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમજ મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું.આ સાથે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈ. મહાસંઘની જિલ્લા ટીમ દ્વારા સંત શિરોમણી શ્રી રવિદાસજી મહારાજના જીવન અને વિચારોને ઉજાગર કરતી પુસ્તિકા અર્પણ કરી મહાનુભાવશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંત શ્રી રવિદાસજીના સમરસતા, સમાનતા અને માનવતાના સંદેશને સમાજ સુધી પહોંચાડવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.રક્ષાબંધનના આ પવિત્ર પર્વની ઉજવણી માત્ર પરંપરાગત રીતે નહીં પરંતુ સંસ્કાર, સમરસતા, ભાઈચારો અને રાષ્ટ્રભાવનાને મજબૂત બનાવવાના સંદેશ સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવશ્રીઓ દ્વારા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈ. મહાસંઘની આ પહેલને આવકારવામાં આવી હતી અને માતૃશક્તિ દ્વારા કરવામાં આવેલી આ સુંદર ઉજવણીની પ્રશંસા કરવામાં આવી હતી.માતૃશક્તિનો સ્નેહ, સંગઠનની શક્તિ અને સંતોના વિચારોનો સંદેશ–આ ત્રણેયના સુંદર સમન્વય સાથે દાહોદ જિલ્લામાં રક્ષાબંધન પર્વની યાદગાર ઉજવણી કરવામાં આવી.

## જૂનાગઢ ખાતે વિચરતી-વિમુક્ત જાતિના મુક્તિ દિવસની ઉજવણી સંપન્ન, અધિકાર, સન્માન અને સર્વાંગી વિકાસ માટે એકજૂથ થવા આહ્વાન

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હેઠળની જિલ્લા નાયબ નિયામક વિચરતી-વિમુક્ત જાતિ કચેરી, જૂનાગઢના ઉપક્રમે "વિચરતી-વિમુક્ત જાતિના મુક્તિ દિવસની ઉજવણી" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજકલ્યાણ અધિકારીશ્રી પંકજ ચાવડા તેમજ પદ્મશ્રી હાજી રમકડુંની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિચરતી-વિમુક્ત સમાજના અધિકારો, સન્માન, શિક્ષણ અને સર્વાંગી વિકાસ અંગે જાગૃતિ કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિચરતી-વિમુક્ત જાતિમાં સમાવિષ્ટ વિવિધ સમાજના આગેવાનો, મોભીઓ તથા સમાજના લોકો, ખાસ કરીને મહિલાઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વિવિધ સમાજના લોકો એક મંચ પર એકત્રિત થઈ સામાજિક એકતા અને સમરસતાને વધુ મજબૂત બનાવવાની સાથે સમાજના વિકાસ માટે સહિયારા પ્રયાસો કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો એ વિચરતી-વિમુક્ત સમાજના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ સમાજના જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તે માટે જાગૃતિ કેળવવા અનુરોધ કર્યો હતો. સમાજના દરેક પરિવાર સુધી શિક્ષણનું મહત્વ પહોંચે તથા યુવા પેઢી શિક્ષણ અને કૌશલ્ય વિકાસના માધ્યમથી આત્મનિર્ભર બને તે દિશામાં સૌએ સહિયારા પ્રયાસો કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. સમાજની દીકરીઓ અને બહેનો શિક્ષણ, રોજગાર, સામાજિક અને અન્ય વિવિધ ક્ષેત્રોમાં આગળ વધે તથા પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરે તે માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મહિલાઓના સશક્તિકરણને સમાજના સર્વાંગી વિકાસનું મહત્વપૂર્ણ અંગ ગણાવી તેમને ઉપલબ્ધ તકો અને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. મુક્તિ દિવસની ઉજવણીનો આ અવસર વિચરતી-વિમુક્ત સમાજના અધિકારો અને વિકાસ અંગે જનજાગૃતિ વધારવાની સાથે સમાજના વિવિધ વર્ગોને એક મંચ પર લાવવાનો મહત્વપૂર્ણ અવસર બન્યો હતો. કાર્યક્રમના સમાપને સમાજમાં શિક્ષણ, જાગૃતિ, એકતા અને સશક્તિકરણને વધુ વેગ આપી સર્વાંગી વિકાસ તરફ આગળ વધવાનો સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વિચરતી-વિમુક્ત જાતિ સૌરાષ્ટ્ર ઝોનના કન્વીનરશ્રી રમેશભાઈ ચૂડાસમા તેમજ અન્ય વિવિધ સમાજના આગેવાનો શ્રી બટુકભાઈ મકવાણા, શ્રી સમજુભાઈ સોલંકી, શ્રી ધનશ્યામભાઈ પરમાર, શ્રી પરેશભાઈ પરમાર, શ્રી કાળુભાઈ ચાવડા અને શ્રી હુસેનભાઈ દલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા ડીવીઝન ખાતે તા. 3 સપ્ટેમ્બરે ડાક અદાલત યોજાશે

માહીતી બ્યુરો, પાલનપુર | બનાસકાંઠા ડીવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા તેમજ બચત બેંકને લગતા પ્રશ્નોના નિકાલ માટે તા. ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરની કચેરી ખાતે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.આ ડાક અદાલતમાં નીતિ વિષયક મુદ્દાઓ સિવાય ટપાલ સેવાઓને લગતી ફરિયાદો અને પ્રશ્નો સાંભળી તેનો નિકાલ કરવામાં આવશે. ટપાલ સેવા સંબંધિત ફરિયાદો ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, અધિક્ષક ડાકઘરની કચેરી, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરને તા. ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.જેમાં ફરિયાદો સ્પષ્ટ અને મુદ્દાસર હોવી જરૂરી છે. નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલી ફરિયાદો ધ્યાને લેવામાં આવશે નહીં તેમજ નીતિ વિષયક મુદ્દાઓની સુનાવણી ડાક અદાલતમાં હાથ ધરવામાં આવશે નહીં. જે અંગે અધિક્ષક શ્રી ડાકઘર, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

## ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં જુલાઈ-૨૦૨૬ સત્રના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ૧૫ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે

માહિતી બ્યુરો, પાલનપુર | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા શૈક્ષણિક સત્ર જુલાઈ-૨૦૨૬ માટે વિવિધ સ્નાતક, અનુસ્નાતક, પ્રમાણપત્ર અને ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની છેલ્લી તારીખ ૧૫/૦૯/૨૦૨૬ નિયત કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કાર્યરત યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્રો ખાતેથી વિદ્યાર્થીઓ સરળતાથી પ્રવેશ મેળવી શકશે. યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ હેઠળ શિક્ષણ પૂરું પાડવામાં આવતું હોવાથી વિદ્યાર્થીઓ પોતાની નોકરી, વ્યવસાય કે પારિવારિક જવાબદારીઓની સાથે પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. ખાસ કરીને ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓ, મહિલાઓ, નોકરીયાત વર્ગ તેમજ કોઈ કારણોસર અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેવા ઉમેદવારો માટે ઉચ્ચ શિક્ષણ મેળવવાની આ એક ઉત્તમ તક છે.પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત સ્નાતક કક્ષાએ BA, BA (Honours), B.Com (Honours), BSW, BAJMC, BLIS, BBA, B.Sc. IT, BSCCS અને BCA તેમજ અનુસ્નાતક કક્ષાએ MA, M.Com, MSW, MAJMC, MAIKS, MLIS, MBA, M.Sc. IT, M.Sc. Cyber Security, M.Sc. Data Science તથા MCA જેવા મહત્વના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ ઉપરાંત CCC, યોગ વિજ્ઞાન, ફેશન ડિઝાઈનિંગ, જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન, અંગ્રેજી કોમ્યુનિકેશન સ્કિલ્સ, ફૂડ એન્ડ ન્યુટ્રિશન, બાળ સંભાળ અને વિકાસ સહિતના વિવિધ સર્ટિફિકેટ તેમજ ડિપ્લોમા કોર્સ પણ ચલાવવામાં આવી રહ્યા છે.બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલી કૉલેજો ખાતે કાર્યરત અભ્યાસ કેન્દ્રો દ્વારા ઓનલાઈન અરજી, અભ્યાસક્રમની પસંદગી, ફી માળખું અને અન્ય શૈક્ષણિક બાબતો અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓને સમયમર્યાદા એટલે કે તા. ૧૫/૦૯/૨૦૨૬ પહેલાં ઓનલાઈન અરજી કરી પ્રવેશનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.આ અંગે વધુ માહિતી અને માર્ગદર્શન માટે BAOU પ્રાદેશિક કેન્દ્ર, પાલનપુર ખાતે રૂબરૂ સંપર્ક કરી શકાય છે અથવા યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ www.baou.edu.in તેમજ મોબાઈલ નંબર ૯૮૯૮૦ ૫૩૪૦૪ પર સંપર્ક સાધી શકાશે તેમ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં અજવાળું

# બાલકૃષ્ણ સોસાયટીમાં પાલિકાએ દુર કર્યો અંધારપટ, સ્ટ્રીટ લાઇટની સુવિધા મળતા રહીશોમાં ખુશી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ના સામાકાંઠા બાલકૃષ્ણ સોસાયટી વોર્ડ નં.૩ માં રાત્રીના સમયે અંધારપટ છવાયેલો હોવાથી અહી રહેતા નાગરિકો રાત મધરાતે અંધારપટ ના લીધે ઘણી બધી સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા અમુક ગલીઓમાં પીજીવીસીએલ ના પોલ હોય ત્યાના લોકો પોતેજ જાતે એકબીજા ફંડફાળો એકઠો કરીને લેમ્પો નાખવામાં આવતા પરંતુ વરસાદ ના લેમ્પો બંધ પડી જતાં હોવાથી રાત મધરાતે અંધારપટ ના લીધે મહિલાઓ તથા સિનિયર સિટીઝન યુવાનો માટે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો હાલમાં માછીમારી સીઝન ચાલું હોય પરંતુ આ બાલકૃષ્ણ સોસાયટી માં અંધારપટ છવાયેલ હોવાથી હાલમાં તહેવારો પર નજીક ના દિવસો હોય તેવામાં આ અંધારપટ ના લીધે ટુ વ્હીલર ચાલકો માં પણ અકસ્માત નોતરે તેવી ભિતી સેવાઈ રહી હતી તેવામાં રાત્રીના સમયે બહેનો બુમલા સુકવણી માટે હાથમાં બતી મોબાઈલ ની લાઈટો તથા દિવા હાથમાં લઈને નીકળવું પડતું હોય છે. રાત્રીના સમયે હિંસક પ્રાણીઓ દેખાદેખી હોવાના લીધે લોકો માં સતત ભય રહેતો હોય છે. કારણ કે અહીં સ્ટ્રીટ લાઇટ ના એક પણ પોલ ન હોવાથી લોકો પીજીવીસીએલ ના પોલ માં સોસાયટી વિસ્તારમાં લોકોએ પોતાના સ્વખર્ચે લાઈટો લગાવી હતી આ તમામ લાઈટો ઘણા સમયથી બંધ હાલતમાં હોય રાત્રીના સમયે કોઈ અનિચ્છનિય ઘટના ન ઘટે તે બાબતે નગરપાલિકા પ્રમુખ ના પ્રતિનિધિ નિષ્ઠાવાન અને પ્રમાણીક એવા પ્રફુલ્લભાઈ બારૈયા ને આ તમામ વિગતો જણાવતા તેઓએ પાલિકા ઈલેક્ટ્રીક વિભાગ ના નારણભાઈ ને બાલકૃષ્ણ સોસાયટી વોર્ડ નં.૩ માં તમાંમ જગ્યાએ લેમ્પો તથા એલ.ઈ.ડી લાઈટ લગાડવા સુચનાઓ આપતા વહેલી સવારથી ઈલેક્ટ્રીક વિભાગ નો સ્ટાફ દ્વારા યુધ્ધ ના ધોરણે સવારથી બપોર ના ૨:૦૦ વાગ્યા સુધી પાલિકા ના ઈલેક્ટ્રીક વિભાગ ના નારણભાઈ તથા તેમનો સ્ટાફ ખડેપગે જ્યાંજ્યાં અંધારપટ છવાયેલો રહેતો હતો ત્યાં ત્યાં લેમ્પો એલ.ઈ.ડી લાઈટો લગાવવામાં આવી હતી અહીંના રહીશો દ્વારા નગરપાલિકા પ્રમુખ ના પ્રતિનિધિ પ્રફુલ્લભાઈ બારૈયા તેમજ ચિફ ઓફિસ ભાવનાબેન નો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો છવાઈલો અંધારપટ દુર કરી અજવાળું પાથરવામાં આવતા મહિલાઓ સિનિયર સિટીઝન બાળકો યુવાનો અને રહેણાંક મકાન માલિકો દ્વારા ખુશી વ્યક્ત કરી હતી.

# રાજુલાના ધાતરવડી ડેમ-૧ માંથી ખેડૂતો માટે કેનાલમાં પાણી છોડાયું

## ૧૩ ગામોના ઉભા પાકને મળશે નવું જીવનદાન : વરસાદ ખેંચાતા મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોની વહારે આવી સરકાર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના રાજુલાના ધાતરવડી ડેમ-૧ માંથી ખેડૂતોને પિયત માટેનું પાણી કેનાલમાં છોડવામાં આવ્યું છે. ચાલુ સીઝનમાં વરસાદ ખેંચાવાને કારણે ખેડૂતોનો ઊભો પાક સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી હતી. ખેડૂતોની આ ગંભીર મુશ્કેલીને ધ્યાને લઈને રાજુલાના ધાતરવડી ડેમ-૧ માંથી કેનાલ મારફતે પિયત માટે પાણી છોડવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી વિસ્તારના આશરે ૧૩ જેટલા ગામોના ખેડૂતોને મોટો ફાયદો થશે અને તેમના પાકને નવું જીવનદાન મળશે. સ્થાનિક ખેડૂતોની રજૂઆતને પગલે ગુજરાત નિયંત્રિત બજાર સંઘના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ તથા ખેડૂત આગેવાન રમેશભાઈ વસોયા દ્વારા અગાઉ કેનાલમાં પાણી છોડવા માટે રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થાનિક ધારાસભ્ય એ આ બાબતની ગંભીરતા સમજીને સરકારમાં રજૂઆત કરી હતી. ધારાસભ્યની સક્રિયતાના કારણે ખેડૂતોના હિતમાં આ



મોટો નિર્ણય લેવાયો છે. ધારેશ્વર ગામે આવેલ ધાતરવડી ડેમ-૧ ખાતે ખેડૂતો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. અને તમામની ઉપસ્થિતિમાં કેનાલમાં પાણી છોડવામાં આવ્યું હતું. આ તકે ખેડૂતોએ સમયસર પાણી મળવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ બાબતે ખેડૂત આગેવાન રમેશભાઈ વસોયાએ જણાવ્યું કે, ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાના કારણે અમારા વિસ્તારના ખેડૂતો ભારે ચિંતામાં હતા. કપાસ અને મગફળી સહિતનો ઊભો પાક સુકાઈ રહ્યો હતો. આ ગંભીર સ્થિતિ અંગે ધારાસભ્ય સમક્ષ રજૂઆત કરી હતી. ધારાસભ્ય તાત્કાલિક અમારી માંગણી સરકાર સુધી પહોંચાડી ડેમમાંથી પાણી છોડાવ્યું છે. ધાતરવડી-૧ માંથી પાણી મળતા જ હવે ૧૩ ગામોના ખેડૂતોનો પાકને ફાયદો થશે. ધારાસભ્ય અને સરકારનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રસંગે મનુભાઈ ધાખડા, તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિ હિંમતભાઈ બલદાણીયા, માર્કેટિંગ યાર્ડના પ્રમુખ રાજુભાઈ પડસાલા, હનુભાઈ ધાખડા, ભુપતભાઈ ડોળાસીયા તેમજ આગેવાનો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી કર્મચારીઓને રક્ષાબંધનની પવિત્ર ભેટ:- બહેનોએ બાંધી પ્રેમની રાખડી..

ડાંગ | પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનના અવસરે વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) સુબિર પ્રખંડ દ્વારા એક પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમ અંતર્ગત સુબિર તાલુકાના અવિરત લોકસેવામાં કાર્યરત વિવિધ સરકારી કાર્યાલયોના સ્ટાફ અને સુરક્ષાકર્મીઓને બહેનોએ પોતાના હાથે રાખડી બાંધી ઉત્સાહપૂર્વક રક્ષાબંધનની ઉજવણી કરી હતી. પ્રજાની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા તેમજ લોકકલ્યાણના કાર્યોમાં સતત ખડેપહેલે રહેતા કર્મચારીઓની નિષ્ઠાને બિરદાવવા માટે સુબિર પ્રખંડની બહેનોએ ઉત્સાહભેર વિવિધ સરકારી સંસ્થાઓની મુલાકાત લીધી હતી.આ અભિયાન દરમિયાન બહેનો દ્વારા સુબિર તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી સુબિર, ફોરેસ્ટ ઓફિસ સુબિર અને પોલીસ સ્ટેશન સુબિર ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને રોળ, તિલક કરી, મોં મીઠું કરાવીને રક્ષા સૂત્ર (રાખડી) બાંધવામાં આવી હતી.દિવસ-રાત જોયા વગર જનસેવા અને દેશસેવામાં સમર્પિત રહેતા આ તમામ સ્ટાફગણે બહેનોના હસ્તે રાખડી બંધાવીને આશીર્વાદ અને સ્નેહ પ્રાપ્ત કર્યો હતો. સાથે જ, ઉપસ્થિત તમામ અધિકારીઓએ બહેનોની સુરક્ષા અને સન્માન માટે હંમેશા તત્પર રહેવાની પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.વિશ્વ હિન્દુ પરિષદ સુબિર પ્રખંડ દ્વારા યોજાયેલા આ વિશિષ્ટ કાર્યક્રમે ભાઈ-બહેનના પવિત્ર સંબંધોની સાથે-સાથે પ્રશાસન અને પ્રજા વચ્ચેના સેતુને વધુ મજબૂત બનાવ્યો હતો. જેને લઈને સમગ્ર સુબિર પંથકમાં



ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનના અવસરે વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) સુબિર પ્રખંડ દ્વારા એક પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમ અંતર્ગત સુબિર તાલુકાના અવિરત લોકસેવામાં કાર્યરત વિવિધ સરકારી કાર્યાલયોના સ્ટાફ અને સુરક્ષાકર્મીઓને બહેનોએ પોતાના હાથે રાખડી બાંધી ઉત્સાહપૂર્વક રક્ષાબંધનની ઉજવણી કરી હતી.પ્રજાની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા તેમજ લોકકલ્યાણના કાર્યોમાં સતત ખડેપહેલે રહેતા કર્મચારીઓની નિષ્ઠાને બિરદાવવા માટે સુબિર પ્રખંડની બહેનોએ ઉત્સાહભેર વિવિધ સરકારી સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ અભિયાન દરમિયાન બહેનો દ્વારા સુબિર તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી સુબિર, ફોરેસ્ટ ઓફિસ સુબિર અને પોલીસ સ્ટેશન સુબિર ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને રોળ, તિલક કરી, મોં મીઠું કરાવીને રક્ષા સૂત્ર (રાખડી) બાંધવામાં આવી હતી.દિવસ-રાત જોયા વગર જનસેવા અને દેશસેવામાં સમર્પિત રહેતા આ તમામ સ્ટાફગણે બહેનોના હસ્તે રાખડી બંધાવીને આશીર્વાદ અને સ્નેહ પ્રાપ્ત કર્યો હતો. સાથે જ, ઉપસ્થિત તમામ અધિકારીઓએ બહેનોની સુરક્ષા અને સન્માન માટે હંમેશા તત્પર રહેવાની પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.વિશ્વ હિન્દુ પરિષદ સુબિર પ્રખંડ દ્વારા યોજાયેલા આ વિશિષ્ટ કાર્યક્રમે ભાઈ-બહેનના પવિત્ર સંબંધોની સાથે-સાથે પ્રશાસન અને પ્રજા વચ્ચેના સેતુને વધુ મજબૂત બનાવ્યો હતો, જેને લઈને સમગ્ર સુબિર પંથકમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# રાજુલા સાવરકુંડલા હાઈવેનું કામ ગોકુળ ગતિએ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા સાવરકુંડલા હાઈવેનું કામ ગોકુળ ગતિએ ચાલી રહ્યું છે. : હાઈવેનું કામ એજન્સીએ અધૂરું મુક્યું પૂર્ણ કરવાની સમય મર્યાદા પણ પૂર્ણ થઈ ગઈ : રાજુલા સાવરકુંડલા હાઈવે નું કામ એજન્સીએ અધૂરું મૂક્યુ કામ પૂર્ણ કરવા માટે ૧૮ મહિનાની ટાઈમ લિમિટ ૭ મહિના કરતા વધુ સમય વીત્યો છતા ૧૦% ટકા કામગીરી કરાય .રાજુલા અને સાવરકુંડલા બંને વિધાનસભાને જોડતો મુખ્ય માર્ગની સ્થિતિ ભયાનક બની માર્ગ મકાન વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી નહીં સ્થાનિક વિપક્ષથી લઈ લોકપ્રતિનિધિ કેમ મૌન ધારણ કર્યું વાહન ચાલકો માંથી ઉઠ્યા અનેક સવાલો: ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માર્ગો બનાવવા કરોડો રૂપિયાની મંજૂરીઓ વિકાસના કામો માટે આપવામાં આવેછે.પરંતુ અમરેલી જિલ્લામાં માર્ગ મકાન વિભાગ હેઠળ આવતો રાજુલા અને સાવરકુંડલાની જોડતો મુખ્ય માર્ગની સ્થિતિ ભયાનક બનતી જાય છે ૭ મહિના પહેલા કરોડોના ખર્ચે માર્ગ નવો બનાવવા માટે એજન્સી ને ટેન્ડર ખુલ્યા બાદ વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે છતા કામગીરીના નામે મીંડું છે માત્ર આંબરડી જાબાળ નજીક રોડ સાઈડ ખોદી જંગલ કટિંગ કામગીરી હાથ ધર્યા બાદ કામગીરી બંધ કરી દેવામાં આવી છે ૭ મહિના પહેલા કામ વર્ક ઓર્ડર બધું આપવામાં આવ્યું હતું કામગીરી થોડોક ટાઈમ માટે શરૂ કરી અને આજ સુધીમાં માત્ર ૧૦% ટકા જેટલી કામગીરી માત્ર કરવામાં આવી છે ૧૮ મહિના ટાઈમ લીમીટ હોવા છતાં હજુ કોઈ ગંભીરતાથી માર્ગને લેવામાં આવ્યો નથી જેના કારણે પ્રજાને વધુ મુશ્કેલી હજુ ભોગવવી પડશે.હાલ સંપૂર્ણ કામગીરી માર્ગ પર બંધ છે.સૂત્રોનું કહેવા પ્રમાણે આ કોન્ટ્રાકટરની અણ આવડતના કારણે કામગીરી અધૂરી મૂકી દેવાય છે જેના કારણે વાહન ચાલકો મુશ્કેલી



ભોગવી રહ્યા છે માર્ગ મકાન વિભાગના અધિકારીઓ એજન્સીને છાવરતા હોવાનો ગણગણાટ ચાલી રહ્યો છે સુપરવિઝનના અભાવે કોન્ટ્રાકટરની મનમાની વધી રહી છે આજ સુધી કોઈ કાર્યવાહી કરવામાં નથી આવી બાઢડા જાબાળ,થોરડી,આંબરડી,ત્રણેય આગરીયા,ઝાંપોદર,માંડરડી સુધી ગામડામાં રોષ વધી રહ્યો છે.જિલ્લા મથક જવા માટે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા : રાજુલા જાફરાબાદ પંથક ઉદ્યોગીક એકમથી ધમધમી રહ્યો છે જિલ્લા મથક અમરેલી જિલ્લામાં જવા માટેનો મુખ્ય માર્ગ રાજુલા સાવરકુંડલા માર્ગ અધૂરો હોવાથી વાહન ચાલકો આક્રોશિત બની રહ્યા છે ભારે નારાજગી સરકાર સામે વધી રહી છે બીજી તરફ સાવરકુંડલાથી રાજુલા તરફ આવતા વાહન ચાલકો પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે કાયમી નિરાકરણ લાવવા લોકોએ માંગણી કરી છે.વાહન ચાલક સુખાભાઈએ જણાવ્યું આ માર્ગ નું કામ ક્યારે શરૂ થશે સાવરકુંડલા વિધાનસભા અને રાજુલા વિધાનસભા ક્ષેત્રના લોકો અહીં ચાલીને પીડાય રહ્યા છે સરકાર તપાસ કરાવી યોગ્ય નિર્ણય લેય તે જરૂરી છે ખાડા તો કોઈ બુરતું નથી અને કામ પણ બંધ છે હવે કામ ચાલુ કરો તો વેલા પૂર્ણ થાય ભાવનગર વાળા રોડ પરથી અમદાવાદ સુધી થાક નથી લાગતો એટલો માત્ર રાજુલા થી સાવરકુંડલા સુધી પહોંચવા થાક લાગે છે સરકારને બે હાથ જોડી વિનંતી છે.આ રોડમાં માર્ગ મકાન વિભાગ અને એજન્સીની તપાસ કરાવે : રાજુલા માર્ગ મકાન વિભાગના અધિકારીએ એજન્સીનો બચાવ કર્યો : રાજુલા માર્ગ મકાન વિભાગ અધિકારી અભિજીત સિંહ ગોહિલ નો સંપર્ક કરતા કહ્યું દોઢ વર્ષની ટાઈમ લિમિટ છે અને 6 મહિના પેલા કામ શરૂ કર્યું હતું અત્યારે કામ આમ તો બંધ તો નથી પણ કામ ધીમું ચાલુ છે.

## શ્રાવણી સોમવારે ચાણસ્મા તાલુકાના ઝિલીયા ગામે આવેલ પ્રાચીન ઝિલેશ્વર મહાદેવ ખાતે મેળો ભરાયો

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ઝિલીયા ગામે આવેલા અંદાજે ૫.હજાર વર્ષ પૌરાણિક પાંડવો કાલિન ઝિલેશ્વર મહાદેવ ખાતે પવિત્ર શ્રાવણ માસના સોમવારે લોકમેળો ભરાયો હતો આજુ-બાજુ ગામ



ના શિવભકતો ના યજમાન પદે બ્રાહ્મણો ના વૈદિક મંત્રોચ્ચાર દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં ઝિલેશ્વર મહાદેવનો રૂદ્રાભિષેક મહા પુજાનું આયોજન કરાતાં . દુરદુરથી શિવભકતો ઝિલેશ્વર દાદાના દર્શનાર્થે ઉમટી પડી દર્શન કરી ધન્યતા અનુભવે છે જે મુજબ શ્રાવણી સોમવારે આજુબાજુના કેસણી પિપળ રણાસણ સહિતના આઠથી દસ ગામના અબાલવૃદ્ધ ઝિલેશ્વર દાદાના દર્શન કરી મેળાની મજા માણી હતી મેળામાં ખાણી-પીણીની દુકાનો નાની મોટી ચકરડી ચકડોળની જમાવટ થી નાના બાળકો અને મોટેરાઓએ પણ મેળાનો આનંદ માણ્યો હતો.

## ગીર સોમનાથ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં તબક્કાવાર 'સેવાસેતુ' નું સુનિશ્ચિત આયોજન

ગીર સોમનાથ | જિલ્લાના નાગરિકોને ઘરઆંગણે સરકારની વિવિધ જનકલ્યાણલક્ષી સેવાઓનો લાભ મળી રહે તે માટે નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલના માર્ગદર્શનમાં જિલ્લા સેવા સદનના વી.સી.હોલ ખાતે સેવાસેતુ ૨.૧ (ગ્રામ્ય) ની એક બેઠક યોજાઈ હતી.નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલે સેવાસેતુના તા.૨૧/૦૯/૨૦૨૬ થી તા. ૦૯/૧૦/૨૦૨૬ સુધી બીજા તબક્કામાં વિભાગ વાઈઝ સુનિશ્ચિત આયોજન કરી અને વ્યક્તિગત લાભાર્થીઓને સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ મળી રહે તે માટે જરુરી દસ્તાવેજો તૈયાર કરવા તેમજ યોજનાઓના સંતૃપ્તિકરણ માટે જરુરી પૂર્વતૈયારીઓ અંગે જરુરી માર્ગદર્શન આપ્યું હતું. સેવાસેતુ અંતર્ગત પી.એમ.કિસાન, ગંગા સ્વરૂપા વિધવા સહાય, જન ધન યોજના, સ્વામિત્વ, કિસાન ક્રેડિટ કાર્ડ સહિત વિવિધ નાગરિકલક્ષી સેવાઓનો મોટી સંખ્યામાં લોકો લાભ લે અને સંતૃપ્તિકરણ સુધી પહોંચે એ સુનિશ્ચિત કરવા નિવાસી અધિક કલેક્ટરશ્રીએ ઉપસ્થિત સર્વે વિભાગના અધિકારીશ્રીઓને જણાવ્યું હતું.

# ધાર્મિક લાગણી દુભાતા જનઆક્રોશ:-'જય શ્રી રામ'ના નારા સાથે કલેક્ટર કચેરીએ જંગી વિરોધ પ્રદર્શન

ડાંગ | ડાંગ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તારમાં આવેલા ગારખડી અને ઝરી ગામ નજીક સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાનો એક અત્યંત ગંભીર અને સંવેદનશીલ બનાવ સામે આવ્યો છે. કુદરતી સૌંદર્ય અને પૌરાણિક મહત્વ ધરાવતા આ ધાર્મિક સ્થળે અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા પ્રભુ શ્રીરામ, લક્ષ્મણજી, હનુમાનજી તેમજ માતા સીતાની મૂર્તિઓને નુકસાન પહોંચાડી ખંડિત કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે સમગ્ર ડાંગ જિલ્લામાં ભારે આક્રોશ, રોષ અને તંગદિલીનો માહોલ સર્જાયો છે. આ ઘટનાથી સ્થાનિક રહીશો, ધાર્મિક સંગઠનો અને ભક્તોની ધાર્મિક લાગણીઓને ઊંડો આઘાત પહોંચ્યો છે.આ ઘટનાના વિરોધમાં અને ગુનેગારો સામે કડક કાર્યવાહીની માંગ સાથે શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે સમગ્ર જિલ્લા મથક આહવા ખાતે એક અભૂતપૂર્વ અને વિશાળ જનમેદની સાથેનો વિરોધ પ્રદર્શન યોજાયો હતો. સામાન્ય રીતે શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં શિવાલયો અને માર્ગો પર 'બમ બમ ભોલેનાથ'ના નારા ગૂંજતા હોય છે, પરંતુ આ અપ્રિય ઘટનાના વિરોધમાં સમગ્ર ડાંગ જિલ્લો 'જય શ્રી રામ'ના ગગનભેદી નારાઓથી ગૂંજી ઉઠ્યો હતો. સ્થાનિક આગેવાનો અને વિવિધ હિન્દુ સંગઠનોના આહ્વાન પર આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા લોકો એકત્ર થયા હતા. જિલ્લાના બિરસા મુંડા સર્કલથી એક વિશાળ અને સંગઠિત રેલી નીકળી હતી, જે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી.કલેક્ટર કચેરી ખાતે પહોંચીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર દ્વારા જિલ્લા કલેક્ટર અને ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક (SP) ને વિનંતી સાથે કડક માગણી કરવામાં આવી હતી કે, ધાર્મિક આસ્થા પર પ્રહાર કરનાર આ અજાણ્યા ઈસમો કે અસામાજિક તત્વોની સત્વરે ઓળખ કરી તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને તેમના વિરુદ્ધ દૃષ્ટાંતરૂપ કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે. આ સાથે જ ભવિષ્યમાં આવી અપ્રિય ઘટનાઓ ન ઘટે તે માટે જિલ્લાના તમામ મહત્વના અને પૌરાણિક ધાર્મિક સ્થળોની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત અને કડક બનાવવાની રજૂઆત પણ કરવામાં આવી હતી.આ સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને રાખી ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક (SP) પૂજા યાદવે પરિસ્થિતિ અંગે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, વનમાં માતા સીતાની મૂર્તિ ખંડિત થવાની ઘટના સંદર્ભે આહવા પોલીસ સ્ટેશન ખાતે સંબંધિત કલમો હેઠળ જાણવા જોગ ફરિયાદ રજીસ્ટર કરીને ત્વરિત અને ઝીણવટભરી તપાસ શરૂ કરી દેવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે પોલીસ તંત્ર પૂરી રીતે સતર્ક છે.તપાસની વિગતો આપતા એસ.પી. પૂજા યાદવે વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસની અલગ-અલગ ટીમ બનાવીને સ્થાનિક વિસ્તારના ૧૦૦ થી પણ વધુ લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા છે. બનાવની વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા માટે FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ના અધિકારીઓની ટીમને તાત્કાલિક ઘટનાસ્થળે જ બોલાવવામાં આવી હતી. સ્થળ પરથી જરૂરી પુરાવાઓ એકત્રિત કર્યા બાદ ખંડિત થયેલી મૂર્તિને પણ વધુ ફોરેન્સિક અને વૈજ્ઞાનિક ચકાસણી અર્થે FSL માં મોકલી આપવામાં આવી છે.એસ.પી. એ સ્પષ્ટ અને કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી કે, તપાસ દરમિયાન જે પણ આરોપીઓ કે તત્વોની સંડોવણી સામે આવશે, તેમની સામે કાયદાના દાયરામાં રહીને અત્યંત કડક



કાર્યવાહી કરવામાં આવશે.આ પ્રસંગે ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ,ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત,પી.પી.સ્વામીજી, સાધ્વી યશોદા દીદી,હેતલ દીદી સહીત ડાંગ જિલ્લાનાં પાંચ રાજવીઓ અને હિન્દૂ સંગઠનનાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.ડાંગ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તારમાં આવેલા ગારખડી અને ઝરી ગામ નજીક સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાનો એક અત્યંત ગંભીર અને સંવેદનશીલ બનાવ સામે આવ્યો છે. કુદરતી સૌંદર્ય અને પૌરાણિક મહત્વ ધરાવતા આ ધાર્મિક સ્થળે અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા પ્રભુ શ્રીરામ, લક્ષ્મણજી, હનુમાનજી તેમજ માતા સીતાની મૂર્તિઓને નુકસાન પહોંચાડી ખંડિત કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે સમગ્ર ડાંગ જિલ્લામાં ભારે આક્રોશ, રોષ અને તંગદિલીનો માહોલ સર્જાયો છે. આ ઘટનાથી સ્થાનિક રહીશો, ધાર્મિક સંગઠનો અને ભક્તોની ધાર્મિક લાગણીઓને ઊંડો આઘાત પહોંચ્યો છે.આ ઘટનાના વિરોધમાં અને ગુનેગારો સામે કડક કાર્યવાહીની માંગ સાથે શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે સમગ્ર જિલ્લા મથક આહવા ખાતે એક અભૂતપૂર્વ અને વિશાળ જનમેદની સાથેનો વિરોધ પ્રદર્શન યોજાયો હતો. સામાન્ય રીતે શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં શિવાલયો અને માર્ગો પર 'બમ બમ ભોલેનાથ'ના નારા ગૂંજતા હોય છે, પરંતુ આ અપ્રિય ઘટનાના વિરોધમાં સમગ્ર ડાંગ જિલ્લો 'જય શ્રી રામ'ના ગગનભેદી નારાઓથી ગૂંજી ઉઠ્યો હતો. સ્થાનિક આગેવાનો અને વિવિધ હિન્દુ સંગઠનોના આહ્વાન પર આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા લોકો એકત્ર થયા હતા. જિલ્લાના બિરસા મુંડા સર્કલથી એક વિશાળ અને સંગઠિત રેલી નીકળી હતી, જે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી.કલેક્ટર કચેરી ખાતે પહોંચીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર દ્વારા જિલ્લા કલેક્ટર અને ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક (SP) ને વિનંતી સાથે કડક માગણી કરવામાં આવી હતી કે, ધાર્મિક આસ્થા પર પ્રહાર કરનાર આ અજાણ્યા ઈસમો કે અસામાજિક તત્વોની સત્વરે ઓળખ કરી તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને તેમના વિરુદ્ધ દૃષ્ટાંતરૂપ કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે. આ સાથે જ ભવિષ્યમાં આવી અપ્રિય ઘટનાઓ ન ઘટે તે માટે જિલ્લાના તમામ મહત્વના અને પૌરાણિક ધાર્મિક સ્થળોની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત અને કડક બનાવવાની રજૂઆત પણ કરવામાં આવી હતી.આ સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને રાખી ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક (SP) પૂજા યાદવે પરિસ્થિતિ અંગે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, વનમાં માતા સીતાની મૂર્તિ ખંડિત થવાની ઘટના સંદર્ભે આહવા પોલીસ સ્ટેશન ખાતે સંબંધિત કલમો હેઠળ જાણવા જોગ ફરિયાદ રજીસ્ટર કરીને ત્વરિત અને ઝીણવટભરી તપાસ શરૂ કરી દેવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે પોલીસ તંત્ર પૂરી રીતે સતર્ક છે.તપાસની વિગતો આપતા એસ.પી. પૂજા યાદવે વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસની અલગ-અલગ ટીમ બનાવીને સ્થાનિક વિસ્તારના ૧૦૦ થી પણ વધુ લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા છે. બનાવની વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા માટે FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ના અધિકારીઓની ટીમને તાત્કાલિક ઘટનાસ્થળે જ બોલાવવામાં આવી હતી. સ્થળ પરથી જરૂરી પુરાવાઓ એકત્રિત કર્યા બાદ ખંડિત થયેલી મૂર્તિને પણ વધુ ફોરેન્સિક અને વૈજ્ઞાનિક ચકાસણી અર્થે FSL માં મોકલી આપવામાં આવી છે.એસ.પી. એ સ્પષ્ટ અને કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી કે, તપાસ દરમિયાન જે પણ આરોપીઓ કે તત્વોની સંડોવણી સામે આવશે, તેમની સામે કાયદાના દાયરામાં રહીને અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવશે.આ પ્રસંગે ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ,ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત,પી.પી.સ્વામીજી, સાધ્વી યશોદા દીદી,હેતલ દીદી સહીત ડાંગ જિલ્લાનાં પાંચ રાજવીઓ અને હિન્દૂ સંગઠનનાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# કુદરતી આફત

છેલ્લા દસકા માં આવેલ મોટાભાગ ની કુદરતી આફત એ માણસ ની વિનાશક ફળદ્રુપ બુદ્ધિ નું જ ફળ છે. આ સૃષ્ટિ માં કુદરતી સ્થિતિ વન,નદી ભૂમિ અને પહાડ ને નાનકડું પણ નુકશાન થાય ત્યારે એનો અંજામ લાખો નિર્દોષ માણસ ને જ ભોગવવો પડતો હોય છે.વિકાસ ના નામે સરકાર પ્રોજેક્ટ કરે છે ત્યારે એ ફાયદાના હિસાબ ની ગણતરી કરી ને જ ચાલુ કરતી હોય છે.એક પ્રોજેક્ટ પાછળ લાખો કરોડો ના ભ્રષ્ટાચાર માં મળતિયા અને ઉદ્યોગપતિઓ વચ્ચે ચાલુ થાય છે ત્યારે પ્રોજેક્ટ માટે કરવા પડતા ભૂમિ પરિક્ષણ ના પ્રયોગો થતા નથી. ગુજરાત એ ગરવા ગિરનાર ના નામે ઓળખાય છે અનેક સિદ્ધો સાધુ સંતો નું કાયમી સ્થાન છે. જે રીતે સરકાર એ ઉધોગપતિઓના લાભાર્થે નોમિનલ ચાર્જ માં અંબાણી ગ્રુપ ને વાંતારા પ્રોજેક્ટ માટે જમીનો આપી છે એજ રીતે ગિર વિસ્તારમાં અલ્ટ્રા ટેક સિમેન્ટ,અદાણી ગ્રુપ ના અંબુજા સિમેન્ટ ના પ્લાન્ટ મોટા પાયે અમરેલી નજીક ના ગીર વિસ્તાર માં ચાલી રહ્યા છે.ગીરનાર ના પહાડો માં ખનન ની કામગીરીઓ પણ મોટા પાયે ચાલી રહી છે. માન્યું કે આ કારણોસર હજારો લોકો ને રોજગારી મળી રહી છે પણ જંગલ ના શાંત વિસ્તારમાં રહેતા વન્ય પશુઓના જીવનમાં ખલેલ પહોંચતી હોય છે. સિમેન્ટની ફેક્ટરીઓ, હોટેલ્સ વગેરે જેવા કારણ ને લીધે ગિરનારના સિંહો એ ગીર છોડી ને આસપાસ ના ગામ શહેર માં નિવાસ્થાન માટે ફરવા લાગ્યા છે “માણસ ના વિનાશકારી મગજ” એ ખુદના સ્વાર્થ માટે પબ્લિક નો પણ વિચાર કરવાનું છોડી દીધું છે. ૧૬- ૧૭ જૂન ૨૦૧૩ માં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ના લીધે હિમાલય વિસ્તાર માં સામન્ય કરતા ૩૭૫% વરસાદ વધુ નોંધાયો હતો.આ કારણોસર કેદાર નાથ ધામ માં આવેલ વિનાશકારી આફત માં લાખો શ્રદ્ધાળુઓ બલીનો બકરો બન્યા હતા.દેખીતી રીતે કેદારનાથ ધામ ની કુદરતી હોનારત કે આફત એ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ના લીધે વધારે પડતા વરસાદ ના લાગે છે પણ આફત ના કારણો અલગ છે. સરકાર ની આંખ નીચે મંદાકિની નદીના કિનારા પર ચાલતા ગેરકાયદેસર બાંધકામ, ઘેઘૂર લાંબા વિસ્તાર માં ફેલાયેલા જંગલો કપાયા અને સતત અનિયંત્રિત પ્રવાસીઓની સંખ્યા છે. કેદાર નાથ મંદિરથી છ કિલોમીટર દૂર આવેલ ચારોબારી માં ગ્લેશિયર ની શીટ પીગળવા લાગી હતી.આ ઉપરાંત સતત વરસાદ ના લીધે કુદરતી તળાવમાં પાણી નું દબાણ વધતા ડેમ તૂટી જતા લાખો ક્યુસેક પાણી સાથે હજારો ટન કાદવ,પથ્થર અને કાટમાળ ઝડપી ગતિથી મંદાકિની નદી માં વહેવા લાગ્યા. મંદાકિની નદી ના વેગવતા પ્રવાહે કેદારનાથ ધામ અને શહેર સાથે રામબાડા વિસ્તાર ને પણ સંપૂર્ણ નષ્ટ કરી નાખ્યા હતા. આ કુદરતી આફત સર્જાતા એમાં લાખો નિર્દોષ લોકો વિનાકાર ભોગ બન્યા હતા. કેદારનાથ ધામ ની ભયાનકની હોનારત ને સરકારી ચોપડે કુદરતી આફત પોતાની ભૂલ છુપાવવા માટે ગણાવી દીધી હશે જ.હિમાલય વિસ્તારમાં આવતી કુદરતી આફત વધારે પડતી વિનાશક બનવા પાછળ નબળી ભૌગોલિક રચના,અવાર નવાર ગ્લેશિયર નું પીગળવા ની ઘટના અને આબોહવા માં વારંવાર આવતું પરિવર્તન છે.૨૬ ઓગસ્ટ ૨૦૨૬ માં નેપાળ માં આવેલ કુદરતી આફત એ વરસાદ ના પૂરને કારણે નહતી થઈ.આ વિનાશ કારી ઘટના એ હિમાલય ના લેંગટાંગ લીરુંગ પર્વતમાળા નજીક ની હિમનદી નું ગ્લેશિયર તૂટતા પ્રલયકારી દુર્ઘટના સર્જાઈ હતી. આ વિનાશકારી ઘટના માં નેપાળ અને તિબેટ ની સરહદ માં આવેલ ગામ તબાહ થઈ ગયા છે.નેપાળ અને ચીન ના વ્યવસાય ને જોડતા બંદર એ વિનાશક પૂરમાં સંપૂર્ણપણે તબાહ થઈ ગયું છે. વિનાશક પૂર ના ભોગ બન્યા નો આંકડો આપવો નેપાળ,ચીન અને ભારત માટે મુશ્કેલ બન્યું છે.વિનાશક પૂર આવ્યા બાદ દિન પ્રતિદિન મૃત્યુ, ગુમ થયેલા વગેરે આંકડા માં વધારો થાય છે. નેપાળ ના પ્રવાસે ગયેલ વિદેશી પર્યટક ની આ ભારતીયો પણ વિનાશક પૂર માં ખોવાયા છે. વૈજ્ઞાનીકો નેપાળ ની વિનાશકારી ઘટના ને ગ્લોબલ વોર્મિંગ સાથે જોડી રહ્યા છે પણ ગ્લોબલ વોર્મિંગ કરતા વધારે માનવીય



જીવન પર થતા ખાતર નાક પ્રયોગો વધારે જવાબદાર છે.ગ્લોબલ વોર્મિંગ ના લીધે તાપમાન વધી જતા હિમ નદીઓ પીગળવા લાગે છે.પર્વતો ના ખડકો અને બરફ ને જકડી રાખતા “પર્માફ્રોસ્ટ” તાપમાન વધવા ને લીધે પીગળી રહ્યા છે. તાજેતર માં આવેલ વિનાશક પૂર ની નેપાળ ની ઘટના પાછળ પણ “પર્માફ્રોસ્ટ” જવાબદાર છે. છેલ્લા કેટલાય વરસો થી જળવાયું પરિવર્તન ને કારણે વરસાદ ની પેટર્ન પણ બદલાઈ ગઈ છે. જેના લીધે વાદળ ફાટવા ની ઘટના એ પહાડીઓ પર વધારે સર્જાઈ રહી છે.પહાડી વિસ્તારમાં આવેલ નદીઓ માં હદ થી વધારે પાણી સમાવવા ની ક્ષમતા હોતી નથી એટલે જ્યારે જ્યારે વાદળ ફાટવા ની કે ગ્લેશિયર તૂટવા ની ઘટના થાય છે ત્યારે ત્યારે ઘટના વિનાશક આફત બની જતી હોય છે.પહાડી વિસ્તાર માં જંગલો ના વિસ્તાર વધારે હોય તો પૂર જેવી સમસ્યા વિનાશક બનતી અટકાવી શકાય છે. જિઓલોજિકલ સર્વે મુજબ નેપાળ માં આવેલ વિનાશકારી પૂર ની આફત પાછળ પહાડો કાપી ને રોડ બનવા,મોટાપાયે જંગલો કપાય છે,હાઈડ્રો પાવર પ્રોજેક્ટ અને પહાડો પર હોટલો બનાવી છે. પહાડો નું અસ્તિત્વ એના પર આવેલા જંગલો ના લીધે ટકતું હોય છે.પહાડો આવેલ જંગલો કપાઈ જવાના કારણે પહાડો ને માટી પકડી



- રુપાલી દવે

શકતી નથી. નેપાળ માં ગ્લેશિયર તૂટવા ને કારણે આવેલ વિનાશક પૂર માં ચીન ના મોટાભાગ ના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ નો સર્વનાશ થયો છે.વિચારો ભૌગોલિક નબળી હિમાલયા પર્વત શ્રૃંખલા અને ગ્લેશિયર થી બનેલ હિમનદીઓ મુખ્ય કારણ હોવા છતાંય ચાઈના ના અનેક પ્રોજેક્ટ ત્યાં ઘણા સમયથી ચાલતા હતા. અતિ ભયાનક ઘટના ના દૃશ્યો જોતાજ ભય ના માર્યા સામન્ય માણસ ના રુવાડા ખડા થઈ જાય છે તો શું નેપાળ અને ચીન ના અધિકારીઓ ને આ પ્રકાર ની ઘટના ગ્લોબલ વોર્મિંગ ના લીધે બની શકે છે કે કેમ? ગ્લોબલ વોર્મિંગ મુદ્દે બિલકુલ સમાધાન વિચાર્યું નહી હોય. નેપાળ ના અધિકારીઓનું કહેવું છે કે “વિનાશક પૂર ટાળવા” ગ્લેશિયર ના જોખમો અંતર્ગત ચીન સાથે અગાઉ બેઠક કરી હતી.આમ છતાંય ચાઈના તરફ થી પૂરતી માહિતી અને ડેટા શેર કરવામાં આવ્યા નહતા. હાલ નેપાળ ના અધિકારીઓ ની વાત સાથેની બેઠક ને ચીન નકારી રહ્યું છે.મોટાભાગની વિનાશક પૂરની આફતો,ધરતી કંપ, વન્ય પશુઓ નું સ્થાનાંતર પાછળ “માનવી ની સ્વ વિકાસ ની ઘેલછા” વધારે જવાબદાર છે.આ કારણોસર જ ભૂમિ અને પહાડ પરના જંગલો વધારે કપાવવા લાગ્યા છે. જ્યારે જ્યારે માનવ સર્જિત દુર્ઘટનાઓ થયા બાદ દોષ કુદરત ના માથે મૂકી દેવામાં આવે છે ને ત્યારે “ખાડો ખોદે એ પડે” કહેવત ને અનુસરતી ફેમસ લેખક આર્થર મિલર ની “ઓલ માય સન્સ” નવલ કથા માનું પિતા નું પાત્ર યાદ આવી જાય છે.આ નોવેલ માં પિતાનું પાત્ર કિલર એ પોતાના નફા માટે યુદ્ધ દરમિયાન ફાઈટર વિમાન ને ખામી યુક્ત અને તિરાડવાળા સિલિન્ડર સપ્લાય કરતો હોય છે.ેગા નું જોગ એવું થાય છે કે એણે સપ્લાય કરેલ સિલિન્ડર વાળા ફાઈટર પ્લેન માં એને પણ એના દીકરા સાથે યુદ્ધ માટે જવું પડ્યું હતું. ખામી યુક્ત અને તિરાડ વાળા સિલિન્ડર ને કારણે ૨૧ પાઈલોટ્સ ની વિમાની દુર્ઘટના માં બન્ને પિતા પુત્ર પણ મૃત્યુ પામ્યા હતા. કુદરત ના ખેલ આગળ માણસ ના હથિયાર ઠુંઠા થઈ જતા હોય છે દોષીઓ ને દંડ તો એક ના એક દિવસ મળતો જ હોય છે એના માટે ખાડો એ ખોદે કે અન્ય નક્કી કુદરત કરે છે.



# સોનમ વાંગચુકે આમિર ખાનની પોલ ખોલી...!

## '3 ઈડિયટ્સ' પહેલાં ન મળ્યાના નિવેદન પર કહ્યું- 'તે ગજનીની ભૂમિકામાં એટલા ડૂબી ગયા કે મુલાકાત જ ભૂલી ગયા'

(એજન્સી) મુંબઈ | તા.31

સોનમ વાંગચુકે આમિર ખાનને ગજની કહ્યો છે. આ પ્રતિક્રિયા તેમણે આમિરના એ નિવેદન પર આપ્યું છે, જેમાં તેણે કહ્યું હતું કે, '3 ઈડિયટ્સ' બનાવતા પહેલાં તે ક્યારેય સોનમ વાંગચુકને મળ્યો નહોતો. આમિરે એમ પણ કહ્યું હતું કે, ફિલ્મનું ફુન્સુક વાંગડુનું પાત્ર સોનમ વાંગચુકથી પ્રેરિત નહોતું.

પ્રખર ગુપ્તા સાથેના પોડકાસ્ટમાં સોનમ વાંગચુકે આમિરના દાવા પર વાત કરી. તેમણે પોતાની મુલાકાત પર પણ વાત કરી છે. વાંગચુકે કહ્યું, “તેમણે (આમિરે) કહ્યું કે અમે ક્યારેય મળ્યા નથી. ત્યારબાદ કેટલાક વીડિયો સામે આવ્યા, જેમાં તેઓ પોતાની ગજનીવાળી વેશભૂષામાં મારું ભાષણ જોઈ રહ્યા હતા.”



તેમણે આગળ કહ્યું, “જેમ કે તેઓ ગજનીના રૂપમાં હતા, કદાચ તેમની થોડા સમય માટે યાદશક્તિ જતી રહી હશે. તેઓ તે 15 મિનિટ પછી બધું ભૂલી ગયા હશે. મને આના પર આશ્ચર્ય નથી. અમારી વિગતવાર મુલાકાત થઈ હતી.”

આખરે સોનમ વાંગચુકે આમિર પર કટાક્ષ કરતા કહ્યું, “અમે સાંભળ્યું છે કે તેઓ તેમના પાત્રોમાં ખૂબ ઊંડા ઉતરી જાય છે. કદાચ તેઓ ગજનીની ભૂમિકામાં એટલા ડૂબી ગયા હતા કે ભૂલી ગયા કે તેઓ તે પુરસ્કાર સમારોહમાં આવ્યા હતા, જ્યાં મને સન્માનિત કરવામાં આવ્યો હતો. અમારી વિગતવાર મુલાકાત થઈ હતી અને અમે ઘણા વિચારો પર ચર્ચા કરી હતી.”

સોનમ વાંગચુકે જણાવ્યું છે કે તેમને શા માટે લાગે છે કે તેમની વાતચીતથી '3 ઈડિયટ્સ'માં આમિરના પાત્રના કેટલાક ભાગો પ્રભાવિત થઈ શકે છે. તેમણે કહ્યું કે, તેનો અર્થ એ જરૂરી નથી કે પાત્ર તેમના આખા જીવનચરિત્ર પર આધારિત હતું. કદાચ તેમણે પોતાની ટીમને જણાવ્યું ન હતું કે, તેમણે આ બધું જોયું અને મારી સાથે વાતચીત કરી.” તેમણે આગળ કહ્યું, “તેઓ કહી શક્યા હોત કે તેમણે આ વાતો એમ જ પટકથામાં ઉમેરી દીધી હતી. તેથી લેખકો અને ડિરેક્ટરને ખબર નહીં પડી હોય કે આમિરે કોઈને મળ્યા અને વાતચીત કર્યા પછી આ વાતો ઉમેરી હતી.”

સોનમ વાંગચુક પર આમિરનું નિવેદન શું હતું ખરેખર, જૂનથી જુલાઈ સુધી સોનમ વાંગચુક કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનમાં જોડાઈને ઉપવાસ પર હતા. આ વિરોધ પ્રદર્શનના શરૂઆતના તબક્કામાં લગભગ બધા જ બોલિવૂડ કલાકારો મૌન હતા. આ દરમિયાન લંડન ફિલ્મ ફેસ્ટિવલમાં આમિર ખાનની ફિલ્મ 'લગાન'નું પ્રીમિયર થયું. સ્ક્રીનિંગ દરમિયાન આમિર ખાનને સોનમ વાંગચુક વિશે એક મહિલાએ પૂછ્યું, ‘જ્યારે અમે મોટા થઈ રહ્યા હતા, ત્યારે અમારા પર તમારી ઊંડી અસર હતી.

તમે પણ સોનમ વાંગચુકથી પ્રેરિત થયા છો.’

આમિરે વચ્ચે અટકાવતા કહ્યું, ‘ના, આ એક ખોટી ધારણા છે. જ્યારે ફિલ્મ બની રહી હતી, ત્યારે હું સોનમને ઓળખતો પણ નહોતો. મેં હમણાં જ ચતુર (3 ઈડિયટ્સ એક્ટર ઓમી વૈદ)નો વીડિયો જોયો, પણ તે ખોટા છે. ન તો રાજકુમાર હિરાણી, ન અમારા રાઈટર અને ન હું સોનમ વિશે જાણતા હતા. જોકે, સોનમ દરેક રીતે સાચું કામ કરી રહ્યા છે. આપણે તેમનું અને તેમના કામનું સન્માન કરવું જોઈએ. સોનમ પોતે પણ કહી ચૂક્યા છે કે '3 ઈડિયટ્સ'નું પાત્ર તેમના પર આધારિત નથી.’ આગળ આમિરે સોનમ વાંગચુકના ઉપવાસ પર કહ્યું, ‘દરેક જણ તેમના સ્વાસ્થ્ય અને જીવન માટે ચિંતિત છે. અમને આશા છે કે બધું સારાથી સમાપ્ત થશે. આપણે બધાને એ જ આશા છે કે તેઓ ઉપવાસ સમાપ્ત કરે અને પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે.’

આમિરનું નિવેદન સામે આવ્યા પછી સોનમ વાંગચુકના જોશ ટોક્સનો એક જૂનો વીડિયો વાયરલ થઈ ગયો, જેમાં તેમણે દાવો કર્યો છે કે, તેઓ 2008માં આમિરને મળ્યા હતા. આ ઉપરાંત એક બીજો વીડિયો સામે આવ્યો છે, જેમાં સોનમ વાંગચુક મંચ પર એવોર્ડ લઈ રહ્યા છે અને આમિર ખાન દર્શકોમાં બેસીને તેમની સ્પીચ સાંભળી રહ્યા છે. આ વીડિયો '3 ઈડિયટ્સ' રિલીઝ થાય તે પહેલાનો છે, જ્યારે આમિર ખાન ગજનીના લુકમાં છે.

# કૃતિ સેનન એડ વિવાદ પર ઉર્વશી રૌતેલાની એન્ટ્રી

## ક્રિએટિવિટીના નામે સંસ્કૃતિ સાથે સમાધાન ન થવું જોઈએ; ભારતીય પરંપરાઓનું સન્માન જરૂરી


(એજન્સી) મુંબઈ | તા.31

અભિનેત્રી કૃતિ સેનનના રક્ષાબંધન જાહેરાત વિવાદ પર હવે ઉર્વશી રૌતેલાની પ્રતિક્રિયા સામે આવી છે. ન્યૂઝ એજન્સી IANS સાથેની વાતચીતમાં ઉર્વશીએ કહ્યું કે તેઓ કોઈપણ મહિલાને તેના કપડાં પરથી જજ કરતા નથી, પરંતુ સર્જનાત્મકતાના નામે સાંસ્કૃતિક સંવેદનશીલતા સાથે સમાધાન થવું જોઈએ નહીં.

રક્ષાબંધન ભારતનો અત્યંત પવિત્ર તહેવાર છે અને તેની મર્યાદાનું ધ્યાન રાખવું જોઈએ. જણાવી દઈએ કે જ્વેલરી બ્રાન્ડ જીવા (GIVA)ની આ જાહેરાતમાં કૃતિ સેનનના ઈન્ડો-વેસ્ટર્ન પહેરવેશને લઈને સોશિયલ મીડિયા પર ઘણો વિરોધ થયો હતો, જેના પછી બ્રાન્ડે જાહેરાતને હટાવી લીધી છે.

'ક્રિએટિવિટી અને પરંપરાને એકસાથે ન ભેળવો' વાતચીતમાં ઉર્વશી રૌતેલાએ કહ્યું, ‘આપણે આઝાદી અને સર્જનાત્મકતાની ઉજવણી કરીએ છીએ, પરંતુ આપણે એ વિચારવું પડશે કે રક્ષાબંધન એક સંવેદનશીલ અને પવિત્ર તહેવાર છે. તેને દેશના કરોડો લોકો ઉજવે છે અને આપણને આપણી પરંપરાઓ પર ગર્વ છે. આપણે એ સમજવું પડશે કે સર્જનાત્મકતાના નામે રક્ષાબંધન જેવી પવિત્ર પરંપરા સાથે ચેડાં કરી શકાય નહીં.‘

'આપણે નક્કી કરવું પડશે કે ક્યાં સીમા હોવી જોઈએ' ઉર્વશીએ વાતચીત દરમિયાન ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના પોતાના સન્માનનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે રક્ષાબંધન ભાઈ-બહેનના અતૂટ સંબંધનો સુંદર તહેવાર છે. ઉર્વશીએ ભારપૂર્વક કહ્યું, ‘આપણે એક સીમા નક્કી કરવી પડશે કે આપણે શું કરવું જોઈએ અને શું નહીં. આખરે આપણે બધા ભારતીય છીએ અને આપણે આપણા દેશ અને સંસ્કૃતિનું સન્માન કરવું જોઈએ.‘



કૃતિ સેનન એડમાં રિવિલિંગ કપડાં પહેર્યા- આ આખો વિવાદ જીવા (GIVA) જ્વેલરી બ્રાન્ડની 36 સેકન્ડની રક્ષાબંધન એડવર્ટાઇઝમેન્ટથી શરૂ થયો હતો. રક્ષાબંધન સંબંધિત આ એડમાં કૃતિએ ઓફ વ્હાઈટ બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉઝ, કેપ અને ડ્રેપ્ડ સ્કર્ટ પહેર્યો હતો. સોશિયલ મીડિયા યુઝર્સના એક વર્ગે આ લુકની ટીકા કરી. તેમનું કહેવું હતું કે પરિવાર અને પરંપરા સાથે જોડાયેલા તહેવાર માટે આ આધુનિક સ્ટાઈલ યોગ્ય નથી. કંગનાએ કૃતિના લુકની નિંદા કરી- સોશિયલ મીડિયા ટ્રોલિંગ વચ્ચે કંગના રનૌતે સોશિયલ મીડિયા પર કૃતિનું નામ લીધા વિના લખ્યું, “મહિલા હોવા માટે આ શાનદાર સમય છે. આપણા કબાટ અનેક પ્રકારના કપડાંથી ભરેલા છે અને આજની મહિલા ગ્લોબલ મહિલા છે. કોકટેલ ડ્રેસથી લઈને લહેંગા ચોલી સુધી, જીન્સથી લઈને સાડી સુધી, બિકીનીથી લઈને સલવાર-કમીઝ સુધી, આજે આપણી પાસે પહેરવા માટે આટલા વિકલ્પો છે. તો પછી તમે તમારા ભાઈને બિકીની કે અન્ડરગાર્મેન્ટ્સમાં રાખડી શા માટે બાંધશો? તમારી પાસે સ્ટાઈલિંગના આટલા વિકલ્પો ક્યાં છે? હા હા, આ જાહેરાત જાણી જોઈને વિચિત્ર બનાવવામાં આવી હોય તેવું લાગે છે.” કૃતિ સેનને કંગનાને જવાબ આપ્યો- કંગનાની ટિપ્પણી બાદ ટીકાઓ વચ્ચે કૃતિએ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું. તેણે કહ્યું, “તહેવારોનો અર્થ તમે પહેરેલા કપડાંમાં નથી, પરંતુ પરંપરાઓ પ્રત્યે તમારા મનમાં રહેલી ભાવનાઓ અને તેના અર્થમાં હોય છે. “રક્ષાબંધન સુરક્ષાના સંબંધનો તહેવાર છે. મારી બહેન અને હું એકબીજાને રાખડી બાંધીએ છીએ. અમે જાણીએ છીએ કે અમે પણ એક ભાઈ જેટલી જ એકબીજાની રક્ષા કરી શકીએ છીએ. આપણે મહિલાઓને શું પહેરવું જોઈએ તે કહેવાનું ક્યારે બંધ કરીશું? એથનિક ફેશન સમય સાથે બદલાઈ છે, પરંતુ આજે પણ કોઈ મહિલાની સંસ્કૃતિ પ્રત્યેની ઈજ્જત ફક્ત તેના કપડાંથી માપવામાં આવે છે. સંસ્કૃતિ અને પરંપરાઓ તેના હૃદયમાં હોય છે, તેની નેકલાઈનમાં નહીં.” રાહુલ ગાંધીએ કૃતિનો બચાવ કર્યો- વિવાદ પર રાહુલ ગાંધીએ કૃતિની પોસ્ટ રી-શેર કરીને લખ્યું કે કોઈ મહિલા શું પહેરે છે, શું કરે છે અને ક્યાં જાય છે, તે તેની પોતાની પસંદ છે. મહિલાઓના કપડાં અને જીવનશૈલીની ઓનલાઈન પોલીસિંગ એટલે કે પહેરેદારી ન કરવી જોઈએ.



# સામંથા પ્રભુએ શેર કરી બેબી બમ્પની તસવીરો...

## પ્રેગ્નન્સી ગ્લોમાં સેલ્ફી પણ પોસ્ટ કરી; ચાહકોએ બેબી નેમ સૂચવ્યું, અભિનેત્રીએ પ્રતિક્રિયા આપી

(એજન્સી) મુંબઈ | તા.31

એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ હાલમાં પ્રેગ્નન્સી બ્રેક પર છે. તે સોશિયલ મીડિયા પર તેની પ્રેગ્નન્સી જર્નીની તસવીરો સતત શેર કરી રહી છે. તાજેતરમાં, સામંથાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક નવો ફોટો ડમ્પ શેર કર્યો છે, જેમાં તે પોતાનો બેબી બમ્પ અને પ્રેગ્નન્સી ગ્લો બતાવતી જોવા મળી રહી છે. આ પોસ્ટ પર એક ફેને તેને બાળકના નામનો સુઝાવ આપ્યો, જેના પર એક્ટ્રેસે મજેદાર પ્રતિક્રિયા આપી છે. સામંથાએ 1 ડિસેમ્બર 2025ના રોજ ફિલ્મમેકર રાજ નિદિમોરુ સાથે લગ્ન કર્યા હતા અને ટૂંક સમયમાં તે તેના પ્રથમ બાળકનું સ્વાગત કરવા જઈ રહી છે.



ફેને સૂચવ્યું સામંથા અને રાજના નામનું કોમ્બિનેશન સામંથાની નવી ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં તેની અલગ-અલગ તસવીરો સામેલ છે. આમાંથી કેટલીક તસવીરોમાં તે મેકઅપ વગર જોવા મળી રહી છે, તો કેટલીકમાં ફ્લાઈટમાં અને ઘરે મિરર સેલ્ફી લેતી વખતે બેબી બમ્પ બતાવી રહી છે.

પોસ્ટના કમેન્ટ સેક્શનમાં એક ફેને લખ્યું, ‘છોકરી માટે સમૈરા અને છોકરા માટે સામ્રાજ કેવું રહેશે? આ સામંથા અને રાજના નામનું પરફેક્ટ મિક્સ છે.‘ આના પર સામંથાએ જવાબ આપતા લખ્યું, ‘સામ્રાજ... શું આ થોડું વધારે નહીં થઈ જાય?‘ પ્રેગ્નન્સીમાં સામંથાનું 11 કિલો વજન વધ્યું સામંથાએ આ પહેલા ઈન્સ્ટાગ્રામ પર આસ્ક મી એનિથિંગ (AMA) સેશન પણ રાખ્યું હતું. જેમાં તેણે જણાવ્યું હતું કે તે તેના પ્રેગ્નન્સી ફેઝને ખૂબ એન્જોય કરી રહી છે.

એક યુઝરના પ્રશ્ન પર તેણે ખુલાસો કર્યો કે તેનું વજન અત્યાર સુધીમાં 11 કિલો વધી ગયું છે. સામંથાએ કહ્યું, ‘મને લાગતું હતું કે આ સમયગાળા દરમિયાન હું ખૂબ જ પરેશાન કે ગભરાયેલી રહીશ, પરંતુ તેની જગ્યાએ હું મારી જાતને ખૂબ જ મજબૂત અને સશક્ત અનુભવી રહી છું.‘

રાજ નિદિમોરુ સાથે 2025માં કોયંબતૂરમાં લગ્ન કર્યા હતા સામંથા અને ફિલ્મમેકર રાજ નિદિમોરુએ 1 ડિસેમ્બર 2025ના રોજ તમિલનાડુના કોયંબતૂર સ્થિત ઈશા યોગ કેન્દ્રના લિંગ ભૈરવી મંદિરમાં લગ્ન કર્યા હતા. આ એક પરંપરાગત સમારોહ હતો, જેમાં ફક્ત પરિવારના સભ્યો અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા.



# નિકી તંબોલી અને અરબાઝ પટેલનું બ્રેકઅપ?

(એજન્સી) મુંબઈ | તા.31

એક્ટ્રેસ નિક્કી તંબોલી અને અરબાઝ પટેલે ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કર્યા. જેના પછી તેમના અલગ થવાની ચર્ચા શરૂ થઈ ગઈ. જોકે, નિક્કી અને અરબાઝે હજુ સુધી તેમના બ્રેકઅપની પુષ્ટિ કરી નથી.

આ દરમિયાન બંનેએ સોશિયલ મીડિયા પર છેતરપિંડી અને તૂટેલા વચનો સંબંધિત પોસ્ટ પણ શેર કરી હતી.

અરબાઝે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને લખ્યું, “પોતાના પાર્ટનરને દગો આપવો, પછી ઘરે આવીને તેની આંખોમાં જોઈને કહેવું કે હું તને પ્રેમ કરું છું, અપમાનનું બિલકુલ અલગ સ્તર છે. મેં જે કહ્યું, તે જ કહ્યું.”

અરબાઝે પોસ્ટમાં કોઈનું નામ લીધું ન હતું. જોકે, સોશિયલ મીડિયા યુઝર્સે અટકળો લગાવી કે તેમનો ઈશારો નિક્કી તરફ હતો. આ પહેલા નિક્કીએ એક નોટ શેર કરી હતી. જેમાં તેણે લખ્યું હતું, “તે સત્ય, જેના વિશે લોકો કહેતા નથી. અફેર્સ એટલા માટે નથી થતા કે કોઈ નવી વ્યક્તિ ખૂબ આકર્ષક છે. તે એટલા માટે થાય છે, કારણ કે કોઈ જૂની વ્યક્તિ પોતાના વચનોનું સન્માન કરવાનું બંધ કરી દે છે.”

નિકી અને અરબાઝની બોન્ડિંગે પહેલીવાર બિગ બોસ મરાઠી 5 દરમિયાન લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. શોમાં બંનેનો સંબંધ ચર્ચાનો મુખ્ય વિષય રહ્યો હતો.

રિયાલિટી શોમાંથી બહાર આવ્યા પછી પણ બંનેએ પોતાનો સંબંધ ચાલુ રાખ્યો. બાદમાં બંનેએ રિયાલિટી શો ‘ધ 50’માં સાથે ભાગ લીધો.

# ઓસ્કર દ્વારા દીપિકાનાં પાત્ર નૈનાને લગતી પોસ્ટથી ચાહકો ખુશ થયા



મુંબઈ: ઓસ્કર એવોર્ડ આપતી એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ એન્ડ સાયન્સ દ્વારા દીપિકા પાદુકોણેના 'યહ જવાની હૈ દિવાની' ફિલ્મના પ્રિય પાત્ર નૈના તલવારનની પોસ્ટ કરાઈ છે. આ પોસ્ટમાં 2013ની ફિલ્મનું ઉદયપુરમાં સૂર્યાસ્ત માણતા દીપિકા-રણબીરનું યાદગાર દ્રશ્ય શેર કરાયું છે. ચાહકોએ આ ફિલ્મને યાદગાર ગણાવી, જે એક આખી જનરેશનની હોટ ફેવરિટ મૂવી છે.

ઓસ્કર એવોર્ડ આપતી એકેડમી ઓફ મોશન પિકચર આર્ટ એન્ડ સાયન્સનાં સત્તાવાર ઈન્સ્ટા હેન્ડલ દ્વારા 'યહ જવાની હૈ દિવાની'ના દીપિકા પાદુકોણેના પ્રિય પાત્ર નૈના તલવારનની પોસ્ટ કરવામાં આવતાં દીપિકાના ચાહકો ખુશ થઈ ગયા છે.

આ પોસ્ટ્માં ૨૦૧૩ની આ ફિલ્મના એક યાદગાર દ્રશ્યને શેર કરાયું છે. આ ક્લિપમાં દીપિકા અને રણબીરના પાત્ર નૈના અને બન્ની ઉદયપુરમાં સૂર્યાસ્ત માણતા નજરે પડે છે.

દ્રશ્યમાં બન્ની તેમના વ્યસ્ત સમયપત્રકને અનુસરવા મક્કમ જણાય છે જ્યારે નૈના તેને વિરામ લેવાનો અને પળની કદર કરવાની વિનંતી કરે છે. મહત્વાકાંક્ષા સાથે વર્તમાનમાં જીવવાનો તેનો સંદેશ હજી પણ દર્શકોને સુસંગત લાગે છે. ચાહકોએ આ પોસ્ટનો ઉષ્માભર્યો પ્રતિસાદ આપીને ફિલ્મને યાદગાર ગણાવીને જણાવ્યું કે તેને જોઈને પોતીકાપણાનો અહેસાસ થાય છે.અયાન મુખર્જી દિગ્દર્શિત 'યહ જવાની હૈ દિવાની'માં ચાર મિત્રોની વાર્તા છે જેમના જીવન અને સંબંધો હિમાલયન ટ્રિપથી ઉદયપુરના લગ્ન પ્રસંગ સુધી બદલાતા રહે છે. એક આખી જનરેશનની આ હોટ ફેવરિટ મૂવી ગણાય છે અને લોકો આજે પણ તેનાં ગીતો ગણગણતા રહે છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## જર્મનીએ જીત્યો હોકી વિશ્વકપ વીરતાથી ટાઈટલ મેળવ્યું

● યુવા ખેલાડીઓના દમ પર જર્મની બન્યું ચેમ્પિયન, સંઘર્ષ છતાં જર્મનીએ વિશ્વકપમાં રચ્યો નવો ઈતિહાસ



(એજન્સી) બર્લિન । તા. 31

વર્ષ ૨૦૨૬ના હોકી વિશ્વકપની રોમાંચક ફાઈનલ મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન જર્મનીએ તમામ મુશ્કેલીઓને પાર કરીને પોતાનો ચોથો વિશ્વકપ ખિતાબ જીતી લીધો છે અને ટૂર્નામેન્ટની શરૂઆત પહેલાં ફોર્મમાં ન હોવા છતાં યુવા ખેલાડીઓના દમ પર આ ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે.

વિશ્વકપ પહેલાંના એક વર્ષ દરમિયાન જર્મનીની ટીમને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને પ્રો લીગ જેવી મોટી સ્પર્ધાઓમાં તેનું પ્રદર્શન ખાસ સારું રહ્યું ન હતું. ટીમના મુખ્ય રમતવીરો નિવૃત્તિ લઈ ચૂક્યા હતા અને કેટલાક ખેલાડીઓ ગંભીર ઈજાઓના કારણે બહાર થઈ ગયા હતા, જેના કારણે આખી ટીમમાં માત્ર પચીસ વર્ષની સરેરાશ ઉંમર ધરાવતા યુવા ચહેરાઓને જ મોકો આપવામાં આવ્યો હતો અને વિશ્વની અન્ય મજબૂત ટીમોની સરખામણીમાં કોઈ જર્મનીને દાવેદાર માનતું ન હતું.

ટૂર્નામેન્ટ નજીક આવતા જ જર્મનીના કેમ્પમાં એક અનોખો બદલાવ જોવા મળ્યો હતો અને સહાયક પ્રશિક્ષક પાશા ગેડેમેનના જણાવ્યા અનુસાર સમગ્ર ટીમમાં અદ્ભુત એકતા અને ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રો લીગની નબળી શરૂઆત છતાં આખી ટીમ એક પરિવારની જેમ મેદાન પર ઉતરી હતી અને કઠિન પરિસ્થિતિઓમાં પણ હાર ન માનવાના જર્મન સ્વભાવને કારણે ટીમે નિર્ણાયક ક્ષણોમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ફાઈનલ મુકાબલા સુધીની આ સફરમાં યુવા ખેલાડીઓએ અનુભવી ખેલાડીઓની ગેરહાજરી વર્તાવા દીધી ન હતી અને વિરોધી ટીમોને હંફાવીને વિશ્વકપ પર ફરી એકવાર પોતાનો દબદબો સાબિત કરી બતાવ્યો છે.

આ ભવ્ય વિજય બાદ સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે કારણ કે નિષ્ણાતો પણ આ યુવા ટીમ પાસેથી આટલા મોટા વિજયની અપેક્ષા રાખી રહ્યા ન હતા. કોચિંગ સ્ટાફ અને ખેલાડીઓની સખત મહેનતના પરિણામે જર્મનીએ ફરી એકવાર સાબિત કરી દીધું કે તેઓ મોટા ટૂર્નામેન્ટ્સની અસલી ચેમ્પિયન ટીમ છે અને મુશ્કેલ સમયમાં પણ ઉત્કૃષ્ટ રમત રમીને ઈતિહાસ બદલવાની તાકાત ધરાવે છે.

## અંકુર ભટ્ટાચાર્જીએ ચેકિયામાં ડબલ ટાઈટલ જીત્યું



(એજન્સી) ઓલોમૌક । તા. 31

સોમવાર, એકત્રીસ ઓગસ્ટના રોજ રમાયેલી રોમાંચક સ્પર્ધામાં ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી અંકુર ભટ્ટાચાર્જીએ પોતાની અદભુત રમતનું પ્રદર્શન કરીને ચેકિયા ખાતે આયોજિત ડબલ્યુટીટી ફીડર ઓલોમૌક ટુર્નામેન્ટમાં સિંગલ્સ અને ડબલ્સ એમ બંને વર્ગમાં શાનદાર વિજય મેળવીને ઈતિહાસ રચી દીધો છે અને સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે.

વિશ્વના અઠ્યોત્તેરમા ક્રમના ખેલાડી અંકુર ભટ્ટાચાર્જીએ સિંગલ્સની અંતિમ અને નિર્ણાયક મેચમાં સ્લોવેનિયાના ત્રીજા ક્રમાંકિત મજબૂત ખેલાડી ડેની કોઝુલ સામે શરૂઆતમાં એક ગેમ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરી હતી અને સળંગ ત્રણ ગેમ જીતીને નવ-અગિયાર, અગિયાર-ચાર, અગિયાર-પાંચ અને અગિયાર-છ થી મુકાબલો પોતાના નામે કર્યો હતો. આ ભવ્ય જીત સાથે જ અંકુરે પોતાની કારકિર્દીનું પ્રથમ ડબલ્યુટીટી પુરુષ સિંગલ્સ શીર્ષક જીતી લીધું છે, જે આ વર્ષની તેની અત્યાર સુધીની સૌથી મોટી ઉપલબ્ધિ સાબિત થઈ છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય ટેબલ ટેનિસની તાકાતને વધુ મજબૂત બનાવી છે. સિંગલ્સની સફળતા ઉપરાંત, અંકુર ભટ્ટાચાર્જીએ આકાશ પાલ સાથે જોડી બનાવીને ડબલ્સ મુકાબલામાં પણ હરીફોને કોઈ તક આપી ન હતી. પુરુષ ડબલ્સની અંતિમ મેચમાં આ ભારતીય જોડીએ હંગેરીના સાબા અન્દ્રાશ સાંતોશી અને પોલેન્ડના આલન કુલચિકી ઝાલેવસ્કી સામે રમાયેલી રોમાંચક મેચમાં અગિયાર-આઠ, ચાર-અગિયાર, તેર-અગિયાર અને અગિયાર-નવથી વિજય મેળવીને સુવર્ણચંદ્રક પોતાના નામે કર્યો હતો.

# વૈભવ સૂર્યવંશીનો સપાટો:

## 7 સિક્સર, 7 ચોગ્ગા સાથે 92 રન ફટકાર્યા

(એજન્સી) બેંગલુરુ । તા. 31

આજે રમતગમત જગતમાંથી ક્રિકેટના મોરચે એક અત્યંત રોમાંચક અને ચર્ચાસ્પદ સમાચાર સામે આવ્યા છે, જેમાં યુવા પ્રતિભાશાળી ક્રિકેટરે પોતાની શાનદાર બેટિંગથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. દુલિપ ટ્રોફીની સેમિફાઈનલ મેચ દરમિયાન પૂર્વ ઝોન તરફથી રમતા યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ પોતાની આક્રમક રમતથી ઈતિહાસ રચવાની નજીક પહોંચીને થોડા માટે ચૂકી ગયા હતા. સોમવારે રમાયેલી આ મહત્વપૂર્ણ



મેચમાં પૂર્વ ઝોન અને મધ્ય ઝોન વચ્ચે મુકાબલો ચાલી રહ્યો હતો, જેમાં યુવા ખેલાડીએ શાનદાર પ્રદર્શન કરતા સદી ફટકારવાની સોનેરી તક ગુમાવી દીધી હતી. અગાઉ ક્યારેય ન જોઈ હોય તેવી ઉત્સાહજનક બેટિંગ શૈલી અપનાવતા આ યુવા ખેલાડીએ મેદાન પર શાસન જમાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નિર્ણાયક ક્ષણે મોટી હિટ લગાવવાના પ્રયાસમાં તે પોતાની વિકેટ ગુમાવી બેઠા હતા.

પૂર્વ ઝોન માટે ઓપનિંગ કરવા આવેલા આ યુવા ખેલાડીએ મેદાન પર પગ મૂકતાની સાથે જ શાનદાર શોટ્સ ફટકારવાનું શરૂ કરી દીધું હતું અને વિરોધી બોલરો પર દબાણ બનાવ્યું હતું. આ ઈનિંગ્સ દરમિયાન તેમણે માત્ર એકાશી બોલનો સામનો કરીને બાસણું રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી, જેમાં અનેક ચોગ્ગા અને છગ્ગા સામેલ હતા. જો કે, સદી પૂરી કરવાના ઉત્સાહમાં તેમણે મધ્ય ઝોનના ખેલાડી હર્ષ દુબેની ઓવરમાં ડીપ મિડવિકેટ વિસ્તાર તરફ મોટો શોર્ટ રમવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બાઉન્ડ્રી પર હાજર ફિલ્ડરે શાનદાર કેચ પકડીને તેમની આ શાનદાર ઈનિંગનો અંત આણ્યો હતો. આ પ્રદર્શનથી જોકે તેમનું સદી ફટકારવાનું સ્વપ્ન અધૂરું રહી ગયું, પરંતુ તેમની આ પરિપક્વ રમત શૈલીએ ક્રિકેટ જગતના દિગ્ગજોને પણ પ્રભાવિત કર્યા છે અને આગામી સમયમાં તેમની પાસેથી મોટી અપેક્ષાઓ બંધાઈ ગઈ છે.

આ મેચમાં માત્ર સદી ચૂકવા છતાં આ યુવા ખેલાડીએ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે અને દુલિપ ટ્રોફીના ઈતિહાસમાં સૌથી નાની વયે અર્ધશતક ફટકારનાર બેટ્સમેન બની ગયા છે. તેમની આ સિદ્ધિ એટલા માટે ખાસ છે કારણ કે પંદર વર્ષ અને એકસો સત્તાન દિવસની વયે તેઓ આ મુકામે પહોંચ્યા છે, જે અત્યાર સુધીના રેકોર્ડમાં એક મોટું સોપાન છે. જો તેઓ આ ઈનિંગ્સને સદીમાં ફેરવી શક્યા હોત તો તેઓ ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડીને બીજા સૌથી યુવા સદી ફટકારનાર ખેલાડી બની જાત. ભૂતકાળમાં સચિન તેંડુલકરે વર્ષ એક હજાર નવસો અઠ્યાસીમાં રણજી ટ્રોફી દરમિયાન પંદર વર્ષ અને બસો ત્રીસ દિવસની વયે પોતાની પ્રથમ સદી ફટકારી હતી, જ્યારે સૌથી નાની વયે સદી ફટકારવાનો રેકોર્ડ ધ્રુવ પાંડોવેના નામે છે જેમણે ચૌદ વર્ષ અને બ્યાણું દિવસની વયે આ સિદ્ધિ મેળવી હતી.

આ યુવા ખેલાડીની ક્ષમતા અને પ્રતિભા જોઈને રમત નિષ્ણાતો માની રહ્યા છે કે આગામી સમયમાં તેઓ ભારતીય ક્રિકેટના નક્ષત્ર તરીકે ઉભરી આવશે. આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ અને સ્થાનિક ટૂર્નામેન્ટ્સમાં આ પ્રકારનું પ્રદર્શન નાની વયે કરવું એ કોઈ સામાન્ય વાત નથી, જે ખેલાડીની માનસિક મજબૂતાઈ દર્શાવે છે. થોડા માટે સદી ચૂકી જવાનો રંજ ભલે ખેલાડીને હોય, પરંતુ આ અનુભવ તેમને ભવિષ્યમાં વધુ સંયમિત અને ધારદાર બેટિંગ કરવા માટે પ્રેરિત કરશે તેવી પૂરી આશા છે.

આગામી દિવસોમાં યોજાનારી અન્ય સ્થાનિક મેચોમાં પણ આ યુવા ખેલાડી પાસેથી આવા જ આક્રમક અને જવાબદાર પ્રદર્શનની અપેક્ષા રાખવામાં આવી રહી છે, જેનાથી ક્રિકેટ રસિકોમાં ભારે રોમાંચ જોવા મળી રહ્યો છે.

## IPLમાંથી ઈમ્પેક્ટ પ્લેયર નિયમ હટાવવાની તૈયારી, રોહિત-કોહલીએ ઊઠાવ્યો હતો વાંધો



(એજન્સી) અમદાવાદ । તા. 31

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી સીઝન પહેલાં સૌથી વધુ ચર્ચામાં રહેલા નિયમ અંગે મોટું પગલું ભર્યું છે. તમામ દસ ફ્રેન્ચાઈઝી ટીમો પાસેથી આ વિશે સત્તાવાર પ્રતિક્રિયાઓ મંગાવવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી આ નિયમની વિરુદ્ધ અને પક્ષમાં અનેક વાતો સામે આવી રહી છે, જેને ધ્યાનમાં રાખીને બોર્ડે આ નિર્ણય લીધો છે.

આગામી ટૂર્નામેન્ટને ધ્યાનમાં રાખીને બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે તમામ ફ્રેન્ચાઈઝીઓએ ત્રીસ ઓગસ્ટ સુધીમાં પોતાના લેખિત અભિપ્રાય મોકલવાના રહેશે. આ નિયમ સામે અગાઉ પણ અનેક દિગ્ગજ ખેલાડીઓ અને કેપ્ટનોએ અસહમતી વ્યક્ત કરી હતી. ખાસ કરીને મોટા સ્કોર બનવાની ઘટનાઓ વધ્યા પછી આ વિવાદ વધુ વેગ પકડ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે વધારાનો ખેલાડી મેદાન પર હોવાથી બેટિંગમાં અસાધારણ ઊંડાણ મળે છે, જેના કારણે રમતના સંતુલન પર અસર પડે છે. બીજી તરફ, કેટલાક સમર્થકોનું એવું પણ માનવું છે કે આનાથી કેપ્ટનોને રમત દરમિયાન વધુ વ્યૂહાત્મક વિકલ્પો મળે છે.

મે મહિનામાં બોર્ડના પદાધિકારીઓ દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે ટૂર્નામેન્ટ પૂર્ણ થયા બાદ આ સમગ્ર વ્યવસ્થાની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવશે. હવે તે જ દિશામાં આગળ વધીને બોર્ડે તમામ દસ ટીમોને પોતાના ક્રિકેટ ઓપરેશન્સ યુનિટ સાથે ચર્ચા કરીને સંયુક્ત પ્રતિક્રિયા મોકલવા આદેશ કર્યો છે. આ પ્રક્રિયા અંતર્ગત મેચ ઓપરેશન્સ એરિયા, અમ્પાયરિંગ, પ્રેક્ટિસ સેશન અને પ્લેઈંગ કંડિશન્સ જેવા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ સૂચનો માંગવામાં આવ્યા છે. ફ્રેન્ચાઈઝીઓ તરફથી સત્તાવાર અભિપ્રાય આવ્યા બાદ જ બોર્ડ અંતિમ નિર્ણય લેશે.

આ નિયમને લઈને ભારતીય ટીમના અનુભવી ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલીએ પણ અગાઉ ખુલ્લેઆમ પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. છેલ્લી સીઝન દરમિયાન મળેલી બેઠકોમાં પણ અનેક ટીમોના કેપ્ટનોએ આ વ્યવસ્થા સામે અસંતોષ દાખવ્યો હતો. હાલમાં બોર્ડ પાસે ત્રણ મુખ્ય વિકલ્પો ઉપલબ્ધ છે, જેમાં વર્તમાન નિયમને યથાવત રાખવો, તેમાં જરૂરી ફેરફાર કરવા અથવા તેને સંપૂર્ણપણે હટાવી દેવો સામેલ છે. જો ફ્રેન્ચાઈઝીઓના પ્રત્યુત્તરમાં વ્યાપક ફેરફારની માંગ પ્રબળ બનશે, તો આગામી સમયમાં રમતની પદ્ધતિમાં મોટો બદલાવ જોવા મળી શકે છે. બોર્ડની આ સમીક્ષા પ્રક્રિયાથી ક્રિકેટ જગતમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

## ચાઈના માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓની મોટી પીછેહઠ

(એજન્સી) શેનઝેન । તા. 31

ચીનના શેનઝેન શહેરમાં રમાનારી ચાઈના માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટ પહેલા ભારતની બેડમિન્ટન ટીમ માટે મોટા ઝટકા સમાન સમાચાર સામે આવ્યા છે. નવી દિલ્હીમાં રમાયેલી વિશ્વ બેડમિન્ટન સ્પર્ધા બાદ તરત જ શરૂ થનારી આ મહત્વપૂર્ણ સ્પર્ધામાંથી ભારતના અનેક દિગ્ગજ ખેલાડીઓએ નામ પાછા ખેંચી લીધા છે. વૈશ્વિક કક્ષાની આ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ હવે મર્યાદિત ખેલાડીઓ દ્વારા જ કરવામાં આવશે, જેના કારણે રમતપ્રેમીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. ચીનના શેનઝેન શહેરમાં આગામી પહેલી સપ્ટેમ્બરથી ચાઈના માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટનો ભવ્ય પ્રારંભ થવા જઈ રહ્યો છે, પરંતુ આ સુપર સેટ પચાસ સ્તરની પ્રતિષ્ઠિત સ્પર્ધા શરૂ થાય તે પહેલા જ ભારતનું અભિયાન મોટો ફટકો સહન કરી ચૂક્યું છે. ભારતીય બેડમિન્ટન જગતના દિગ્ગજ ખેલાડીઓ એવા પી.વી. સિંધુ, આયુષ શેટ્ટી, માલવિકા બંસોડ અને આકર્ષી કશ્યપ જેવા નામાંકિત ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાંથી હટી જવાનો નિર્ણય લીધો છે. નવી દિલ્હી ખાતે આયોજિત વિશ્વ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં જોરદાર પરફોર્મન્સ આપ્યાના માત્ર થોડા જ દિવસો બાદ આ અણધારી જાહેરાત કરવામાં આવી છે, જેનાથી ભારતનું ખેલાડી દળ નોંધપાત્ર રીતે ઘટી ગયું છે.

તાજેતરની હોમ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પોતાના શાનદાર પ્રદર્શનથી સૌનું ધ્યાન ખેંચનાર યુવા ખેલાડી આયુષ શેટ્ટીએ પુરુષ એક સિંગલ્સ વર્ગમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. આ એકવીસ વર્ષીય પ્રતિભાશાળી ખેલાડીએ અગાઉ ડિફેન્ડિંગ ચેમ્પિયન અને વિશ્વના પ્રથમ ક્રમાંકના ખેલાડી શી યુકી સામે રોમાંચક ત્રણ ગેમ્સના સંઘર્ષમાં યાદગાર વિજય મેળવીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેને ઈન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

આ ઉપરાંત, બે વખતની ઓલમ્પિક પદક વિજેતા સ્ટાર ખેલાડી પી.વી. સિંધુએ પણ મહિલા એક સિંગલ્સ મુકાબલામાંથી હટી



જવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. સિંધુએ નવી દિલ્હીની સ્પર્ધામાં આયર્લેન્ડની સોફિયા નોબલ અને કેનેડાની વેન યુ ઝાંગ સામે વિજય મેળવીને પ્રી-ક્વાર્ટર ફાઈનલ સુધીની સફર ખેડી હતી, જ્યાં તેને ચીનની વાંગ ઝી યી સામે સખત સંઘર્ષ બાદ હાર મળી હતી. આ પ્રખ્યાત ખેલાડીઓની સાથોસાથ માલવિકા બંસોડ અને આકર્ષી કશ્યપ પણ મહિલા એક સિંગલ્સની મુખ્ય રેસમાંથી બહાર થઈ ચૂકી છે.

દિગ્ગજ ખેલાડીઓની ગેરહાજરી છતાં ભારતની પડકારરૂપ સફર ચાલુ રહેશે, જેમાં લક્ષ્ય સેન અને કડાંબી શ્રીકાંત પુરુષ એક સિંગલ્સમાં મોરચો સંભાળશે. મહિલા વર્ગમાં ઉન્નતિ હૂડા, દેવિકા સિહાગ અને તન્વી શર્મા દેશની આશાઓને આગળ ધપાવશે. ડબલ્સ મુકાબલાઓમાં સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી પુરુષ ડબલ્સમાં આગેવાની કરશે, જોકે મહિલા ડબલ્સ વર્ગમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની ઐતિહાસિક પદક વિજેતી સફર બાદ ભારતનું પ્રતિનિધિત્વ જોવા નહીં મળે. આગામી એશિયન ગેમ્સ પહેલાં આ ટુર્નામેન્ટ બાકી રહેલા ખેલાડીઓ માટે ફોર્મ અને લય જાળવી રાખવા માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

## ટેનિસ જગતમાં મોટો ધડાકો નોવાક જોકોવિચ યુએસ ઓપનમાંથી બહાર

### ન્યુ યોર્કની ધરતી પર જોકોવિચને મોટો પરાજય મળ્યો

(એજન્સી) ન્યુ યોર્ક । તા. 31

ટેનિસ જગતને હચમચાવી નાખતી એક અત્યંત ચોંકાવનારી ઘટનામાં, સર્બિયાના દિગ્ગજ ખેલાડી નોવાક જોકોવિચે રવિવારે ન્યુ યોર્ક ખાતે યોજાયેલી વર્ષ બાવીસની પ્રતિષ્ઠિત યુએસ ઓપન ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધામાં પોતાની કારકિર્દીની શરૂઆતી રાઉન્ડની મેચમાં જ ચોંકાવનારી હારનો સામનો કરવો પડ્યો છે, જ્યાં અડતાલીસમાં ક્રમના આર્જેન્ટિનાના યુવા ખેલાડી મિઆનો નાવોને તેમને પાંચ સેટ સુધી ચાલેલા રોમાંચક સંઘર્ષમાં પરાજય આપીને ટૂર્નામેન્ટમાંથી બહારનો રસ્તો દેખાડી દીધો છે.

અમેરિકાના ન્યુ યોર્ક શહેરમાં રમાઈ રહેલી આ ભવ્ય વૈશ્વિક સ્પર્ધાના પહેલા જ રાઉન્ડમાં રમાયેલા મુકાબલામાં વિશ્વના અગ્રણી ખેલાડી નોવાક જોકોવિચ



અને આર્જેન્ટિનાના પચીસ વર્ષીય પ્રતિભાશાળી ખેલાડી મિઆનો નાવોને વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી હતી. નાવોને સાત-છ, પાંચ-સાત, ચાર-છ, છ-બે અને છ-એકથી મેળવેલી આ ઐતિહાસિક જીતે જોકોવિચના રેકોર્ડ ૨૫મા ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીતવાના સપના પર પાણી ફેરવી દીધું છે, જેની રાહ તેઓ વર્ષ બાવીસથી જોઈ રહ્યા હતા. આ પરાજય સાથે જ જોકોવિચનું ગ્રાન્ડ સ્લેમની શરૂઆતી રાઉન્ડમાં અજેય રહેવાનું લાંબુ અભિયાન પણ અટકી ગયું છે, કારણ કે વર્ષ બે હજાર છ પછી ઓસ્ટ્રેલિયન ઓપન બાદ ક્યારેય તેઓ પ્રથમ રાઉન્ડમાં હાર્યા ન હતા.

મેદાન પર રમાયેલી આ ચાર કલાક અને છત્રીસ મિનિટ સુધીની અતિશય થકવી નાખતી મેચ દરમિયાન નોવાક જોકોવિચ શારીરિક સ્વાસ્થ્યની ગંભીર સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા હતા. મેચ દરમિયાન અનેક વખત તેમને ઉલ્ટીઓ થતી જોવા મળી હતી અને તેઓ ગંભીર સ્નાયુ ખેંચાણ તથા પીઠ અને ખભાના દુખાવાથી ભારેશ્વર પરેશાન દેખાઈ રહ્યા હતા. ચોથા સેટમાં લીડ મેળવ્યા બાદ પણ તેઓ પોતાની સ્થિતિ પર કાબૂ રાખી શક્યા ન હતા અને અંતિમ સેટ પહેલાં તબીબી સહાય લેવા છતાં તેમની શારીરિક ક્ષમતા સાથ આપી શકી ન હતી, જેનો સંપૂર્ણ ફાયદો ઉઠાવીને નાવોને સળંગ ગેમ્સ જીતીને મેચ પોતાના નામે કરી લીધી હતી.

સફર અટકી // ઈજાના કારણે રમતથી દૂર રહેવું પડ્યું, નીરજ ચોપરાની રમત ક્ષેત્રે અદ્ભુત સફર

## નીરજ ચોપરાની સફર અટકી ઈજાથી સપનાઓ રોળાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

ભારતના દિગ્ગજ ભાલા ફેંક ખેલાડી નીરજ ચોપરાની વર્ષ 2026ની રમતયાત્રા તાલીમ સત્ર દરમિયાન ઘૂંટણની ગંભીર ઈજાના કારણે અચાનક જ સમાપ્ત થઈ ગઈ છે, જેનાથી આગામી એશિયન ગેમ્સ અને ડાયમંડ લીગ ફાઈનલ જેવી મોટી સ્પર્ધાઓમાં દેશનું પ્રતિનિધિત્વ કરવાનો તેમનો મહત્વપૂર્ણ મોકો છીનવાઈ ગયો છે અને સમગ્ર દેશના ખેલપ્રેમીઓમાં નિરાશા વ્યાપી ગઈ છે.

ગત વર્ષે સપ્ટેમ્બર મહિનાથી સ્નાયુઓની સમસ્યાના કારણે નવ મહિના સુધી મેદાનથી બહાર રહ્યા બાદ, નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગથી પોતાની શાનદાર વાપસી કરી હતી, જ્યાં તેમણે પંચાશી મીટરથી વધુનું અંતર પાર કરીને ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ કોમનવેલ્થ ગેમ્સમાં સેટલ થતાં તેમણે રજત ચંદ્રક પોતાના નામે કર્યો હતો અને લૌસાન ડાયમંડ લીગમાં અઠ્યાસી મીટરથી વધુનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને



પોતાના પુનરાગમનની તાકાત સાબિત કરી દીધી હતી. જોકે, તે જ સમયગાળા દરમિયાન તાલીમ સત્રમાં થયેલી અકસ્માતજનક ઈજાએ તેમની આ યાત્રા પર પૂર્ણવિરામ મૂકી દીધું છે, જેને કારણે લાંબા ગાળાની ફિટનેસને પ્રાથમિકતા આપીને તેમને તમામ આગામી પ્રતિયોગિતાઓમાંથી નામ પાછું ખેંચવું પડ્યું છે. મેદાન પર અથાક મહેનત કરનાર આ સ્ટાર ખેલાડીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી હતી અને તેઓ પોતાની શ્રેષ્ઠ ફોર્મ તરફ આગળ વધી રહ્યા હતા, પરંતુ એક ક્ષણની દુર્ઘટનાએ સમગ્ર સમીકરણ બદલી નાખ્યું. તબીબી નિષ્ણાતો સાથે વિસ્તૃત પરામર્શ કર્યા બાદ ખેલાડી અને તેમની સહાયક ટીમે જોખમ ન લેવાનો નિર્ણય કર્યો, કારણ કે તાત્કાલિક રમવાનું ચાલુ રાખવાથી કારકિર્દી પર કાયમી અસર પડી શકતી હતી. આ અચાનક આવેલા આંચકાના કારણે બ્રસેલ્સમાં યોજાનારી ડાયમંડ લીગ ફાઈનલ તેમજ એચી-નાગોયા ખાતે આયોજિત એશિયન ગેમ્સમાં પોતાના ખિતાબનું રક્ષણ કરવાનું સ્વપ્ન અધૂરું રહી ગયું છે, અને હવે તેમની ગેરહાજરીમાં અન્ય યુવા ખેલાડીઓ પર દેશની જવાબદારી આવી ગઈ છે.

આ પ્રકારે અચાનક બહાર થવું એ માત્ર ખેલાડી માટે જ નહીં પરંતુ સમગ્ર ભારતીય રમત જગત માટે એક મોટો ફટકો છે, કારણ કે તેમની ઉપસ્થિતિ હંમેશા વિરોધી ખેલાડીઓ પર માનસિક દબાણ ઊભું કરતી હતી. રમત સમીક્ષકોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરનાર આ ખેલાડીની ફિટનેસ પર ધ્યાન આપવું અત્યારે સૌથી મોટો પડકાર છે, અને પુનરાગમન કર્યા બાદ તેઓ ફરીથી પોતાની જૂની ગરિમા અને પ્રભાવ મેળવવામાં સફળ રહેશે તેવી પૂરી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે, જ્યારે આગામી સમયમાં રમત બોર્ડ દ્વારા તેમની અવેજીમાં રમનારા ખેલાડીઓની યાદીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

પીજીએ ટૂર ચેમ્પિયનશિપ, ફેડેક્સ કપ પ્લેઓફ્સ

## સ્કોટી શેફલરે જીતી પીજીએ ટૂર ચેમ્પિયનશિપ

(એજન્સી) એટલાન્ટા । તા. 31

વિશ્વના નંબર એક ખેલાડી સ્કોટી શેફલરે રવિવારે અટલાન્ટાના ઈસ્ટ લેક ગોલ્ફ ક્લબ ખાતે રમાયેલી ફેડેક્સ કપ પ્લેઓફ્સની રોમાંચક ફાઈનલમાં શાનદાર વાપસી કરતા ટૂર ચેમ્પિયનશિપનો ખિતાબ પોતાના નામે કરી લીધો છે. અમેરિકન ખેલાડી સ્કોટી શેફલરે પાછળથી શરૂઆત કરીને અંતિમ દિવસે ચાર અંડર પાર સત્તાણું સ્કોર નોંધાવ્યો હતો અને કુલ સોળ અંડર બસો ચૌસઠ સાથે વિજય મેળવ્યો હતો. આ ભવ્ય જીત સાથે જ તેણે ટાઈગર વુડ્સ અને રોરી મેકિલ્રોયની યાદીમાં સ્થાન મેળવી લીધું છે, જેઓ અગાઉ એકથી વધુ વખત આ ખિતાબ જીતી ચૂક્યા છે. આ સ્પર્ધામાં નોર્વેના વિક્ટર હોવલેન્ડ એક સ્ટ્રોકની લીડ સાથે



અંતિમ રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો અને તેઓ પણ બહુવિધ ચેમ્પિયનશિપ વિજેતા બનવાની દોડમાં સામેલ હતા. જોકે, અંતિમ દિવસે તેઓ બે ઓવર પાર જ કરી શક્યા હતા અને તેરા અંડર સાથે બીજા સ્થાને રહ્યા હતા. સ્કોટી શેફલરે ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવીને હોવલેન્ડને પાછળ છોડી દીધો અને ત્રણ શૂટની સરસાઈ સાથે ટાઈટલ જીતી લીધું. આ અગાઉ શેફલરે વર્ષ ચૌવીસમાં પણ આ ખિતાબ જીત્યો હતો, અને આ સાથે જ તેઓ આ સિદ્ધિ મેળવનાર ઈતિહાસના માત્ર ત્રીજા ખેલાડી બની ગયા છે. આ અગાઉ મેકિલ્રોયે ત્રણ વખત જ્યારે વુડ્સ બે વખત આ ચેમ્પિયનશિપ જીતી ચૂક્યા છે.

### ખાલિસ્તાનીઓની શરમજનક હરકત ખુલ્લી પડી, ભારત વિરોધી કૃત્ય કરનારને ભારે પડશે ભૂલ

# ન્યૂયોર્કમાં તિરંગાનું અપમાન ખાલિસ્તાનીઓને નડશે

(એજન્સી) ન્યૂયોર્ક I તા. 31

અમેરિકાના પ્રખ્યાત મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતના કાર્યક્રમ દરમિયાન ભારત વિરોધી તત્વો દ્વારા ભારતીય રાષ્ટ્રધ્વજનું અપમાન કરવામાં આવ્યું હતું, જેના પગલે દેશભરમાં રોષ ફેલાયો છે અને કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ ઉપદ્રવીઓને કડક શબ્દોમાં ચેતવણી આપી છે.

શનિવાર, ઓગસ્ટ 29 ના રોજ ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનના ઈન્ફોસિસ થિયેટરમાં 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતનું મહત્ત્વપૂર્ણ સંબોધન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં ભારતીય પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત આતંકી સંગઠન 'શીખ ફોર જસ્ટિસ' સાથે જોડાયેલા કેટલાક ખાલિસ્તાની સમર્થકોએ થિયેટરની બહાર




એકઠા થઈને ભારે હોબાળો મચાવ્યો હતો અને દેશવિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.



વિરોધ પ્રદર્શનની આડમાં ખાલિસ્તાની સમર્થકોએ તમામ મર્યાદાઓ ઓળંગીને ભારતીય તિરંગાનું જાહેરમાં અપમાન કર્યું હતું. દેખાવકારો પૈકી એક વ્યક્તિ રાષ્ટ્રધ્વજને પોતાના પગ સાથે બાંધીને ગર્વ અનુભવતો કેમેરામાં કેદ થયો હતો, જ્યારે અન્ય કેટલાક પ્રદર્શનકારીઓ પવિત્ર તિરંગાને ફાડી નાખતા નજરે પડ્યા હતા. એટલું જ નહીં, આ ઉપદ્રવીઓએ સંઘ પ્રમુખ મોહન ભાગવતના કટ-આઉટને જૂતાની માળા પહેરાવીને પોતાની ઓછી માનસિકતાનું પ્રદર્શન કર્યું હતું. આ શરમજનક ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ વિદેશમાં વસતા ભારતીય સમુદાયમાં તીવ્ર રોષ વ્યાપી ગયો છે. આ ગંભીર મામલે આક્રમક વલણ અપનાવતા કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ સોશિયલ મીડિયાના માધ્યમથી સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, તેમણે જણાવ્યું છે કે લોકશાહીમાં સરકાર કે કોઈ પણ સંગઠનની ટીકા કરવાની દરેકને સ્વતંત્રતા છે, પરંતુ ભારત દેશ અને આપણા રાષ્ટ્રધ્વજનું અપમાન કોઈપણ ભોગે ચલાવી લેવામાં આવશે નહીં.

### ભારતનો ઉદય માનવતાના યોગદાનથી

# ટોરોન્ટોમાં આરએસએસ પ્રમુખનું ધારદાર નિવેદન



(એજન્સી) ટોરોન્ટો I તા. 31

કેનેડાના સૌથી મોટા શહેરમાં યોજાયેલા એક ભવ્ય કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે ભારતીય સમુદાયને સંબોધતા જણાવ્યું હતું કે ભારતનો સાચો ઉદય તેની સૈનિક કે આર્થિક શક્તિથી નહીં, પરંતુ એકતાપૂર્ણ માનવતામાં તે કેટલું યોગદાન આપે છે તેનાથી આંકવો જોઈએ.

કેનેડાના ટોરોન્ટો ખાતે 'હિન્દુ વિશ્વ બંધુ - એમ્બ્રેસ ધ વર્લ્ડ ઈન ફ્રેન્ડશિપ' શીર્ષક હેઠળ આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં આઠ અલગ-અલગ પ્રાંતોમાંથી અઢી હજારથી વધુ હિન્દુ નાગરિકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન વિશેષ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં કેનેડાના પૂર્વ સંરક્ષણ મંત્રી અને આલ્બર્ટાના પૂર્વ પ્રીમિયર જેસન કેની સહિત અનેક અગ્રણીઓએ હાજરી આપીને ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં નવી ગતિશીલતાનું સ્વાગત કર્યું હતું.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, સભાને સંબોધિત કરતા સંઘ પ્રમુખે ભારતીય સનાતન સંસ્કૃતિના મૂળ સિદ્ધાંતો જેમ કે સેવા, વિવિધતા અને વૈશ્વિક બંધુત્વ પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો હિન્દુ જાગશે તો જ આખી દુનિયા જાગશે અને માનવતાનું કલ્યાણ થશે. ભારતના ડીએનએનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે આપણી પરંપરા હંમેશાં જરૂરિયાતમંદોને મદદનો હાથ લંબાવવાની રહી છે. ભારતે ક્યારેય કોઈ પણ દેશ પર શાસન કરવા માટે આક્રમણ કર્યું નથી, પરંતુ પોતાના ઉચ્ચ ચરિત્ર અને જ્ઞાનના પ્રસારને કારણે હંમેશાં 'વિશ્વગુરુ'નું પદ મેળવ્યું છે.

કાર્યક્રમમાં આગળ વાત કરતા તેમણે જણાવ્યું કે ભારતમાં વિવિધતાને ક્યારેય પ્રગતિના માર્ગમાં અવરોધ તરીકે જોવામાં આવતી નથી, પરંતુ વિવિધતા પોતે જ એકતાનું એક સુંદર સ્વરૂપ છે. આ વિચારને 'વસુધૈવ કુટુંબકમ્' એટલે કે આખું વિશ્વ એક પરિવાર છે તેની સાથે જોડતા તેમણે નાગરિકોને અપીલ કરી કે તમામ પ્રકારના બાહ્ય ભેદભાવોથી ઉપર ઉઠીને સાર્વત્રિક માનવતાને ઓળખવી અનિવાર્ય છે. આપણા પૂર્વજોએ મેક્સિકોથી લઈને સાઇબિરીયા સુધીના વિસ્તારોમાં પ્રવાસ કરીને માત્ર જ્ઞાન વહેંચવાનું કામ કર્યું છે, ક્યારેય કોઈનું ધર્માંતરણ કરાવ્યું નથી કે કોઈની ભૂમિ પર બળજબરીથી કબજો જમાવ્યો નથી. સેવાની આ ભાવના આપણા લોહીમાં વણાયેલી છે અને તે જ આપણી ખરી ઓળખ છે.

RSSના વડા મોહન ભાગવતે વધુમાં જણાવ્યું કે, 'ભારતના અભ્યુદયનો અર્થ વધુ સંગઠિત અને મુક્ત માનવતા છે. ભારતને એક સમયે મહાસત્તા કહી શકાતું હતું, પરંતુ તેણે ક્યારેય તેવો દાવો કર્યો નથી. ભારતે હંમેશાં વિશ્વની સેવા કરી છે અને પોતાના ઉચ્ચ ચરિત્રને કારણે તે 'વિશ્વગુરુ' બન્યું છે, શાસક મહાસત્તા નહીં.'


વિવિધતાને ભારતની એકતાનો અવિભાજ્ય અંગ ગણાવતા તેમણે કહ્યું કે, 'ભારતમાં ભિન્નતાને અવરોધ તરીકે જોવામાં આવતી નથી. ભારતની પરંપરા લોકોને વિવિધતામાં એકતાના દર્શન શીખવે છે અને વિવિધતા પોતે જ એકતાનું એક સ્વરૂપ છે.'

આ વિચારને 'વસુધૈવ કુટુંબકમ્' સાથે જોડતા RSSના વડા મોહન ભાગવતે કહ્યું કે, 'આખું વિશ્વ એક પરિવાર છે. આ સિદ્ધાંત હેઠળ લોકોએ બાહ્ય ભેદભાવોથી પર થઈને સાર્વત્રિક માનવતાને ઓળખવી જોઈએ.'

સંઘના વડા મોહન ભાગવતે ઉમેર્યું કે, 'સેવાની ભાવના ભારતના ચરિત્રમાં ઊંડે સુધી વણાયેલી છે. ભારતે ક્યારેય વિશ્વમાં ક્યાંય પણ મદદ કરવાનો ઈનકાર કર્યો નથી અને વિનંતી વગર પણ સહાયનો હાથ લંબાવ્યો છે. ભારતના પૂર્વજોનો ઉદ્દેશ્ય રાજકીય નિયંત્રણ સ્થાપિત કરવાનો નહોતો, પરંતુ જ્ઞાન વહેંચવાનો હતો. આપણા પૂર્વજોએ મેક્સિકોથી સાઇબિરીયા સુધીના વિસ્તારોમાં પ્રવાસ કર્યો હતો.

## ન્યૂઝ બ્રીફ

### ટ્રમ્પના પુત્ર બૈરનને ઈરાન તરફથી મળી ધમકી, બૈરન ટ્રમ્પે જાહેર જવાનું ટાળ્યું



વોશિંગ્ટન | અમેરિકા અને ઈરાન વચ્ચે ચરમસીમાએ પહોંચેલા ભીષણ યુદ્ધના માહોલ વચ્ચે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નાના પુત્ર બૈરન ટ્રમ્પની સુરક્ષાને લઈને અત્યંત ચિંતાજનક પરિસ્થિતિ ઉભી થઈ છે, જ્યાં ઈરાન તરફથી કથિત ધમકીઓ મળ્યા બાદ તેમણે જાહેરમાં બહાર નીકળવાનું બિલકુલ બંધ કરી દીધું છે. વર્તમાન સમયમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષની સીધી અસર ટ્રમ્પ પરિવારના અંગત જીવન પર પણ પડી છે. વીસ વર્ષીય બૈરન ટ્રમ્પ સ્વભાવે અત્યંત ખાનગી અને એકાંતપ્રિય જીવનશૈલી ધરાવે છે, પરંતુ તાજેતરની આફતો અને ધમકીઓને કારણે તેમની સુરક્ષા વ્યવસ્થામાં ભારે વધારો કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, તેઓ વર્તમાન સમયમાં મોટાભાગનો સમય પોતાના ઘરમાં જ વિતાવી રહ્યા છે અને જાહેર સ્થળોએ જવાનું ટાળી રહ્યા છે. થોડા સમય પહેલાં અમેરિકી ઈન્ફ્લ્યુઅન્સર અને ટ્રમ્પના સમર્થક ચાર્લી કિર્કની હત્યાની ઘટના બની હતી, જેની ઊંડી માનસિક અસર બૈરન પર થઈ હતી.

### અમેરિકા સામે ખાડી દેશો એક થવા અપીલ, ઈરાનના સર્વોચ્ચ નેતાનું વૈશ્વિક આહવાન



તહેરાન | અમેરિકા અને ઈઝરાયેલ સાથે ચાલી રહેલી તંગદીલી અને ભીષણ યુદ્ધના એંધાણ વચ્ચે ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા મોજતબા ખામેનેઈએ મોહમ્મદ પયગંબરના પવિત્ર જન્મદિવસે ખાડી દેશોના રાષ્ટ્રોને અમેરિકા વિરુદ્ધ એક થવા માટે ખુલ્લું આહવાન કર્યું છે. વર્તમાન સમયમાં ઈરાન અને અમેરિકા વચ્ચેના સંબંધો અત્યંત સ્ફોટક સ્થિતિએ પહોંચી ગયા છે, જ્યાં ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પર સતત સૈન્ય હુમલા કરવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે ઈરાનની આસપાસના કેટલાક દેશો અમેરિકાના ઈશારે કામ કરી રહ્યા હોવાના અહેવાલો વચ્ચે ઈરાની તંત્રએ પોતાના બચાવ માટે ધાર્મિક એકતાનો સહારો લેવો પડ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે વધતા દબાણને કારણે તહેરાન દ્વારા વિશ્વભરના મુસ્લિમોને એકબીજાનું રક્ષણ કરવા અને વાસ્તવિક દુશ્મનને ઓળખવા અપીલ કરવામાં આવી છે. ઈઝરાયેલ હવે આગામી સમયમાં ઈરાનના તમામ મહત્વપૂર્ણ ઉર્જા મથકો અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટા પાયે હુમલા કરવાનું આયોજન ઘડી રહ્યું છે.

### સેના દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કામગીરી

# નેપાળમાં પૂરનો કહેર હજુ અટક્યો નથી, પૂરગ્રસ્ત નેપાળમાં હજારો લોકો ગુમ

(એજન્સી) નવી દિલ્હી I તા. 31

હિમાલયની ગોદમાં વસેલા પડોશી દેશ નેપાળમાં કુદરતે એવો પ્રકોપ વર્તાવ્યો છે કે સમગ્ર પ્રદેશમાં હાહાકાર મચી ગયો છે, જ્યાં ભયાનક પૂરના કારણે અત્યાર સુધીમાં સેંકડો લોકોના જીવ ગયા છે અને હજારો લોકો લાપતા હોવાથી સ્વજનોની શોધખોળ ચાલી રહી છે.

કુદરતી આફત આવ્યાના પાંચ દિવસ વીતી જવા છતાં જમીની હકીકત હજુ પણ ચિંતાજનક બની રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, આ ભયાનક જળપ્રલયમાં અત્યાર સુધીમાં 788 લોકોના દુઃખદ અવસાન થયા છે, જ્યારે 2500થી વધુ નાગરિકો હજુ પણ ગુમ થયેલા છે. બીજી તરફ, જે મૃતદેહોની ઓળખ પ્રસ્થાપિત થઈ શકી નથી તેમના જરૂરી ફોરેન્સિક પુરાવા સુરક્ષિત રાખીને વહીવટી તંત્ર દ્વારા સામૂહિક અંતિમ સંસ્કાર કરવાની ફરજ પડી છે. હજારો દુઃખી પરિવારો પોતાના સ્વજનોની રાહ જોતા હોસ્પિટલો અને રાહત કેમ્પોના ચક્કર કાપી રહ્યા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, મધ્ય નેપાળની ખતરનાક ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં પાણીનું સ્તર અચાનક વધી જવાથી સ્થિતિ વધુ વણસી છે. સતત પાણીના ભારે દબાણને કારણે રશુવા અને ગોરખાને જોડતો આશરે 130 મીટર લાંબો વિશાળ પુલ તૂટી પડ્યો છે, જેના કારણે આસપાસના 400થી વધુ પરિવારોનો બાકીના વિસ્તારો સાથેનો સંપર્ક તદન કપાઈ ગયો છે. આ પુલ સ્થાનિક ખેડૂતો માટે દૂધ અને શાકભાજી જેવા રોજિંદા માલસામાનને બજાર સુધી પહોંચાડવાનો એકમાત્ર જીવાદોરી સમાન માર્ગ હતો. અગાઉ 26 ઓગસ્ટે અન્ય એક મુખ્ય પુલ પણ વહી ગયો હોવાથી વૈકલ્પિક રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે અને વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે.

આ પૂર અને કાંપના ગાદ વચ્ચે સૌથી મોટો પડકાર હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સની વિશાળ ટનલોમાં ફસાયેલા શ્રમિકોને બહાર લાવવાનો છે. રશુવાના અપર ત્રિશૂલી-1



અને નુવાકોટના અપર ત્રિશૂલી-3A પ્રોજેક્ટની ટનલોમાં ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે નેપાળી સેનાની સાથે ભારત, ચીન અને દક્ષિણ કોરિયાના કુશળ નિષ્ણાતો ખડેપગે છે. ભારતીય બચાવ ટીમ ટનલની અંદર ત્રણ કિલોમીટર સુધી ઊંડે ઉતરીને તપાસ કરી રહી છે અને અત્યાર સુધીમાં સેંકડો લોકોને હેમખેમ બહાર લાવવામાં આવ્યા છે. ટનલની અંદર અવરોધો દૂર કરવા માટે સેનાના એન્જિનિયરો નિયંત્રિત વિસ્ફોટો અને ભારે મશીનરીનો ઉપયોગ કરી રહ્યા છે.

સંકટની આ ઘડીમાં પડોશી દેશ ભારત દ્વારા માનવતા દાખવીને વાયુસેનાના માધ્યમથી 68 ટનથી વધુ રાહત સામગ્રી સમયસર મોકલી આપવામાં આવી છે. વડાપ્રધાનના કાર્યાલયના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 9,435થી વધુ નાગરિકોને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળો પર ખસેડવામાં આવ્યા છે. આ વિશાળ અભિયાન માટે સેંકડો હવાઈ ઉડાનો ભરવામાં આવી છે, જ્યારે જમીન પર નેપાળી સેના, પોલીસ અને સશસ્ત્ર દળના વીસ હજારથી વધુ જવાનો દિવસ-રાત રાહત કામગીરીમાં પરસેવો પાડી રહ્યા છે. પ્રભાવિત વિસ્તારોમાં 26 અસ્થાયી રાહત શિબિરો ધમધમી રહી છે, જ્યાં જરૂરિયાતમંદોને આશ્રય અને ભોજન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

મધ્ય નેપાળમાં ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં ફરી પૂરના પાણી ઓવરફ્લો થઈ રહ્યા છે. સતત ત્રણ કલાક સુધી પાણીના તેજ વહાવના કારણે રશુવા અને ગોરખા વિસ્તારને જોડતો 130 મીટર લાંબો ઘ્યાલચોક-ચારૌદી પુલ ધરાશાહી થઈ ગયો છે.

# રશિયાએ ભારત પાસેથી ખરીદવું પડ્યું પેટ્રોલ, ડ્રોન હુમલાના કારણે રશિયામાં સર્જાઈ અછત

(એજન્સી) નવી દિલ્હી I તા. 31

ક્રૂડ ઓઈલની નિકાસ માટે જગવિખ્યાત એવા રશિયાએ પોતાની જ આંતરિક જરૂરિયાતો પૂરી કરવા માટે હવે ભારત પાસેથી મોટા પ્રમાણમાં પેટ્રોલ આયાત કરવાનો વારો આવ્યો છે, જે વૈશ્વિક ઊર્જા બજારમાં એક મોટો અને આશ્ચર્યજનક બદલાવ દર્શાવે છે.

વર્તમાન સમયમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે યુક્રેન દ્વારા રશિયાના ઓઈલ મથકો પર સતત ડ્રોન હુમલા કરવામાં આવી રહ્યા છે, જેના કારણે રશિયાની ઘણી ઓઈલ રિફાઇનરીઓને ભારે નુકસાન પહોંચ્યું છે. આ હુમલાઓના પરિણામે રશિયામાં સ્થાનિક સ્તરે પેટ્રોલના કુલ ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો છે અને દેશના અનેક ભાગોમાં ઈંધણની તીવ્ર અછત સર્જાઈ છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે રશિયાએ અસ્થાયી રૂપે પેટ્રોલની નિકાસ પર પ્રતિબંધ લંબાવી દીધો છે અને પોતાની જરૂરિયાત સંતોષવા માટે અન્ય દેશો તરફ નજર દોડાવી છે.

ઊર્જા બજાર પર નજર રાખતી સંસ્થાઓના આંકડા મુજબ, રશિયાની પેટ્રોલ આયાત વધીને દરરોજ આશરે દોઢ લાખ બેરલના સ્તરે પહોંચી ગઈ છે. આ કટોકટીભરી સ્થિતિમાં ભારત રશિયા માટે પેટ્રોલના મુખ્ય સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, ભારતીય રિફાઈનરીઓએ છેલ્લા બે મહિનાના સમયગાળામાં રશિયાને આશરે દસ લાખ બેરલ પેટ્રોલ સફળતાપૂર્વક મોકલી આપ્યું છે. આ સમગ્ર વ્યવહારમાં ગુજરાતની વાડીનાર રિફાઈનરીનો ફાળો સૌથી મોટો રહ્યો છે, જે 'નાયરા એનર્જી' દ્વારા સંચાલિત થાય છે અને જેમાં રશિયાની સરકારી કંપની 'રોસનેફ્ટ'નો મોટો હિસ્સો સામેલ છે.

# અમેરિકાના હુમલાથી ઈરાનમાં ઓઈલ ગઢ તબાહ, ઈરાનના ખાર્ગ ટાપુ પર અમેરિકન હુમલો

(એજન્સી)વોશિંગ્ટન I તા. 31

અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલો તણાવ હવે સીધા અને ભીષણ યુદ્ધમાં ફેરવાઈ ગયો છે, જ્યાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના અત્યંત સંવેદનશીલ અને મુખ્ય ઓઈલ નિકાસ કેન્દ્ર એવા ખાર્ગ ટાપુ પર તબાહી મચાવ્યાનો દાવો કરતા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

સંઘર્ષનું આ સ્તર અત્યંત જોખમી વળાંક લઈ ચૂક્યું છે, જ્યાં લારક ટાપુ પર અગાઉ કરાયેલી સૈન્ય કાર્યવાહી બાદ હવે ઉત્તરી ફારસની ખાડીમાં આવેલા ખાર્ગ આઈલેન્ડને નિશાન બનાવાયો છે. મીડિયા અહેવાલ અનુસાર, ઈરાન પોતાના કુલ ક્રૂડ ઓઈલની નિકાસનો લગભગ 90 ટકા જેટલો મોટો હિસ્સો માત્ર આ જ ટાપુ પરથી સંચાલિત કરતું હતું, જેને કારણે આ હુમલાથી ઈરાનની આર્થિક કરોડરજ્જુ પર સીધો પ્રહાર થયો છે. આ હુમલાના સમર્થનમાં અમેરિકી પ્રમુખે સોશિયલ



મીડિયા પર જાહેરાત કરી છે કે સૈન્ય કાર્યવાહી દ્વારા આ મહત્વપૂર્ણ ટર્મિનલને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ મોટા હુમલા અગાઉ અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ દ્વારા લારક ટાપુ પર ડ્રોન હુમલો કરીને ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની મિસાઈલ લોન્ચિંગ સિસ્ટમ્સને નષ્ટ કરવામાં આવી હતી, કારણ કે ગુપ્તચર એજન્સીઓના અહેવાલ મુજબ ત્યાંથી હોર્મુઝની ખાડીમાં બારૂદી સુરંગો બિછાવવાની તૈયારી ચાલી રહી હતી. આ જવાબી કાર્યવાહીના ભાગરૂપે ઈરાને પણ પલટવાર કરતાં જોર્ડન અને કતારમાં આવેલા અમેરિકન સૈન્ય મથકો તરફ બેલેસ્ટિક મિસાઈલો છોડી હતી. જોર્ડનના કિંગ હુસૈન અને અલ-અઝરાક એરબેઝને નિશાન બનાવવામાં આવ્યા હતા, જોકે જોર્ડનની સક્ષમ એર ડિફેન્સ સિસ્ટમે હવામાં જ અનેક મિસાઈલોને તોડી પાડીને મોટી દુર્ઘટના ટાળી હતી.

મધ્ય પૂર્વમાં ભડકેલા આ યુદ્ધની સીધી અસર આંતરરાષ્ટ્રીય બજાર અને વેપાર પર પડી રહી છે. ક્રૂડ ઓઈલના ભાવમાં એક ટકાથી વધુનો તીવ્ર ઉછાળો નોંધાયો છે અને બ્રેન્ટ ક્રૂડનો ભાવ 89 ડોલર પ્રતિ બેરલની સપાટીને વટાવી ગયો છે. આ ઉપરાંત, સ્ટ્રેટ ઓફ હોર્મુઝના દરિયાઈ માર્ગેથી પસાર થતા માલવાહક અને વેપારી જહાજો માટે આંતરરાષ્ટ્રીય વીમા કંપનીઓએ આ રૂટને અત્યંત જોખમી અને મોંઘો જાહેર કર્યો છે, જેના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન સામે મોટું જોખમ ઊભું થયું છે.

**એઆઈ** | **એઆઈ ટૂલ્સથી એક્ટર્સની નોકરી જોખમમાં, ચીનમાં ડિજિટલ ડબલનો વધી રહ્યો છે દબદબો**

# ચીનમાં એક્ટર્સની જગ્યા લઈ રહ્યું છે એઆઈ

(એજન્સી) બેઈજિંગ I તા. 31

ચીનના મનોરંજન ઉદ્યોગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા એકમાત્ર તકનીકી બદલાવ નહીં પરંતુ મોટી ક્રાંતિ લાવવામાં આવી રહી છે, જ્યાં શોર્ટ-ડ્રામા અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાસ્તવિક કલાકારોની જગ્યાએ એઆઈ-જનરેટેડ ડિજિટલ ડબલ કલાકારો ઝડપથી સ્થાન મેળવી રહ્યા છે.

વર્તમાન સમયમાં પ્રોડક્શન હાઉસ દ્વારા વીડિયો નિર્માણનો ખર્ચ મોટા પ્રમાણમાં ઘટાડવા માટે અને અતિ ઝડપથી કન્ટેન્ટ તૈયાર કરવા માટે અદ્યતન વિડિયો એઆઈ ટૂલ્સનો વ્યાપક ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, ચીનના લોકપ્રિય શોર્ટ-વિડિયો પ્લેટફોર્મ ડોયિન



પર ટ્રેન્ડ થતી ટોચની એકસો એનિમેટેડ શોર્ટ સીરિઝમાંથી લગભગ નવસ્તી સીરિઝ સંપૂર્ણપણે એઆઈ દ્વારા જ તૈયાર કરવામાં આવી છે, જે આ ટેક્નોલોજીના વધતા જતા પ્રભાવની સ્પષ્ટ સાક્ષી પૂરે છે. નિર્માણગૃહો દ્વારા વાસ્તવિક કલાકારોને કામ પર રાખતી વખતે જ તેમના ચહેરાના હાવભાવ, અવાજની પીચ અને અભિનય શૈલીને એઆઈ સોફ્ટવેરમાં ડિજિટલ સ્વરૂપે ટ્રેઈન કે ડિસ્ટિલ કરી લેવાની સખત શરત મૂકવામાં આવે છે. એકવાર કોઈ પણ એક્ટરનો અવાજ અને ચહેરાનો ડેટા કમ્પ્યુટર સિસ્ટમમાં કાયમ માટે સ્ટોર થઈ જાય, ત્યારબાદ તે કલાકારને નોકરીમાંથી તાત્કાલિક મુક્ત કરી દેવામાં આવે છે. ત્યારબાદ કોઈપણ પ્રકારના વધારાના માનવ ખર્ચ વગર તે કલાકારના અસલ ડિજિટલ ડબલ પાસે જ આગામી એપિસોડ્સ અને નવી સીરિઝમાં કામ કરાવી લેવામાં આવે છે.

આ પ્રકારના ટેક્નોલોજીના આડેધડ ઉપયોગને કારણે હજારો વાસ્તવિક કલાકારો અને ટેકનિશિયનો સામે બેરોજગારીનું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. ઉદ્યોગના જાણકારોનું માનવું છે કે ભવિષ્યના સમયમાં આ જ ટેક્નોલોજીના માધ્યમથી જેકી ચેન, બ્રુસ લી અને જેટ લી જેવા મહાન કલાકારોની નવી એઆઈ ફિલ્મો પણ મોટા પડદા પર જોવા મળી શકે છે. માનવ કલાકારોના પરસેવા અને કલાને ડિજિટલ માધ્યમથી છીનવી લેવાની આ પદ્ધતિ સામે કલા જગતમાં ચિંતાની લાગણી ફેલાઈ રહી છે.

# ઉઝબેકિસ્તાન ભારતને આપશે યુરેનિયમનો જથ્થો

(એજન્સી) તાશ્કંદ I તા. 31

મધ્ય એશિયાના હૃદય સમાન ઉઝબેકિસ્તાનની રાજધાની તાશ્કંદ ખાતે ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં બંને દેશો વચ્ચે સંરક્ષણ, કૃત્રિમ બુદ્ધિમત્તા, ઊર્જા અને ખાણ ક્ષેત્ર સહિતના વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે કુલ અગિયાર જેટલા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

વર્તમાન સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે બદલાતા સમીકરણો વચ્ચે ભારત અને ઉઝબેકિસ્તાનના સંબંધો વધુ મજબૂત બન્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉઝબેક પ્રમુખ શૌકત મિર્ઝિયોયેવ વચ્ચે યોજાયેલી ઉચ્ચસ્તરીય વાતચીત બાદ બંને રાષ્ટ્રોએ વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને વધારીને પાંચ અબજ ડોલર સુધી પહોંચાડવાનું મોટું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, હાલ બંને દેશો વચ્ચેનો વાર્ષિક વેપાર એક અબજ ડોલરથી વધુનો છે, જેને આગામી સમયમાં નવી ઊંચાઈઓ પર લઈ જવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે.

આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન ઉઝબેકિસ્તાને ભારતને લાંબા ગાળા માટે સુરક્ષિત યુરેનિયમનો પુરવઠો પૂરો પાડવાની સત્તાવાર તૈયારી દર્શાવી છે, જેનાથી ભારતના નાગરિક-પરમાણુ ઊર્જા સેક્ટરને અભૂતપૂર્વ વેગ મળશે. પ્રતિનિધિસ્તરની આ બેઠકમાં વેપાર, રોકાણ, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, યુપીઆઈ, સ્વાસ્થ્ય અને શિક્ષણ જેવા વિષયો પર પણ વિસ્તૃત ચર્ચા થઈ હતી. વડાપ્રધાન મોદીએ ગાંધીનગરના ગિફ્ટ સિટીનો ઉલ્લેખ કરી ત્રણ સિસ્ટર સિટી અને સિસ્ટર સ્ટેટ સમજૂતીઓને ઔપચારિક સ્વરૂપ આપ્યું હતું, જે બંને દેશોના નાગરિકો વચ્ચે સાંસ્કૃતિક અને આર્થિક સેતુ બનશે.

# દિલ્હી ફરી કલંકિત, 16 વર્ષની સગીરા પર 47 કિ.મી. સુધી સ્લીપર બસમાં દુષ્કર્મ, બે નરાધમ જેલહવાલે

(એજન્સી) નવી દિલ્હી | તા.31

દેશની રાજધાની દિલ્હી ફરી એકવાર કલંકિત થઇ છે. નોઇડાથી દિલ્હી વચ્ચે દોડતી એક સ્લીપર બસમાં 16 વર્ષની સગીરા પર બસના ડ્રાઇવર અને કંડક્ટરે ગેંગરેપ આચર્યાની ભયાનક ઘટના સામે આવી છે. 47 કિલોમીટર સુધી ચાલતી બસમાં સગીરા પર અત્યાચારનો ખુલાસો થયા બાદ પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.આ ઘટના 4 ઓગસ્ટની રાત્રે બની હોવાનું સામે આવ્યું છે. ઉત્તર પ્રદેશના મૈનપુરીની રહેવાસી અને 11મા ધોરણમાં ભણતી 16 વર્ષની સગીરા



પોતાના ઘરના સભ્યોથી નારાજ થઈને નોઇડામાં રહેતા પિતરાઈ ભાઈના ઘરે જવા નીકળી હતી. ભારે વરસાદ અને અંધારાના કારણે સગીરા ભૂલથી નોઇડાના પરી ચોક ખાતે ઉતરી ગઈ હતી. ત્યાંથી પસાર થઈ રહેલી એક ખાલી સ્લીપર બસના ડ્રાઇવર અને કંડક્ટરે તેને યોગ્ય જગ્યાએ પહોંચાડવાનું કહીને બસમાં બેસાડી લીધી હતી.બસ સુરજપુર વર્કશોપમાંથી રિપેરિંગ કરાવીને કાશ્મીરી ગેટ તરફ જઈ રહી હતી. પરી ચોકથી કાશ્મીરી ગેટ સુધીના 47 કિલોમીટરના મુસાફરી દરમિયાન બસના ડ્રાઇવર કુલદીપ અને કંડક્ટર સંતોષે સગીરા સાથે અશ્લીલ હરકતો કરી સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. વિરોધ કરવા પર સગીરાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. બસ સ્લીપર હોવાથી અને તેના કાચ પર પડદા લાગેલા હોવાથી બહારના લોકોને અંદર થઈ રહેલી ઘટનાની જાણ થઈ શકી નહોતી.દરિંદગી આચર્યા બાદ બંને આરોપીઓ મોડી રાત્રે સગીરાને કાશ્મીરી ગેટ બસ સ્ટેશન નજીક રિંગ રોડ પર છોડીને ભાગી ગયા હતા. ગભરાયેલી સગીરાએ હિંમત કરીને કાશ્મીરી ગેટ પોલીસ સ્ટેશન પહોંચીને પોતાની સાથે બનેલી આપવીતી જણાવી હતી.સગીરાની ફરિયાદ આધારે દિલ્હી પોલીસે તુરંત ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે તિમારપુર વિસ્તારમાં આવેલી એક બસ પાર્કિંગમાંથી આરોપી ડ્રાઇવર કુલદીપ અને કંડક્ટર સંદીપની ધરપકડ કરી લીધી છે. આ ઉપરાંત ગુનામાં ઉપયોગમાં લેવાયેલી સ્લીપર બસને પણ જપ્ત કરવામાં આવી છે અને તેનું ફોરેન્સિક પરીક્ષણ કરાવવામાં આવી રહ્યું છે.

## 'અમે નેપાળની આવી ઓળખ નથી ઈચ્છતા': પૂર હોનારત પર મનીષા કોઈરાલાની ભારત-ચીનને ભાવુક અપીલ

(એજન્સી) નવી દિલ્હી | તા.31



નેપાળમાં ભયાવહ પૂર અને ભૂસ્ખલનથી 700થી વધુ લોકોના મોત અને 2,500થી વધુ લોકો ગુમ થયા છે. આ સ્થિતિમાં અભિનેત્રી મનીષા કોઈરાલાએ 30 ઓગસ્ટ, 2026ના રોજ 'નેપાળ સાથે એકજૂટતા' કાર્યક્રમમાં ભારત, ચીન અને આંતરરાષ્ટ્રીય સમુદાયને મદદ માટે અપીલ કરી. તેણે પ્રવાસન ચાલુ રાખવા અને ક્લાઈમેટ ચેન્જ સામે સામૂહિક પ્રયાસો પર ભાર મૂક્યો. નેપાળ હાલમાં માત્ર ભયાનક પૂરનો જ નહીં, પરંતુ એક મોટી માનવસર્જિત અને કુદરતી હોનારતનો સામનો કરી રહ્યું છે. સેંકડો લોકોના મોત અને હજારથી વધુ લોકો ગુમ થયાના આઘાત વચ્ચે અભિનેત્રી મનીષા કોઈરાલાએ પાડોશી દેશો અને આંતરરાષ્ટ્રીય સમુદાયને મદદ માટે આગળ આવવા હાકલ કરી છે. 30 ઓગસ્ટ, 2026ના રોજ સદગુરુના નેતૃત્વમાં યોજાયેલા 'નેપાળ સાથે એકજૂથતા' કાર્યક્રમમાં તેણે ભારત, ચીન અને નેપાળને સાથે મળીને આ કુદરતી આફતનો સામનો કરવા અપીલ કરી હતી. મનીષાએ સ્પષ્ટ કર્યું હતું કે કુદરતી હોનારતના કારણે નેપાળના પ્રવાસન (ટૂરિઝમ) અને તેની વૈશ્વિક ઓળખ પર બ્રેક ન લાગવી જોઈએ.કાઠમંડુમાં જન્મેલી મનીષા કોઈરાલાએ આ હોનારતને માત્ર નેપાળ પૂરતી સીમિત ન ગણતાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેનું કહેવું છે કે, 'હિમાલય ક્ષેત્રના દેશો એકબીજા સાથે જોડાયેલા હોવાથી આવી કુદરતી આફતોનો સામનો કરવા સામૂહિક પ્રયાસો ખૂબ જરૂરી છે. આથી સરહદોથી ઉપર ઉઠીને એક મોટા સમુદાય તરીકે ભારત, ચીન અને નેપાળને એકસાથે મળીને કાયમી ઉકેલ શોધવો જોઈએ.'મનીષા કોઈરાલાની અપીલ માત્ર રાહત અને બચાવ કામગીરી પૂરતી મર્યાદિત ન હતી. તેણે આંતરરાષ્ટ્રીય સમુદાયને નેપાળ પ્રત્યે પોતાનો પ્રેમ અને સપોર્ટ જાળવી રાખવા ભાવુક વિનંતી કરી હતી. તેણે ભારપૂર્વક જણાવ્યું કે, 'નેપાળની ઓળખ વિશ્વમાં માત્ર આફતોથી ઘેરાયેલા દેશ તરીકે ન બનવી જોઈએ. પ્રવાસન (ટૂરિઝમ) એ નેપાળની અર્થવ્યવસ્થાની જીવાદોરી છે. પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ માત્ર અમુક જ વિસ્તારોમાં બની છે, તેથી દેશને ફરીથી પગભર કરવા માટે વિદેશી પ્રવાસીઓ નેપાળની મુલાકાત લેતા રહે તે ખૂબ જરૂરી છે.'

## News Brief

### વન નેશન વન ટાઇમ : તમામ કામકાજ માટે ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ ફરજિયાત

નવી દિલ્હી : હવેથી દેશભરમાં ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ આઇએસટી મુજબ કામકાજ થશે, આગામી વર્ષે માર્ચ મહિનાથી ભારતની તમામ સંસ્થાઓ માટે કાયદાકીય, કમર્શિયલ, ડિજિટલ અને પ્રશાસનિક કાર્યો માટે ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ એટલે કે આઇએસટીનો અમલ કરવા રહેશે. આઇએસટીનો ઉપયોગ કરવો ફરજિયાત બનાવાશે, આ નિયમોનું પાલન ના કરવા બદલ દંડ પણ લગાવવામાં આવશે. સરકાર દ્વારા જારી એક નોટિફિકેશન મુજબ લીગલ મેટ્રોલોજી એક્ટ અંતર્ગત ગેઝેટમાં નિયમો પ્રકાશિત થયાના ૧૮૦ બાદથી સમગ્ર દેશમાં ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ મુજબ જ બધુ કામકાજ થશે. માર્ચ ૨૦૨૭ આસપાસ તેનો અમલ થવાની શક્યતાઓ છે. નિયમોનું પાલન ના કરનારાને કાયદા મુજબ પેનલ્ટી ફટકારવામાં આવશે. તમામ કાયદાકીય, વહિવટી અને સત્તાવાર દસ્તાવેજોમાં ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ ફરજિયાત કરાશે. કોઈ પણ દસ્તાવેજ કે ઓફિશિયલ એન્ટ્રીમાં ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ સિવાય અન્ય બીજા કોઇ પણ સમયનો ઉલ્લેખ નહીં કરી શકાય.સરકારના આ વન નેશન વન ટાઇમના અમલ બાદથી પેમેન્ટ સિસ્ટમ, સ્ટોક એક્સચેન્જ, ટેલીકોમ નેટવર્ક ૫-જી સર્વિસ, ડિજિટલ નેવિગેશન, પાવર ગ્રીડ અને ડેટા સેન્ટર વગેરે માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ પ્રકારના ઓપરેશન્સમાં તાલમેલ બેસાડવા અને નેટવર્કની વિશ્વસનીયતા જાળવી રાખવા માટે સિંક્રોનાઇઝ્ડ ઘડિયાળોનો ઉપયોગ થાય છે. વિવિધ સંસ્થાઓએ ટાઇમ સિંક્રોનાઇઝેશન સિસ્ટમ લગાવવી પડશે.

## કેનેડા-ભારત સંબંધો પર ચર્ચા : સેવાની ભાવના ભારતના ચરિત્રમાં ઊંડે સુધી વણાયેલી છે

# 'હિન્દુ જાગશે તો જ દુનિયા જાગશે...' ટોરેન્ટોમાં RSS પ્રમુખ મોહન ભાગવતના નિવેદને ચર્ચા જગાવી

(એજન્સી) નવી દિલ્હી | તા.31

ટોરોન્ટોમાં RSSના વડા મોહન ભાગવતે ભારતીય સમુદાયને સંબોધતા કહ્યું કે, ભારતનો ઉદય તેની શક્તિથી નહીં, પરંતુ એકતાપૂર્ણ માનવતામાં યોગદાનથી માપવો જોઈએ. તેમણે ભારતીય સંસ્કૃતિના સેવા, વિવિધતા અને વૈશ્વિક બંધુત્વના વિચાર પર ભાર મૂક્યો. ભાગવતે કહ્યું કે, "જો હિન્દુ જાગશે તો જ દુનિયા જાગશે." તેમણે ભારતની 'વસુધૈવ કુટુંબકમ્' પરંપરાનો ઉલ્લેખ કર્યો.ભારતનો ઉદય તે કેટલો શક્તિશાળી બને છે તેનાથી નહીં, પરંતુ તે એકતાપૂર્ણ માનવતામાં કેટલું યોગદાન આપે છે તેના પરથી માપવો જોઈએ. કેનેડાના ટોરોન્ટોમાં ભારતીય સમુદાયને સંબોધતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે સેવા, વિવિધતા અને વૈશ્વિક બંધુત્વના ભારતીય સંસ્કૃતિના વિચાર પર પ્રકાશ પાડ્યો હતો. 'હિન્દુ વિશ્વ બંધુ - એમ્બ્રેસ ધ વર્લ્ડ ઈન ફ્રેન્ડશિપ' શીર્ષક હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મોહન ભાગવતે જણાવ્યું હતું કે, 'જો હિન્દુ જાગશે તો જ દુનિયા જાગશે.'



ભારતના 'ડીએનએ'નો ઉલ્લેખ કરતા તેમણે અન્ય લોકો તરફ મદદનો હાથ લંબાવવાની ભારતની સનાતન પરંપરા પર ભાર મૂક્યો હતો.RSSના વડા મોહન ભાગવતે વધુમાં જણાવ્યું કે, 'ભારતના અભ્યુદયનો અર્થ વધુ સંગઠિત અને મુક્ત માનવતા છે. ભારતને એક સમયે મહાસત્તા કહી શકાતું હતું, પરંતુ તેણે ક્યારેય તેવો દાવો કર્યો નથી. ભારતે હંમેશાં વિશ્વની સેવા કરી છે અને પોતાના ઉચ્ચ ચરિત્રને કારણે તે 'વિશ્વગુરુ' બન્યું છે, શાસક મહાસત્તા નહીં.'વિવિધતાને ભારતની એકતાનો અવિભાજ્ય અંગ ગણાવતા તેમણે કહ્યું કે, 'ભારતમાં ભિન્નતાને અવરોધ તરીકે જોવામાં આવતી નથી. ભારતની પરંપરા લોકોને વિવિધતામાં એકતાના દર્શન શીખવે છે અને વિવિધતા પોતે જ એકતાનું એક સ્વરૂપ છે.' આ વિચારને "વસુધૈવ કુટુંબકમ્" સાથે જોડતા RSSના વડા મોહન ભાગવતે કહ્યું કે, 'આખું વિશ્વ એક પરિવાર છે. આ સિદ્ધાંત હેઠળ લોકોએ બાહ્ય ભેદભાવોથી પર થઈને સાર્વત્રિક માનવતાને ઓળખવી જોઈએ.'

સંઘના વડા મોહન ભાગવતે ઉમેર્યું કે, 'સેવાની ભાવના ભારતના ચરિત્રમાં ઊંડે સુધી વણાયેલી છે. ભારતે ક્યારેય વિશ્વમાં ક્યાંય પણ મદદ કરવાનો ઈનકાર કર્યો નથી અને વિનંતી વગર પણ સહાયનો હાથ લંબાવ્યો છે. ભારતના પૂર્વજોનો ઉદ્દેશ્ય રાજકીય નિયંત્રણ સ્થાપિત કરવાનો નહોતો, પરંતુ જ્ઞાન વહેંચવાનો હતો. આપણા પૂર્વજોએ મેક્સિકોથી સાઈબિરીયા સુધીના વિસ્તારોમાં પ્રવાસ કર્યો હતો; ચીન, સાઈબિરીયા અને મંગોલિયા પહોંચવા માટે પગપાળા હિમાલય ઓળંગ્યો હતો અને નાની હોડીઓમાં દક્ષહણ-પૂર્વ એશિયાની યાત્રા કરી હતી. તેમણે ક્યારેય કોઈ દેશ જીત્યો નથી કે કોઈનું ધર્માંતરણ કરાવ્યું નથી.'

## આતંકીઓ પોર્ન વેબસાઇટથી એકબીજા સાથે વાતચીત કરી રહ્યા હોવાનો ખુલાસો

નવી દિલ્હી : જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળો દ્વારા આતંકવાદીઓ સામે આક્રમક કાર્યવાહી ચાલી રહી છે. આતંકવાદીઓ વચ્ચેની વાતચીત પર સઘન નજર રાખવામાં આવી રહી છે. એવામાં હવે આતંકવાદીઓએ એકબીજાની સાથે વાતચીત માટે નવો રસ્તો શોધી કાઢ્યો છે. આતંકવાદીઓ વાતચીત માટે પોર્ન વેબસાઇટનો ઉપયોગ કરી રહ્યા હોવાના અહેવાલો સુરક્ષા એજન્સીઓ સુધી પહોંચ્યા છે.

રવિવારે સુરક્ષાદળોના વરીષ્ઠ અધિકારીઓએ આતંકવાદીઓ દ્વારા વાતચીત માટે ઉપયોગી અનક્રિપ્ટેડ એપ્લિકેશનના ઉપયોગનો ખુલાસો કર્યો હતો. આતંકવાદીઓ અને તેમના આકાઓ વચ્ચે વાતચીત શરૂ છે, આ માટે તેઓ પોર્ન વેબસાઇટ્સ અને અનક્રિપ્ટેડ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યા છે. અત્યાર સુધી વાતચીત માટે જે પણ સોશિયલ મીડિયા કે એપ્લિકેશનનોનો ઉપયોગ થઇ રહ્યો હતો ત્યાં સુરક્ષાદળો ચાંપતી નજર રાખવા લાગ્યા છે. જેને પગલે આતંકીઓ બચવા માટે હવે પોર્ન વેબસાઇટ પર રિયલ ટાઇમ ચેટ ટૂલ્સનો ઉપયોગ કરી રહ્યા છે. આતંકીઓ આ નવા શોધી કાઢેલા વાતચીતના ટૂલથી જમ્મુ કાશ્મીરમાં પોતાના કેડરને આદેશ આપવાનું કામ કરી રહ્યા છે. જોકે આતંકીઓ જે ટૂલ્સ કે એડલ્ટ વેબસાઇટનો ઉપયોગ કરી રહ્યા છે તેમાંથી મોટાભાગના પર ભારતમાં પ્રતિબંધ છે. આતંકવાદીઓ વીપીએન દ્વારા ગેરકાયદે તેની એપીકે ફાઇલ ડાઉનલોડ કરીને ઉપયોગ કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા આ નેટવર્કને ટ્રેક કરવા માટે સુરક્ષા એજન્સીઓ અનેક વિશેષ ડિજિટલ પ્લેટફોર્મ પર નજર રાખી રહી છે. આતંકીઓ કોટેક્સ, કોનિયન જેવી મેસેજિંગ એપ્સનો પણ ઉપયોગ કરી રહ્યા છે.આતંકવાદીઓએ હાલ વોટ્સએપ, સિગ્નલ અને ફેસબુક મેસેજિંગ એપ્લિકેશનોનો ઉપયોગ લગભગ બંધ કરી દીધો છે અને એવી એપ્લિકેશનનોનો ઉપયોગ કરી રહ્યા છે કે જેમાં તેમને ટ્રેક કરવા મુશ્કેલ હોય.

## વધુ એક છબરડો : જયપુરમાં ચાલુ પરીક્ષાએ વીજળી ગુલ, હવે રી-ટેસ્ટ

નવી દિલ્હી : રવિવારે સમગ્ર દેશમાં ૨.૬૩ લાખથી વધુ ઉમેદવારો માટે નીટ-પીજી ૨૦૨૬નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જો કે અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજસ્થાનમાં જયપુરમાં બે કેન્દ્રોમાં વીજ પુરવઠો ખોરવાઇ જતાં પરીક્ષા પૂર્ણ થઇ શકી ન હતી.નેશનલ બોર્ડ ઓફ એગ્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સ (એનબીઇએમએસ) દ્વારા જારી એક નોટિસ અનુસાર બોર્ડે જયપુરમાં અસરગ્રસ્ત ઉમેદવારો માટે ૫ સપ્ટેમ્બરે બપોરે બે કલાકે ફરીથી પરીક્ષા લેવાનું નક્કી કર્યુ છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે એનબીઇએમએસએ પરીક્ષા કેન્દ્રો પર જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુનિશ્ચિત કરવા માટે જવાબદાર ટેકનોલોજી પાર્ટનર અને એજન્સીની વિરુદ્ધ આગળની કાર્યવાહી નક્કી કરવા માટે એક તાત્કાલિક બેઠક પણ બોલાવી છે.આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે




જયપુરનાં સીતાપુરામાં બે આઇઓએન ડિજિટલ ઝોન સેન્ટરો પર ટેકનોલોજી પાર્ટનર અને પરીક્ષાનું આયોજન કરનારી એજન્સી ટીસીએસ લિમિટેડને કારણે વીજ પુરવઠામાં આંતરિક સમસ્યાઓને કારણે ૨૪૪૫ ઉમેદવારોની પરીક્ષા પૂર્ણ થઇ શકી ન હતી. અસરગ્રસ્ત સેન્ટર આઇઓએન ડિજિટલ ઝોન આઇડીઝેડ સીતાપુરા (ટીસી નંબર ૪૧૯૮૨ અને ૪૧૯૮૩) છે. બોર્ડે જણાવ્યું હતું કે આગામી પરીક્ષાનું સ્થળ અને નવા એડમિટ કાર્ડ સહિત આગળની માહિતી અલગથી આપવામાં આવશે.

મંત્રાલયનાં જણાવ્યા અનુસાર નીટ-પીજી તમામ ૩૬ રાજ્યો કેન્દ્ર શાસિત પ્રદેશોનાં ૩૩૯ શહેરોમાં ૧૧૧૧ પરીક્ષા કેન્દ્રો પર ૨,૭૩,૦૯૬ ઉમેદવારો માટે યોજવામાં આવી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે નીટ-પીજીમાં કુલ ૨,૬૫,૯૮૦ ઉમેદવાર સામેલ થયા હતાં અને ૨,૬૩,૫૩૫ ઉમેદવારોની પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ થઇ હતી.

## હરિયાણાના સિંગર અંકિત બાલિયાનની હત્યા મામલે બે શૂટર્સનું એન્કાઉન્ટર, 6 લોકોની ભૂમિકા સામે આવી



યુપી : યુપી પોલીસે શામલીમાં હરિયાણાના સિંગર અંકિત બાલિયાન હત્યા કેસમાં મોટી સફળતા મેળવી છે. કૈરાના રોડ પર પોલીસ એન્કાઉન્ટરમાં ગૌગી ગેંગના 50-50 હજારના ઈનામી શૂટર્સ સુમિત અને મોહિત ઠાર થયા. આ કેસમાં 6 આરોપીઓની સંડોવણી સ્પષ્ટ થઈ છે. પોલીસે ઘટનાસ્થળેથી હથિયારો, બાઈક અને રોકડ જપ્ત કરી. આ અથડામણમાં 2 પોલીસકર્મી પણ ઘાયલ થયા હતા. ઉત્તર પ્રદેશના શામલીમાં હરિયાણાના સિંગર અને યુટ્યુબર અંકિત બાલિયાનની હત્યાના મામલામાં ઉત્તર પ્રદેશ પોલીસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF)ને મોટી સફળતા મળી છે. શામલીના કૈરાના રોડ પર પોલીસ સાથે થયેલી અથડામણમાં ગૌગી ગેંગ સાથે સંકળાયેલા અને 50-50 હજાર રૂપિયાનું ઈનામ ધરાવતા બે શૂટર્સ ઠાર થયા છે. માર્યા ગયેલા આરોપીઓની ઓળખ સુમિત અને મોહિત તરીકે થઈ છે.પોલીસ તપાસ અનુસાર, અંકિત બાલિયાનની હત્યા અંજામ આપવા માટે એકંદરે ચાર શૂટર્સ સ્થળ પર પહોંચ્યા હતા. સીસીટીવી ફૂટેજ અને સર્વેલન્સના આધારે સામે આવ્યું છે કે આ ચાર શૂટર્સ ઉપરાંત બે અન્ય શંકાસ્પદ વ્યક્તિઓ રેકી કરવા અને લોજિસ્ટિક મદદ પૂરી પાડવામાં સામેલ હતા. આ સાથે જ આ હાઈ-પ્રોફાઈલ કેસમાં અત્યાર સુધીમાં કુલ છ લોકોની સંડોવણી સ્પષ્ટ થઈ ચૂકી છે.આરોપીઓ હરિયાણાના હિસાર અને રોહતકના રહેવાસી હોવાનું ખુલ્યું છે. આરોપીઓમાંથી એક અગાઉ હત્યાના ગુનામાં સજા કાપી ચૂક્યો છે, જ્યારે અન્ય ત્રણ સામે વિવિધ ગુનાઈત કેસો નોંધાયેલા છે. ઘટના બાદ હરિયાણા અને દિલ્હી સ્થિત તેમના સંભવિત થાણાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા, પરંતુ આરોપીઓ પોતાના મોબાઈલ ફોન સ્વિચ ઓફ કરીને ફરાર થઈ ગયા હતા.તપાસ દરમિયાન પોલીસને મહત્વપૂર્ણ સુરાગ હાથ લાગ્યા હતા. 20મી ઓગસ્ટે શૂટર્સ શામલી પહોંચ્યા હતા અને સ્થાનિક સૂર્યા હોટેલમાં રોકાયા હતા. ત્યાં સબમિટ કરવામાં આવેલા આધાર કાર્ડ અને હોટેલના સીસીટીવી કેમેરાના ફૂટેજ પરથી પોલીસને તેમની ચોક્કસ ઓળખ મળી હતી.

# મેઘાલયમાં યુડીપીનાં 9, તૃણમુલનાં ચાર ધારાસભ્યો ભાજપમાં જોડાશે

નવી દિલ્હી : મેઘાલયનાં રાજકારણમાં મોટું પરિવર્તન થવાની શક્યતા છે. યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટીનાં ૧૨માંથી ઓછામાં ઓછા ૯ ધારાસભ્ય અને તૃણમુલ કોંગ્રેસનાં તમામ ચાર ધારાસભ્યો ભાજપમાં સામેલ થવાની તૈયારી કરી રહ્યાં છે. મેઘાલયમાં ભાજપનું ઓપરેશન લોટ્સ વેગ પકડી રહ્યું છે. વિધાનસભામાં ફક્ત બે ધારાસભ્યો ધરાવતી પાર્ટી ૧૫નાં આંકડાને સ્પર્શી શકે છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર યુડીપીનાં ૯ અને તૃણમુલનાં ૪ સહિત કુલ વર્તમાન ૧૩ ધારાસભ્યો ભાજપમાં સામેલ થવાની તૈયારી કરી રહ્યાં છે. રાજ્ય ભાજપ નેતાઓએ આ અહેવાલોને સમર્થન આપતા જણાવ્યું છે કે આ સંદર્ભમાં કેન્દ્રીય સ્તરે મંત્રણા ચાલી રહી છે.તૃણમુલ જૂથમાં પૂર્વ મુખ્યપ્રધાન ડો. મુકુલ સંગમા પણ સામેલ છે. ૬૦ સભ્યોવાળી વિધાનસભામાં યુડીપીનાં ૧૨ અને તૃણમુલનાં ૪ ધારાસભ્યો છે. આમાંથી કેટલાકે તાજેતરમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે એનપીપી પાસે ૩૩ ધારાસભ્યો છે અને તે એકલા હાથે સરકાર ચલાવી શકે છે. જો યુડીપીનાં ૯ અને તૃણમુલનાં ૪ ધારાસભ્યો ભાજપમાં સામેલ થાય છે ભાજપનાં ધારાસભ્યોની સંખ્યા વધીને ૧૫ થઇ જશે.પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અયોગ્યતાથી બચવા માટે વિલયનાં સ્વરૂપમાં ઓછામાં ઓછા આઠ યુડીપી અને ત્રણ તૃણમુલ ધારાસભ્યોનુ પક્ષ છોડવું જરૂરી છે.

# દુકાનમાં ચાઇનાના સીસીટીવી દ્વારા પાક. માટે જાસૂસી, યુવકની ધરપકડ

લુધિયાણા : પાકિસ્તાન માટે જાસૂસી કરવા બદલ પંજાબના લુધિયાણામાંથી એક દુકાનદારની ધરપકડ કરવામાં આવી છે. બુટ ચપ્પલની દુકાનની આડમાં આરોપી લુધિયાણાની તમામ માહિતી પાકિસ્તાન મોકલી રહ્યો હતો. દુકાનમાં સીસીટીવી કેમેરા રોડ તરફ લગાવ્યા હતા.તપાસમાં સામે આવ્યું છે કે ૨૨ વર્ષીય આ આરોપીએ પોતાની દુકાને ચાઇનાના સીસીટીવી કેમેરા લગાવ્યા હતા જેની લાઇવ ફીડ પાકિસ્તાની એજન્સીઓ સુધી પહોંચાડવામાં આવી રહી હતી. પોલીસને મળેલી ગુપ્ત સુચના બાદ આરોપીને એક છટકુ ગોઠવીને પકડી પાડવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અલગ અલગ મોબાઇલ નંબરોનો ઉપયોગ કરીને ધાક ધમકીઓ પણ આપતો હતો. પોલીસને એવી શંકા છે કે પાકિસ્તાની એજન્સી લુધિયાણામાં કોઇ મોટી ઘટનાને અંજામ આપી શકે છે. આરોપીએ પૂછપરછમાં ગુનો કબુલી લીધો છે, તેણે વધુમાં ખુલાસો કરતા કહ્યું છે કે મને પાકિસ્તાન સ્થિત હેન્ડલર દ્વારા સલાહ આપવામાં આવી હતી જે મુજબ મે લુધિયાણા-ફિરોઝપુર રોડ પર દુકાન લીધી હતી. દુકાનનું ૪૦ હજાર રૂપિયા ભાડુ પણ ચુકવી રહ્યો હતો. આ દુકાન મહત્વના સૈન્ય હથિયારોનું સરક્ષણ ધરાવતા એક ડેપોથી થોડે દૂર રાખવામાં આવી હતી. લુધિયાણામાં પાકિસ્તાન માટે જાસૂસી કરતા એક દુકાનદારને પંજાબ પોલીસે ઝડપી પાડ્યો છે. 22 વર્ષીય આ આરોપી બુટ-ચપ્પલની દુકાનની આડમાં ચાઈનીઝ CCTV કેમેરા દ્વારા લાઈવ ફીડ પાકિસ્તાની એજન્સીઓને મોકલી રહ્યો હતો. ગુપ્ત માહિતી મળતા પોલીસે છટકું ગોઠવી તેને પકડ્યો.

## વિદ્યાર્થીઓના બચાવમાં મોટું નિવેદન આપ્યું

# જેન-ઝીને સજા તો દૂર ધમકાવી પણ ના શકો : જજ ભુયાન



નવી દિલ્હી : તાજેતરમાં શિક્ષણમાં સુધારાને લઈને યુવાનો દ્વારા આંદોલન ચલાવાઇ રહ્યું છે. એવામાં જેન-ઝીની ભારે ચર્ચા છે ત્યારે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને વિદ્યાર્થીઓનો બચાવ કર્યો હતો, તેમણે કહ્યું હતું કે સવાલો પૂછવા બદલ વિદ્યાર્થીઓને સજા આપવી કે કાર્યવાહી કરવી બંધારણની વિરુદ્ધમાં છે. અસંમતિ રાખવી કે વ્યક્ત કરવી તે લોકશાહીનો અભિન્ન હિસ્સો છે. સવાલો પૂછવા બદલ વિદ્યાર્થીઓને સજા આપવાની વાત તો દૂર તેમને ધમકાવી પણ ના શકો.દિલ્હી લો યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં સંબોધન આપતી વખતે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને વિદ્યાર્થીઓના બચાવમાં મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે સવાલો પૂછવા તે નાગરિકતા, લિબર્ટી અને બંધારણીય જવાબદારીનો અત્યંત મહત્વનો હિસ્સો છે. એવામાં સવાલો પૂછવા કે અલગ અભિપ્રાય કે વિચાર ધરાવવા બદલ વિદ્યાર્થીઓની સામે કોઇ પણ પ્રકારની કાર્યવાહી કરવી તે ગેરબંધારણીય છે. સવાલો પૂછવા બદલ વિદ્યાર્થીઓને ધમકાવી પણ ના શકો. સુપ્રીમના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાન બંધારણીય લોકશાહીમાં અસંમતિ, સહિષ્ણુતા, વિચારોની સ્વતંત્રતા પર વાત કરી રહ્યા હતા ત્યારે તેમણે આ નિવેદન આપ્યું હતું. જસ્ટિસ ભુયાને વધુમાં કહ્યું હતું કે લોકશાહીમાં સવાલો પૂછવા એ આજ્ઞાનું ઉલ્લંઘન ના ગણાય, સવાલો પૂછવા બંધારણીય જવાબદારી છે. એવામાં જો કોઇ વિદ્યાર્થી સત્તા સામે સવાલ પૂછે અથવા અલગ વિચારો ધરાવે તો તેમને ડરાવી ધમકાવી ના શકાય. સજા આપીશું કહીને ધમકાવી ના શકો. આવુ કરવું તે ગેરબંધારણીય અને સત્તાનો દુરુપયોગ ગણાશે. અસંમતિ પ્રત્યે સહિષ્ણુતા રાખવી લોકશાહીનો મહત્વપૂર્ણ ભાગ છે. જસ્ટિસ ભુયાને વધુમાં કહ્યું હતું કે બંધારણીય લોકશાહીમાં સત્તામાં બેઠેલા લોકોએ નાગરિકોનો અવાજ સાંભળવો પડે, નાગરિકોએ એકબીજાને સાંભળવા પડે.

## કોંગ્રેસ ભડકી | ક્રેન વડે પ્રતિમા ઉખાડી જંગલમાં ફેંકી, દોષિતોની ધરપકડની માગ

# દેશના પ્રથમ PM જવાહરલાલ નહેરુની પ્રતિમા ખંડિત કરી બંગાળના જંગલોમાં ફેંકી દેવાઇ

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.31

પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુની પ્રતિમા ક્રેન વડે ઉખાડી, જંગલમાં ફેંકી દેવાઈ. હર્ષવર્ધન પ્રાઇમરી સ્કૂલ નજીક બનેલી આ ઘટનાથી ભારે વિવાદ સર્જાયો છે. કોંગ્રેસે આ કૃત્યની સખત નિંદા કરી, પોલીસ ફરિયાદ નોંધાવી છે. દોષિતો સામે કડક કાર્યવાહી અને પ્રતિમા પુનઃસ્થાપિત કરવાની માંગ સાથે રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.પશ્ચિમ બંગાળના દુર્ગાપુર જિલ્લામાં દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુની પ્રતિમા ઉખાડીને જંગલમાં ફેંકી દેવાનો મામલો સામે આવતાં ભારે વિવાદ સર્જાયો છે. આ ઘટનાને પગલે કોંગ્રેસે તીવ્ર રોષ વ્યક્ત કરીને પોલીસ ફરિયાદ નોંધાવી છે તથા દોષિતો સામે કડક કાર્યવાહી સાથે પ્રતિમાને પુનઃ સ્થાપિત કરવાની માગ કરી છે.દુર્ગાપુરમાં આવેલા હર્ષવર્ધન પ્રાઇમરી સ્કૂલ નજીકના મેડિટેશન સેન્ટર સામે સ્થિત પંડિત નેહરુની પ્રતિમાને ક્રેન વડે ઉખાડીને પાસેના જંગલમાં ફેંકી દેવામાં આવી હતી. કોંગ્રેસે આ ઘટનાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી આ કૃત્યની સખત શબ્દોમાં નિંદા કરી છે.પશ્ચિમ બંગાળ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શુભાંકર સરકારે આ ઘટના અંગે ભારે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે વહીવટીતંત્ર પાસે માગ કરી છે કે આ અમાનવીય કૃત્ય કરનાર રાજકીય તત્વોની તરત જ ઓળખ કરી તેમની ધરપકડ કરવામાં આવે અને કાનૂની કાર્યવાહી કરવામાં આવે.કોંગ્રેસ નેતૃત્વએ સ્પષ્ટ કર્યું છે કે રાજકીય મતભેદો હોઈ શકે છે, પરંતુ દેશના પ્રથમ વડાપ્રધાન અને સ્વતંત્રતા સંગ્રામના મહાન નેતાઓનું અપમાન કરવાનો અધિકાર કોઈને નથી. ઈતિહાસ ભૂંસવાનો પ્રયાસ કરનારા લોકો સામે કોંગ્રેસ લોકશાહી ઢબે મજબૂત વિરોધ નોંધાવશે.

જિલ્લા કોંગ્રેસ કમિટીએ શાસન અને વહીવટીતંત્રને



અલ્ટીમેટમ આપ્યું છે કે નેહરુજીની પ્રતિમાને સંપૂર્ણ સન્માન સાથે ફરી તેની મૂળ જગ્યાએ સ્થાપિત કરવામાં આવે. જો દોષિતો સામે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે, તો કોંગ્રેસ રાજ્યવ્યાપી મોટું લોકશાહી આંદોલન શરૂ કરશે.



# સિટી એક્સપ્રેસ

TUESDAY 01 SEPTEMBER-2026

AHMEDABAD


## ભૂવા બની ઠગાઈ આચરતી 'મદારી ગેંગ' ના 2 સાગરિત ઝડપાયા

અમદાવાદ | ભોળા ભક્તોને નિશાન બનાવી માતાજીના ભૂવા બની દાગીના ચોરતી 'મદારી ગેંગ'ના 2 સાગરીતોને ઝોન-7 LCBએ ઝડપ્યા છે. વટવામાં સરનામું પૂછવાના બહાને મહિલાને ફસાવી સોનાની ચેન તારવી લેવાનો ગુનો ઉકેલાયો છે. પોલીસે આરોપી પવનનાથ અને રમેશનાથ પાસેથી ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમની સામે અગાઉ પણ આવા ગુના નોંધાયા છે. ભોળા ભક્તોની શ્રદ્ધાનો લાભ ઉઠાવી માતાજીના ભૂવા હોવાનો ઢોંગ રચીને દાગીની ચોરી કરતી કુખ્યાત 'મદારી ગેંગ' ના બે સાગરીતોને ઝોન-7ની લોકલ ક્રાઈમ બ્રાંચે(LCB) ઝડપી પાડ્યા છે.



# "સ્વાગતમ્ કૃષ્ણ 2026" દ્વારા ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પહોંચ્યો શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો આનંદ અને આધ્યાત્મિક સંદેશ







અમદાવાદ, | તા. 31

ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા શરૂ કરવામાં આવેલી વિશેષ પહેલ "સ્વાગતમ્ કૃષ્ણ 2026" અંતર્ગત ચાંદલોડિયા, અદાણી શાંતિગ્રામ, નિકોલ, કલોલ, સાણંદ અને મણિનગર ખાતે આધ્યાત્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોના માધ્યમથી ભગવાન શ્રીકૃષ્ણના જન્માષ્ટમી પર્વનો આનંદ અને તેમનો આધ્યાત્મિક તથા સાંસ્કૃતિક સંદેશ સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચાડવામાં આવ્યો. "સ્વાગતમ્ કૃષ્ણ 2026" ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજની એક વિશેષ પહેલ છે, જેનો ઉદ્દેશ જન્માષ્ટમીની ઉજવણીને મંદિરની સીમાઓથી બહાર સમાજના વિવિધ વર્ગો સુધી લઈ જવાનો અને ભગવાન શ્રીકૃષ્ણના શાશ્વત આધ્યાત્મિક તથા સાંસ્કૃતિક સંદેશ સાથે લોકોને જોડવાનો છે. આ અંતર્ગત કીર્તન, ભક્તિસંગીત, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, આધ્યાત્મિક સંદેશ તથા વિશેષ જન્માષ્ટમી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. હરેકૃષ્ણ મંદિર, ભાડજના પ્રમુખ શ્રી જગનમોહન કૃષ્ણ દાસજીએ જણાવ્યું હતું કે, "સ્વાગતમ્ કૃષ્ણનો મુખ્ય ઉદ્દેશ લોકોને જન્માષ્ટમીના આનંદમય અને આધ્યાત્મિક અનુભવ સાથે જોડવાનો છે. આ ઉજવણીને વિવિધ વિસ્તારો અને સમાજના લોકો સુધી લઈ જઈને અમારો પ્રયાસ છે કે પરિવારો, બાળકો અને યુવાવર્ગ ભગવાન શ્રીકૃષ્ણના શાશ્વત ઉપદેશો સાથે જોડાય અને કૃષ્ણભાવનામૃતના આનંદનો અનુભવ કરે." ચાંદલોડિયા - સ્થાનિક સમાજ સુધી પહોંચ્યો શ્રીકૃષ્ણનો સંદેશ : ચાંદલોડિયા ખાતે યોજાયેલી ઉજવણીમાં સ્થાનિક પરિવારો અને રહેવાસીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ભક્તિસંગીત, કીર્તન, આધ્યાત્મિક સંદેશ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સૌએ સાથે મળીને જન્માષ્ટમીની ઉજવણી કરી અને ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય પ્રાગટ્યનું આધ્યાત્મિક મહત્વ સમજવાનો અવસર પ્રાપ્ત કર્યો.

# યુવક 18.48 લાખની ચોરી કરી ફરાર થયાં...



### શાહીબાગમાં વેપારીના ઘરે નામ-ઓળખ બદલી ઘરઘાટી તરીકે રહેતો, સિવિલની પુસ્તિકા મળતા નામ બદલ્યું હોવાનો ખુલાસો થયો

અમદાવાદ | શહેરના શાહીબાગ વિસ્તારમાં રહેતા વેપારીના ઘરે મૂળ રાજસ્થાનના યુવકે ઓળખ છુપાવીને ઘરઘાટી તરીકે રહીને 14.48 લાખના સોનાના દાગીના અને ચાર લાખ રૂપિયા રોકડા મળી 18.48 લાખ રૂપિયા ચોરી કરી ફરાર થઈ ગયો છે. ઓળખ છુપાવીને ઘરઘાટી તરીકે રહેનારા યુવકે ચોરી કરી થેલો લઈ ફરાર થતો હોવાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. વેપારીને ઘરની પાછળની જાળી અને તેના રૂમનો દરવાજો ખુલ્લો હોવાની જાણ થઈ હતી અને જે બાદ તેમણે ઘરઘાટીનો સંપર્ક કરતા સંપર્ક થયો ન હતો અને ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. શાહીબાગ પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.

શાહીબાગમાં નવીનચંદ્ર પાર્ક સોસાયટીમાં હિતેશ જૈન તેમના પરિવાર સાથે રહે છે અને ન્યુક્લોથ માર્કેટમાં ભવરલાલ ધનરા નામથી કાપડનો વેપાર કરે છે. મૂળ રાજસ્થાનના ડુંગરપુરમાં અને હાલમાં સુરતના ઉમરગામ ખાતે રહેતો કમલેશ નામનો વ્યક્તિ છેલ્લા સવા મહિનાથી તેમના ત્યાં ઘરઘાટી તરીકે નોકરી કરતો હતો અને મકાનના પાછળના ભાગે રૂમમાં રહેતો હતો. 29 ઓગસ્ટના રોજ હિતેશભાઈના પત્ની કલકત્તા કાપડની ખરીદી કરવા ગયા હતા અને પોતે દુકાને ગયા હતા.

બપોરના સમયે તેઓ દુકાને પહોંચ્યા હતા અને બાદમાં 3:30 વાગ્યાની આજુબાજુ તેમના ફોનમાં ઘરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં જોતા ઘરની પાછળના ભાગે અને કમલેશના રૂમનો દરવાજો ખુલ્લો હતા. જેથી આ બાબતે કમલેશને ફોન કર્યો તો પરંતુ તેનો ફોન લાગ્યો ન હતો. ત્યારબાદ તેમની પત્નીને ફોન કરી અને કહ્યું હતું કે કમલેશ ફોન ઉપાડતો નથી જેથી તેઓએ પણ ફોન કરતા ફોન ઉપાડ્યો ન હતો. પડોશમાં રહેતા વ્યક્તિને હિતેશભાઈએ ફોન કરી અને ઘરના દરવાજા બંધ કરવા કહ્યું હતું ને બાદમાં જ્યારે તેઓ ઘરે આવ્યા ત્યારે જોયું તો ઘરના દરવાજા ખુલ્લા જ હતા.

ઘરમાં તપાસ કરતા રૂમમાં કબાટના દરવાજા અને ડ્રોઅર ખુલ્લું હતું. ધંધાના રોકડા રૂપિયા અને લગ્નમાં તેમ જ પ્રસંગોપાત ખરીદવામાં આવેલા સોનાના દાગીના ગાયબ હતા. સોનાના દાગીના અને રોકડા રૂપિયા 4 લાખની ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. બાકી કોઈ ચીજ વસ્તુની ચોરી થઈ ન હતી.

# એક કાર ચાલકે અચાનક બ્રેક મારતા 5 ગાડી અથડાઈ:તમામ કારને નુકસાન, અખબારનગર અંડરપાસમાં પિક અવર્સ સમયે અકસ્માત



અમદાવાદ | શહેરના અખબારનગર અંડરપાસમાં આજે 31 ઓગસ્ટે પિક અવર્સમાં એક કાર ચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવતી ગાડીઓ એક બાદ એકબીજા સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં 5 ગાડીને નુકસાન થયું હતું. પોલીસે ગાડીઓને રોડની સાઈડમાં કરાવી ટ્રાફિક નિયમન કરાવ્યું હતું. આ અકસ્માત મામલે કાર ચાલકની ફરિયાદ નોંધી તપાસ કરવામાં આવશે.

અખબારનગર અંડરપાસમાં આજે 11 વાગ્યાની આસપાસ વાહનોની અવરજવર ચાલી રહી હતી. ત્યારે એક કાર ચાલકે અચાનક જ બ્રેક મારી હતી. જેના કારણે પાછળથી સ્પીડમાં આવી રહેલી ગાડીઓના ચાલકે પણ બ્રેક મારવી પડી હતી. પરંતુ અચાનક બ્રેક મારવાના કારણે પાછળથી એક બાદ એક પાંચ ગાડીઓ એક બીજા સાથે અથડાઈ હતી. એટલું જ નહીં પાંચ ગાડીઓ બાદ છેલ્લે BRTS બસ પણ અથડાઈ હતી. આ અકસ્માતમાં તમામ ગાડીઓને નુકસાન થયું છે.

અકસ્માતની જાણ થતા ટ્રાફિક પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. વાહનોની અવરજવર વધુ હોવાથી ટ્રાફિક ન થાય તે માટે પોલીસ દ્વારા ગાડીઓ સાઈડમાં કરાવી ટ્રાફિક નિયમન કરવામાં આવ્યું હતું. કઈ કારના કારણે અકસ્માત થયો તે જાણવા ડેશબોર્ડના કેમેરા ચેક કરવામાં આવી રહ્યા છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે ગુનો નોધી તપાસ હાથ ધરવામાં આવશે.

## કૃષ્ણનગરમાં ₹50 લાખની લૂંટ ચલાવનાર વિશાલ તલવાની ઝડપાયો : 7.50 લાખ રોકડા રિકવર કર્યાં



અમદાવાદ | અમદાવાદમાં કૃષ્ણનગરમાં બે મહિના પહેલા કારમાં જઈ રહેલા વેપારી કાકા-ભત્રીજાને આંતરી 50 લાખની લૂંટ ચલાવવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ગેંગના મુખ્ય સૂત્રધાર વિશાલ ઉર્ફે ભાઉ અશોકકુમાર તલવાનીને ઝડપી લીધો છે. ક્રાઈમ બ્રાન્ચે નરોડા વિસ્તારમાંથી વિશાલને ઝડપી તેની પાસેથી 7.30 લાખ રોકડા રિકવર કર્યા છે. આ લૂંટમાં અજુબા તથા તેની પત્ની સહિત ગેંગના અન્ય સાગરીતો પણ સંડોવાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. જો કે અગાઉ અજુબાની પત્નીની પણ ધરપકડ કરવામાં આવી છે, જ્યારે હજુ અન્ય આરોપીઓને ફરાર છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર જેબલીયાની ટીમ દ્વારા લૂંટ અને ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, કૃષ્ણનગર મારુતિ પ્લાઝા પાસે બે મહિના પહેલા કારમાં જઈ રહેલા વેપારી કાકા-ભત્રીજાને આંતરી 50 લાખની લૂંટ ચલાવનાર ગેંગનો મુખ્ય સૂત્રધાર વિશાલ ઉર્ફે ભાવ અશોકકુમાર નરોડા વિસ્તારમાં ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી વિશાલને ઝડપી લીધો હતો અને તેની પાસેથી 7.50 લાખ રોકડા કબજે કર્યા હતા. વિશાલની પ્રાથમિક પૂછપરછ દરમિયાન તેણે પોતાની ગેંગ સાથે મળીને અનેક લૂંટ અને ચોરીના ગુનાઓને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

કૃષ્ણનગરની 50 લાખની લૂંટમાં તેનો મુખ્ય સાગરીત અજુબા હોવાનું સામે આવ્યું છે. અજુબાની પત્ની અગાઉ ઝડપાઈ ચૂકી છે, જ્યારે અન્ય આરોપીઓને ઝડપી પાડવા ક્રાઈમ બ્રાન્ચે તપાસ તેજ કરી છે. વિશાલ તલવાનીની વધુ પૂછપરછ દરમિયાન શહેરમાં બનેલા અનેક લૂંટ અને ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

## 112 કોલિંગના આંકડાથી 'સેફ સિટી' અમદાવાદની પોલ ખુલી, 1 લાખથી વધુ ઝઘડા

અમદાવાદ | અમદાવાદ શહેરની શાંત અને સુરક્ષિત હોવાની વર્ષો જૂની છબી હવે સરકારી ઈમરજન્સી લોગના આંકડા સામે નબળી પડતી દેખાઈ રહી છે. કડક દારૂબંધી અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમના નીચા દર માટે વખણાતા ગુજરાતના આ આર્થિક પાટનગરમાં એક કડવી વાસ્તવિકતા સામે આવી છે: શહેરના જાહેર માર્ગો, રહેણાંક વિસ્તારો અને કોમર્શિયલ હબ સતત શેરી હિંસા, ઝઘડા અને શારીરિક હુમલાઓની ચપેટમાં છે.

ઓગસ્ટ 2025 ના અંતમાં શરૂ થયેલી 112 ઈમરજન્સી હેલ્પલાઈનના 334 દિવસના પોલીસ લોગ ડેટાએ 'સેફ સિટી' ના દાવાઓને ખોટા સાબિત કર્યા છે. જુલાઈ 2026 સુધી નોંધાયેલા કુલ 210,593 ઈમરજન્સી કૉલ્સમાંથી 100,081 કૉલ્સ માત્ર શારીરિક માથાકૂટ, જાહેર ઝઘડા અને હિંસક હુમલાના હતા.

આ આંકડો દર્શાવે છે કે શહેરમાં દર 4.8 મિનિટે એક હિંસક ઝઘડો નોંધાય છે, એટલે કે ચોવીસે કલાક દર કલાકે સરેરાશ 12 થી 13 હિંસક કૉલ આવે છે.

## રાજ્યમાં 12% વરસાદની ઘટ, સૌરાષ્ટ્ર-કચ્છ કોરોધાકોર : આ 3 સિસ્ટમ સક્રિય થતાં 6 સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી...



અમદાવાદ | ચોમાસાની આ સિઝન દરમિયાન સમગ્ર રાજ્યમાં સરેરાશ સામાન્ય કરતાં 12% ઓછો વરસાદ નોંધાયો છે. સમગ્ર ગુજરાત રીજનમાં સામાન્ય કરતાં 3% વધુ વરસાદ થયો છે, પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વરસાદની 33% મોટી ઘટ જોવા મળી છે. જોકે, હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી 7 દિવસ(31 ઓગસ્ટથી 6 સપ્ટેમ્બર સુધી) દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની શક્યતા છે. અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં આગામી દિવસોમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હાલમાં સૌરાષ્ટ્ર અને આસપાસના વિસ્તારમાં 5.8 કિલોમીટરની ઊંચાઈએ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. આ ઉપરાંત ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી અને આસપાસના વિસ્તારમાં વેલ-માર્ક્ડ લો-પ્રેશર એરિયા પણ સક્રિય છે, જે આગામી 24 કલાકમાં ઉત્તર ઓડિશા અને ગંગેટિક પશ્ચિમ બંગાળ તરફ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધવાની શક્યતા છે. દક્ષિણ કે મધ્ય ગુજરાતના કેટલાક ભાગોની સરખામણીએ સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રમાં ચોમાસું ખૂબ નબળું રહ્યું છે. જેમાં દેવભૂમિ દ્વારકા (87% ઘટ), પોરબંદર (71% ઘટ), કચ્છમાં (59% ઘટ) અને જામનગર (58% ઘટ)માં અડધાથી પણ ઓછો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અરવલ્લી, દાહોદ અને સાબરકાંઠા સહિતના ઉત્તર-પૂર્વના જિલ્લાઓમાં પણ 40%થી 44% સુધીની ઘટ જોવા મળી રહી છે.

જે જિલ્લાઓમાં 30%થી વધુ ઘટ છે, ત્યાં આગામી સમયમાં પીવાના પાણીની અછત તેમજ રવિ પાક અને ખેતી માટે સિંચાઈના પાણીની મોટી સમસ્યા ઊભી થઈ શકે છે.

દક્ષિણ ગુજરાતમાં ચોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ સહિતના વિસ્તારોમાં કેટલાક સ્થળોએ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. 3 અને 4 સપ્ટેમ્બરે રાજ્યના ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ વધવાની શક્યતા છે. જ્યારે 5 અને 6 સપ્ટેમ્બરે પણ અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી યથાવત્ છે.

હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે ગુજરાત, દમણ-દીવ અને દાદરા-નગર હવેલીમાં કોઈ ખાસ હવામાન એલર્ટ જાહેર કર્યું નથી. એટલે કે તમામ સાત દિવસ માટે વેધર વોર્નિંગ NIL રાખવામાં આવી છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન 33.9 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26.8 ડિગ્રી નોંધાયું છે. જ્યારે 1 જૂનથી અત્યાર સુધી અમદાવાદમાં કુલ 595.3 મીમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં 2% ઓછો છે.

## ડિફેન્સ-બેંકના અધિકારીની ઓળખ આપી લાખોની છેતરપિંડી : શાહીબાગ આર્મી કેન્ટોનમેન્ટમાં બેટ-બોલ મોકલવાનું કહી 3.24 લાખ પડાવી લીધા

અમદાવાદ | સાયબર ગઠિયાઓ ડિફેન્સના અધિકારી અને ખાનગી બેંકના અધિકારી બની નાગરિકોને અલગ અલગ બહાના હેઠળ પૈસા ટ્રાન્સફર કરાવીને છેતરપિંડી કરતા હોવાના કિસ્સાઓ બની રહ્યા છે. શાહીબાગ વિસ્તારમાં રહેતા અને અસારવામાં સ્પોર્ટ્સના સાધનોનું વેચાણ કરનાર વેપારીને 15 ઓગસ્ટના રોજ ગિફ્ટ માટે 30 બેટ અને બોલના સાધનો આપવાના હોવાનું કહીને માલ મંગાવી લીધો હતો. ત્યારબાદ પેમેન્ટ થતું નથી જેથી અલગ અલગ પેમેન્ટ કરાવી કુલ 3.24 લાખ રૂપિયા બેન્ક એકાઉન્ટમાં મેળવી લીધા હતા. જ્યારે નિકોલ વિસ્તારમાં રહેતા વેપારીને પણ બેંકના કર્મચારીની ઓળખ આપી KYCના નામે ડેબિટ કાર્ડની વિગતો મેળવીને 4.57 લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. પોલીસે બન્ને કિસ્સામાં ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

શહેરના શાહીબાગ વિસ્તારમાં શુભ પ્રયોગ સોસાયટીમાં રહેતા અને અસારવામાં કેસીનો સ્પોર્ટ્સ નામથી વેપાર કરતાં પ્રદીપ જૈને 14 ઓગસ્ટના રોજ દીપક પવાર નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો અને પોતે આર્મી કેન્ટોનમેન્ટમાંથી વાત કરે છે તેમ કહી 15 ઓગસ્ટના રોજ ગિફ્ટ આપવા 30 બેટ-બોલની તાત્કાલિક જરૂરિયાત છે. તેણે ડિફેન્સનું આઈકાર્ડ આધારકાર્ડ અને કેન્ટીનનું સ્માર્ટ કાર્ડ મોકલી અને કેન્ટોનમેન્ટના ગેટ નંબર એક પાસે સામાન લઈને આવી ફોન કરવા જણાવ્યું હતું. પ્રદીપભાઈ તેમની વિશ્વાસમાં આવી ગયા હતા અને ત્યારબાદ તેમણે 84 હજારનો માલ મોકલી આપ્યો હતો. ત્યાં જઈને ફોન કરતા આ પેમેન્ટ માટે ઉપરી અધિકારી મેજર કુલદીપસિંહ તેમને મોકલી આપશે અને ત્યારબાદ તેઓએ પેમેન્ટ પ્રોસેસ કરવાના નામે પહેલા પાંચ રૂપિયા અને બાદમાં 10 રૂપિયા મંગાવ્યા હતા. 84900નું તેઓએ પેમેન્ટ કરી દીધું છે ટેકનિકલ કારણોસર નથી બતાવતું એમ કહી અને બાદમાં બીજું 14, 900નું પેમેન્ટ કરાવડાવ્યું હતું. વધુ એક વાર ટેકનિકલ કારણોસર પેમેન્ટ નથી બતાવતું તેમ કહી અને તેમની પાસેથી બીજા 40,000 પણ એકાઉન્ટમાં નંખાવ્યા હતા. આ રીતે કુલ 2.24 લાખ રૂપિયા આપ્યા હતા. આ પૈસા કુલદીપસિંહે પરત કરી દીધા છે એમ કહી અને તેમને વોટ્સએપમાં પેમેન્ટ અંગેનો સ્ક્રીનશોટ મોકલ્યો હતો જેથી તેઓ વિશ્વાસમાં આવી ગયા હતા. પરંતુ ત્યારબાદ આ બાબતે તપાસ કરતા આર્મી કેન્ટોનમેન્ટમાં તપાસ કરાવતા આવા કોઈ વ્યક્તિઓ હોતા નથી અને તેઓ કોઈ માલ નથી મંગાવતા તેમ જાણવા મળતા સાઈબર ફ્રોડને લઈ તેઓએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બીજી તરફ નિકોલ વિસ્તારમાં રહેતા અને મુક્તિધામ એસ્ટેટમાં એમ્બ્રોડરીનો વેપાર કરનારા હરેશભાઈ પાલડીયાના મોબાઈલ ફોન ઉપર ફોન આવ્યો હતો કે તેઓ ઈન્ડસ્ટંડ બેંકમાંથી વાત કરે છે અને તમારા બેંક એકાઉન્ટનું કેવાયસી બાકી છે જેથી ખાતું બંધ થઈ જશે. બેંકના કર્મચારી હોવાનું જાણવા વીડિયો કોલ કરાવ્યો હતો .

## મશીનરી અને સ્પેરપાર્ટ્સ બનાવતી ફેક્ટરીમાંથી તસ્કરો તિજોરી અને લોકર પણ ઉઠાવી ગયા...




અમદાવાદ | અમદાવાદના કઠવાડા GIDC વિસ્તારમાં આવેલી એક મશીનરી ફેક્ટરીનું શટર તોડીને તસ્કરો ઓફિસમાં મુકેલા રોકડા 20 લાખ ભરેલી તિજોરી અને લોકર ચોરીને ફરાર થઈ ગયા છે. ગત 25 ઓગસ્ટની રાત્રે બનેલી આ ઘટના અંગે ફેક્ટરીના માલિક નિકોલ રહેવાસી રવિભાઈ પંચાલે અજાણ્યા ચોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

નિકોલમાં રહેતા રવિભાઈ પંચાલ કઠવાડા GIDCમાં મશીનરી અને સ્પેરપાર્ટ્સ બનાવવાની ફેક્ટરી ધરાવે છે. તેમણે છેલ્લા છ મહિના દરમિયાન ફેક્ટરીના ખર્ચ માટે બેંકમાંથી તબક્કાવાર રોકડા 20 લાખ ઉપાડી ઓફિસમાં આવેલી તિજોરી અને લોકરમાં રાખ્યા હતા. ગત 25 ઓગસ્ટે માલિક ફેક્ટરી બંધ કરીને ઘરે ગયા બાદ વહેલી સવારે સિક્યુરિટી ગાર્ડે શટર તૂટ્યું હોવાની જાણ કરી હતી. રવિભાઈ અને તેમના ભાગીદારોએ સ્થળ પર પહોંચી તપાસ કરતા ચોરો શટર અને ઓફિસનું લોક તોડી આખી તિજોરી તથા લોકર જ ઉઠાવી ગયા હોવાનું બહાર આવ્યું હતું. આ ઘટના બાદ વેપારીની ફરિયાદના આધારે નિકોલ પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.